RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 218 Dt. 21-2-2025 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




# કોંગ્રેસ, સપા અને બસપાએ સંયુક્ત રીતે ચૂંટણી લડી હોત તો ભાજપ ન જીતત : રાહુલ

## ઉત્તર પ્રદેશમાં આગામી ચૂંટણીના સમીકરણોને લઈને રાજકીય ચર્ચા અને અટકળો તેજ : રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓને આપ્યો જન્મ



નવીદિલ્હી, તા. ૨૦

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે રાયબરેલીની મુલાકાત દરમિયાન મોટો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે કોંગ્રેસે બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીને ૨૦૨૪ની ચૂંટણીમાં સાથે મળીને લડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ માયાવતીએ આ પ્રસ્તાવને ફગાવી દીધો હતો. રાહુલ ગાંધીએ કહ્યું કે જો કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બસપા એક થઈને ચૂંટણી લડ્યા હોત તો ભાજપની જીત શક્ય ન બની હોત. આ નિવેદન સાથે ઉત્તર પ્રદેશમાં આગામી ચૂંટણીના સમીકરણોને લઈને રાજકીય ચર્ચા અને અટકળો તેજ થઈ ગઈ છે.

રાહુલ ગાંધીએ રાયબરેલીમાં એક દલિત છોકરાના પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું કે કોંગ્રેસે માયાવતીને ભાજપ સામે એકત્ર થવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ કોઈને કોઈ કારણોસર માયાવતીએ ચૂંટણી ગઠબંધનને ફગાવી દીધું હતું. રાહુલે કહ્યું, ''અમને દુઃખ છે કે જો ત્રણેય પક્ષો સાથે મળીને ચૂંટણી લડ્યા હોત તો બીજેપી ક્યારેય જીતી શકી ન હોત.'' તેમણે વધુમાં કહ્યું કે માયાવતીએ હંમેશા દલિત સમુદાય માટે સારું કામ કર્યું છે, પરંતુ હવે તે યોગ્ય રીતે ચૂંટણી લડી રહી નથી.

ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ સાથે મળીને વિધાનસભાની ચૂંટણી લડી હતી, જ્યારે બસપાએ એકલા હાથે ચૂંટણી લડી હતી અને ભાજપનો વિજય થયો હતો. દરમિયાન, રાહુલ ગાંધી માને છે કે માયાવતીનું ચૂંટણી પ્રદર્શન નબળું રહ્યું છે, ખાસ કરીને ૨૦૨૨ની યુપી વિધાનસભા ચૂંટણી અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં. તેમણે કહ્યું કે માયાવતીના પક્ષમાંથી અસરકારક ચૂંટણી વ્યૂહરચનાનો અભાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓને જન્મ આપ્યો છે. બસપા સાથેના ગઠબંધનને લઈને પહેલાથી જ ઘણા પ્રશ્નો ઉભા થયા હતા, પરંતુ રાહુલના ખુલાસા બાદ આ ચર્ચા વધુ વધી ગઈ છે. હવે સવાલ એ થાય છે કે શું ભવિષ્યમાં કોંગ્રેસ અને બસપા વચ્ચે ગઠબંધનની કોઈ શક્યતા છે? આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ રાહુલ ગાંધીના આ નિવેદનને રાજકીય દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. માયાવતીને લઈને એક વિદ્યાર્થીના સવાલના જવાબમાં તેમણે કહ્યું કે, મને કહો કે માયાવતી અત્યારે કેમ યોગ્ય રીતે ચૂંટણી નથી લડી રહી. પહેલા તે અમારી જેમ ભાજપ સામે ચૂંટણી લડતી હતી પરંતુ હવે તે ભાજપની બી ટીમની જેમ લડી રહી છે. અમે ઈચ્છીએ છીએ કે સપા, બસપા અને કોંગ્રેસ મળીને ભાજપ સામે ચૂંટણી લડે. જો આપણે ત્રણેય ભેગા થઈએ તો ભાજપને હરાવી શકીશું. અહીંથી રાહુલ ગાંધી ઉત્તરપારા પહોંચ્યા જ્યાં તેમણે મહિલાઓ સાથે વાતચીત કરી અને હવે તેઓ રાણા બેની માધવ સિંહની પ્રતિમાનું અનાવરણ કરવા શંકરપુર પહોંચી રહ્યા છે.

# લુટેલા હથિયારો સરકારને સોંપોઃ ભલ્લા

## રાજ્યના તમામ સમુદાયોએ દુશ્મનાવટનો અંત લાવવા અને સમાજમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે આગળ આવવું જોઈએ



નવીદિલ્હી, તા. ૨૦

મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ હિંસાગ્રસ્ત રાજ્યના લોકોને સાત દિવસની અંદર સ્વૈચ્છિક રીતે લૂંટેલા અને ગેરકાયદેસર રીતે રાખેલા હથિયારો સોંપવા વિનંતી કરી છે. રાજ્યપાલે ખાતરી આપી હતી કે આ સમયગાળા દરમિયાન જે લોકો તેમના શસ્ત્રો સમર્પણ કરશે તેમની સામે કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે નહીં. જો કે, તેમણે એમ પણ કહ્યું કે સાત દિવસનો સમયગાળો પૂરો થયા બાદ કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યપાલ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ખીણ અને પહાડી બંને વિસ્તારોમાં મણિપુરના લોકો શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દને અસર કરતી કમનસીબ ઘટનાઓને કારણે છેલ્લા ૨૦ મહિનાથી ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે રાજ્યના તમામ સમુદાયોએ દુશ્મનાવટનો અંત લાવવા અને સમાજમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે આગળ આવવું જોઈએ, જેથી લોકો તેમના રોજિંદા કાર્યોમાં પાછા આવી શકે.

આ સંદર્ભે, હું તમામ સમુદાયોના લોકોને, ખાસ કરીને ખીણ અને પહાડીઓના યુવાનોને સ્વેચ્છાએ આગળ આવવા અને આજથી આગામી સાત દિવસમાં નજીકના પોલીસ સ્ટેશનો/ચોકીઓ અથવા સુરક્ષા દળોના કેમ્પમાં લૂંટેલા અને ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલા હથિયારો અને દારૂગોળો સોંપવા માટે હાર્દિક અપીલ કરું છું. રાજ્યપાલે કહ્યું કે હથિયારો પરત કરવાનું આ પગલું શાંતિ જાળવવા માટે અસરકારક પગલું હોઈ શકે છે. ''હું તમને ખાતરી આપું છું કે જો આવા હથિયારો નિર્ધારિત સમયની અંદર પરત કરવામાં આવશે, તો કોઈ શિક્ષાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવશે નહીં,'' તેમણે કહ્યું. આ પછી, આવા હથિયાર રાખવા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

એન. બીરેન સિંહે મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યા બાદ પૂર્વોત્તર રાજ્યમાં અનિશ્ચિતતા હતી. આ પછી, કેન્દ્રએ ૧૩ ફેબ્રુઆરીએ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદ્યું. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ મણિપુર વિધાનસભા ભંગ કરી દેવામાં આવી છે, જેનો કાર્યકાળ ૨૦૨૭ સુધીનો છે. રાજ્યપાલે કહ્યું કે રાજ્યના તમામ સમુદાયોએ દુશ્મનાવટનો અંત લાવવા અને સમાજમાં શાંતિ જાળવવા માટે આગળ આવવું જોઈએ, જેથી લોકો તેમની સામાન્ય દિનચર્યામાં પાછા આવી શકે. તેમણે કહ્યું, 'આ સંદર્ભે, હું તમામ સમુદાયના સભ્યોને, ખાસ કરીને ખીણ અને પહાડી વિસ્તારોના યુવાનોને સ્વેચ્છાએ આગળ આવવા અને આજથી આગામી સાત દિવસમાં નજીકના પોલીસ સ્ટેશન/ચોકી/સુરક્ષા દળોના કેમ્પમાં લૂંટેલા અને ગેરકાયદેસર રીતે મેળવેલા હથિયારો અને દારૂગોળો સોંપવા માટે નિષ્ઠાપૂર્વક વિનંતી કરું છું.'

# સંભલ હિંસાની તપાસ પૂર્ણ

## ૩ હજારથી વધુ પાનાની ચાર્જશીટ દાખલ : હિંસામાં સામેલ લોકોના નામ, તેમની ભૂમિકાની વિગતો, સીસીટીવી ફૂટેજ, વીડિયો ક્લિપ્સ અને અન્ય પુરાવા સામેલ

નવીદિલ્હી, તા. ૨૦

SITએ સંભલ હિંસાની તપાસ પૂર્ણ કરી છે. ટીમે ત્રણ હજારથી વધુ પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. સાંસદ ઝિયા ઉર રહેમાન બારક સદરના ધારાસભ્ય પુત્ર સુહેલ ઈકબાલ સહિત ૩૭ આરોપીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. ચાર્જશીટમાં હિંસામાં સામેલ લોકોના નામ, તેમની ભૂમિકાની વિગતો, સીસીટીવી ફૂટેજ, વીડિયો ક્લિપ્સ અને અન્ય પુરાવા સામેલ છે. જેમાં ૨૫૦૦થી વધુ અજાણ્યા આરોપીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. દિવાલો પર ૭૪ લોકોના ફોટોગ્રાફ ચોંટાડવામાં આવ્યા છે.

૨૪ નવેમ્બરે જામા મસ્જિદની અંદર સર્વે દરમિયાન નખાસા પોલીસ સ્ટેશન વિસ્તારના હિંદુપુર ખેડામાં મસ્જિદની આસપાસના વિસ્તારમાં હિંસા થઈ હતી. આ હિંસામાં ૪ લોકોના મોત થયા હતા. તોફાનીઓએ ૮ વાહનો સળગાવી દીધા હતા. બદમાશો દ્વારા કરવામાં આવેલા પથ્થરમારામાં ચાર અધિકારીઓ અને ૨૦ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. દરમિયાન, આંતર-રાજ્ય વાહન ચોરી ગેંગના લીડર શારિક સતાનો મુખ્ય કાવતરાખોરોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સાંસદ ઝિયા ઉર રહેમાન બારક સદરના ધારાસભ્ય પુત્ર સુહેલ ઈકબાલ સહિત ૩૭ આરોપીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ૨૫૦૦થી વધુ અજાણ્યા આરોપીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પોલીસે પથ્થરબાજોના ૪૫૦ આરોપીઓની તસવીરો પણ જાહેર કરી છે. દિવાલો પર ૭૪ લોકોના ફોટોગ્રાફ ચોંટાડવામાં આવ્યા છે. સંભલ હિંસા કેસના આરોપી ગુલામની ધરપકડ કરવામાં આવી છે. શાહી જામા મસ્જિદ હિંસાના મામલામાં દરરોજ એક નવો વળાંક જોવા મળી રહ્યો છે પોલીસે ચાર સીટો એકત્રિત કરવા માટે દરેક બાબત પર નજર રાખી છે.

# દિલ્હી CM શપથવિધિ

# ગૃહ - નાણા વિભાગ રેખા ગુપ્તા પાસે

## સાહિબ સિંહ, મનજિંદર સિંહ સિરસા, રવિન્દ્ર કુમાર ઈન્દ્રરાજ, આશિષ સૂદ અને પંકજ કુમાર સિંહનો કેબિનેટમાં સમાવેશ






નવીદિલ્હી, તા. ૨૦

રેખા ગુપ્તાએ ગુરુવાર, ૨૦ ફેબ્રુઆરીએ રામલીલા મેદાનમાં આયોજિત ભવ્ય સમારોહમાં દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ તેમને પદના શપથ લેવડાવ્યા હતા. સાહિબ સિંહ ઉપરાંત રાજૌરી ગાર્ડન મતવિસ્તારમાંથી મનજિંદર સિંહ સિરસા, બવાનાથી રવિન્દ્ર કુમાર ઈન્દ્રરાજ, જનકપુરીથી આશિષ સૂદ અને વિકાસપુરીથી પંકજ કુમાર સિંહને પણ મુખ્યમંત્રી રેખા ગુપ્તાની કેબિનેટમાં સ્થાન મળ્યું છે. દિલ્હીમાં ભાજપ સરકારના શપથ બાદ મંત્રીઓ વચ્ચે વિભાગોની વહેંચણી કરવામાં આવી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સીએમ રેખા ગુપ્તાએ ગૃહ અને નાણા વિભાગ પોતાની પાસે રાખ્યા છે. અઅઙ પ્રમુખ અને દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલને કારમી હાર આપનાર પ્રવેશ સાહિબ સિંહ વર્માને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. તેમને શિક્ષણ, પરિવહન અને ઙ્ઠઉની જવાબદારી સોંપવામાં આવી છે. મુખ્યમંત્રી પદની રેસમાં પ્રવેશનું નામ આગળ હતું. જોકે, ભાજપે રેખા ગુપ્તાને પ્રાધાન્ય આપ્યું હતું. આશિષ સૂદ અને કપિલ મિશ્રાને મહત્વની જવાબદારી મળી છે

રવિન્દ્ર કુમાર ઈન્દ્રરાજને સમાજ કલ્યાણ, એસસી-એસટી બાબતો અને શ્રમ વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે. કરવલ નગરના બીજેપી ધારાસભ્ય અને દિલ્હીના મંત્રી કપિલ મિશ્રાને પાણી, પર્યટન, કલા અને સંસ્કૃતિનો પોર્ટફોલિયો આપવામાં આવ્યો છે. શીખ ચહેરા મનજિંદર સિંહ સિરસાને આરોગ્ય, શહેરી વિકાસ અને ઉદ્યોગ મંત્રી બનાવવામાં આવ્યા છે. પંકજ કુમાર સિંહને કાયદો, કાયદાકીય કાર્ય અને નિવાસની જવાબદારી સોંપવામાં આવી છે. ભાજપના નેતા આશિષ સૂદને મહેસૂલ, પર્યાવરણ, ખાદ્ય અને નાગરિક પુરવઠાના વિભાગો આપવામાં આવ્યા છે. ભાજપે ચૂંટણીમાં શાનદાર જીત નોંધાવી હતી ૫ ફેબ્રુઆરીએ યોજાયેલી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ જંગી જીત મેળવી હતી. આમાં પાર્ટીએ ૭૦માંથી ૪૮ બેઠકો જીતી અને અરવિંદ કેજરીવાલની આગેવાનીવાળી આમ આદમી પાર્ટીના દાયકા લાંબા શાસનનો અંત આણ્યો. અઅઙને માત્ર ૨૨ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. કોંગ્રેસ પાર્ટી આ ચૂંટણીમાં ખાતું પણ ખોલાવી શકી નથી. નવી શપથ લેનાર રેખા ગુપ્તા પણ મદન લાલ ખુરાના, સાહિબ સિંહ વર્મા અને સુષ્મા સ્વરાજ પછી દિલ્હીના ચોથા બીજેપી મુખ્યમંત્રી છે.

૫૦ વર્ષની ઉંમરે, તેણીને તમામ ભાજપ શાસિત રાજ્યોમાં એકમાત્ર મહિલા મુખ્યમંત્રી બનવાનું ગૌરવ છે. હવે 'શીશમહેલ'નું શું થશે? શપથ લેતા પહેલા રેખા ગુપ્તાએ કરી મોટી જાહેરાત.

### એક પણ દિવસ વ્યર્થ કરવામાં નહીં આવે : રેખા ગુપ્તા

**રેખા ગુપ્તાએ કહ્યું, આજે અમે સચિવાલય આવ્યા છીએ અને મુખ્યમંત્રી કાર્યાલયનો ચાર્જ સંભાળી લીધો છે. ગઈકાલે સાંજે કેબિનેટની બેઠક નક્કી કરવામાં આવી છે. વિકસિત દિલ્હીના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સતત કામ કરવામાં આવશે. એક પણ દિવસ વ્યર્થ જવા દેવામાં આવશે નહીં. અમે દિલ્હીને આપેલા દરેક વચનને પૂર્ણ કરીશું, રેખા ગુપ્તાએ એક ન્યૂઝ ચેનલને કહ્યું કે જો નીતિ અને ઈરાદા સ્પષ્ટ હોય તો તમામ કામ પૂર્ણ થઈ શકે છે. તેમણે કહ્યું કે દિલ્હીની જનતાને આપેલા દરેક વચનને મોદીની નીતિ, ઈરાદા અને ૪૮ ધારાસભ્યોની ટીમ દ્વારા પૂર્ણ કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપની ટોચની નેતાગીરીએ મારા જેવા સામાન્ય કાર્યકરને દિલ્હીની જનતાની આકાંક્ષાઓને પૂર્ણ કરવાની જવાબદારી સોંપી છે. આ માટે હું દિવસ-રાત મહેનત કરીશ. હું, મારા કેબિનેટ સાથીદારો સાથે, વિકસિત દિલ્હીના સંકલ્પને સાકાર કરવા માટે તમામ પ્રયાસો કરીશ.**

મશીનમાં ફસાઇ જતાં ગળાટૂંપો આવી જવાથી મોત થયાની જાહેર થયેલી ઘટનામાં ખળભળાટ મચાવતી હકિકત ખુલી

# સમલૈંગિક સાથીને મિત્રએ જ ગળાટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી દીધો હતો!



**બંને શરીર સંબંધ બાંધતા તેના મોબાઇલમાં વિડીયો બનાવતાં હતાં: હત્યાનો ભોગ બનનાર વિડીયો ડિલીટ નહોતો કરતો એટલે સાથીદારે પતાવી દઇ આકસ્મિક મૃત્યુની એલીબી ઉભી કરી: પરંતુ પોલીસે ભેદ ઉકેલી નાંખ્યો**

રાજકોટ: હત્યાની સતત બની રહેલી ઘટનાઓમાં મોટા ભાગે તો પોલીસ તુરત જ ઘટનાનો ભેદ ઉકેલી હત્યારાને શોધી કાઢતી હોય છે. પરંતુ અમુક બનાવ પોલીસ માટે મર્ડર મિસ્ટ્રી બની જતાં હોય છે. અમુક એવી ઘટના હોય છે જેમાં શરૂઆતમાં તો બનાવ આકસ્મિક લાગતો હોય છે. પરંતુ વિશેષ તપાસ થાય તો ખળભળાટ મચાવતી મિસ્ટ્રી ખુલતી હોય છે. આવી જ એક ઘટનાનો પર્દાફાશ થયો છે. જેમાં એમ્બ્રોડરી મશીનમાં કારીગરનું માથું ફસાઇ જવાથી મોતની ઘટના જાહેર થઇ હતી. પોલીસે શરૂઆતમાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી તપાસ કરી હતી. પણ આગળ જતાં ચોંકાવનારી વિગતો ખુલી હતી. સમલૈંગિક સંબંધ બાંધ્યાનો વિડીયો ડિલીટ ન કરતાં આ કારીગરને તેના જ સાથીદારે મોતને ઘાટ ઉતારી દીધાનું ખુલતાં ચકચાર મચી ગઇ હતી.

મર્ડર મિસ્ટ્રી પર નજર કરીએ તો સુરતના કતારગામ વિસ્તારમાં થોડા દિવસો અગાઉ એમ્બ્રોઇડરી મશીનમાં માથું ફસાઈ જતાં ફાયરના જવાનોએ મહામહેનતે કારીગરને બહાર કાઢી સારવાર અર્થે ખસેડ્યો હતો, જોકે તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ ઘટના ઘટી ત્યારે કારીગરના મોતને આકસ્મિક મોત સમજવામાં આવતું હતું, જોકે પોલીસ તપાસમાં કારીગરના મોતમાં નવો ઘટસ્ફોટ થયો હતો. કારીગરનું મોત આકસ્મિક ઘટનાના કારણે નહીં, પણ સાથીકર્મીએ ગળું દબાવવાના કારણે થયું છે. તપાસમાં એ પણ સામે આવ્યું હતું કે મૃતક અને આરોપી બંને વચ્ચે સમલૈંગિક સંબંધ હતા. આદમી આદમીને પ્રેમ કરતો હોઇ એટલે કે આ બંને સમલૈંગિક શરીર સંબંધ બાંધતા હોય તેવા વિડીયો મોબાઇલ ફોનમાં રેકોર્ડ કરાયા હતાં. આ વિડીયો ડિલિટ કરવા બાબતે માથાકુટ શરૂ થઇ હતી અને વાત હત્યા સુધી પહોંચી હતી.

હત્યાનો ભોગ બનનારના ભાઈએ કતારગામ પોલીસ મથકમાં હત્યાનો ગુનો નોંધાવ્યો હતો, જેથી કતારગામ પોલીસે તપાસ હાથ ધરી હતી. આ ગુનામાં સાથે કામ કરતા કારીગરે જ મૃતકનું પહેલા ગળું દબાવ્યું હતું અને ત્યાર બાદ હત્યાને આકસ્મિત મોતમાં ખપાવી દેવાનું રટણ કર્યું હતું, જોકે પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી હત્યારાની ધરપકડ કરી લીધી હતી. કતારગામ જૂની જીઆઇડીસીની વિશ્વકર્મા સોસાયટીમાં એમ્બ્રોઈડરીના કારખાનામાં રહેતો ૨૫ વર્ષીય કારીગર મશીન પર કામ કરતો હતો એ દરમિયાન અન્ય કારીગરો આવ્યા ત્યારે આ કારીગર મશીનના પેન્ટોગ્રાફમાં ગળાના ભાગેથી ફસાયેલી હાલતમાં મળ્યો હતો. કારખાનાનો ગ્રિલનો દરવાજો અંદરથી બંધ હતો. આખરે આ કારીગરને ફસાયેલો જોઈને કારીગરોએ આ બાબતે ફાયરબ્રિગેડને જાણ કરી હતી. ફાયરબ્રિગેડે તેને બહાર કાઢ્યો હતો, પણ બચાવી શકાયો નહોતો. કારીગરનો ગળાનો ભાગ મશીનમાં ફસાઈ જતાં ફાંસો લાગીને તેનું રાત્રે જ મોત થઈ ગયું હતું એવું માનવામાં આવતું હતું, જોકે બનાવની જાણ થતાં કતારગામ પોલીસ હોસ્પિટલ દોડી ગઈ હતી અને વધુ તપાસ શરૂ કરી હતી અને ભેદ ખુલ્યો હતો.

પોલીસે જાહેર કર્યા અનુસાર રજબઅલી ઝફીરુદ્દીન અન્સારી મૃતક કારીગરની સાથે રહેતો હતો અને પોલીસ જ્યારે તપાસ કરી રહી હતી ત્યારે પીએમ કરાવવાની ના પાડતો હતો. બીજી તરફ મૃતકનો મોબાઇલ સ્વિચ ઓફ હતો, એ ઓન કર્યો તો એમાં ૬૦ ટકા બેટરી ચાર્જ હોવાનું જાણવા મળ્યું હતું. એ સિવાય જ્યારે પોલીસ પંચનામું કરી તપાસ કરતી હતી ત્યારે રજબઅલી મૃતકનો ફોન વારંવાર માગતો હતો. આ ઘટના બાદ તે બિહાર જતો રહ્યો હતો, જેથી પોલીસની ટીમ બિહાર ગઈ હતી અને પૂછપરછ માટે તેને સુરત લઈ આવ્યા હતા. આરોપીની કડક પૂછપરછ કરતાં તે ભાંગી પડ્યો હતો અને કારીગરની હત્યા પોતે કરી હોવાનું કબૂલ્યું હતું આરોપી રજબઅલી ઝફીરૂદ્દીન અન્સારીએ પૂછપરછમાં જણાવ્યું હતું કે પોતે અને મૃતક બંને છેલ્લાં ત્રણ વર્ષથી સાથે જ રહેતા હતા, જેમાં મૃતકે તેના મોબાઈલ ફોનમાં આરોપી સાથે સમલૈંગિક શરીરસંબંધ બાંધતા હોવાના વીડિયો ઉતાર્યા હતા. જે વીડિયો આરોપી દ્વારા ડિલિટ કરવા માટે મૃતકને અવારનવાર કહ્યું હતું, પરંતુ તે વીડિયો ડિલિટ કરતો નહોતો, જેથી મૃતક જે જગ્યાએ કામ કરતો હતો ત્યાં જઈ તેને વીડિયો ડિલિટ કરવા માટે કહ્યું હતું, પરંતુ તેણે તેનો મોબાઇલ સંતાડી દીધો હતો. આ પછી માથાકુટ થતાં લોખંડની પટ્ટીથી ગળાટુંપો દઇ મારી નાખી મૃતક અકસ્માતે મશીનમાં ફસાઇ ગયો હોય તેવી એલીબી ઉભી કરવા લાશ ગોઠવી ભાગી ગયો હતો.

# મનપાએ ફરિયાદો માટે શોર્ટકોડ ૧૫૫૩૦૪ કર્યો લોન્ચ

## અલગ અલગ નંબરને બદલે તમામ ફરિયાદોની નોંધણી સમગ્ર દેશમાં એક જ કોમન નંબર દ્વારા કરી શકાય તેવી વ્યવસ્થા શરૂ કરવામાં આવી

રાજકોટ, તા. ૨૦

હાલમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહાનગરપાલિકાની વિવિધ સેવાઓને લગત નાગરિકોની ફરિયાદોની નોંધણી માટે વર્ષ ૨૦૦૮થી અમીનમાર્ગ ખાતે ૨૪ હ્ર ૭ કોલ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. જેમાં વાર્ષિક ૩.૭૫ લાખ ફરિયાદો નોંધવામાં આવે છે. આ માટે મહાનગરપાલિકા દ્વારા લેન્ડલાઈન નંબર ૦૨૮૧ ૨૪૫૦૦૭૭ કે જેમાં ૦૫ હન્ટીંગ લાઈન સામેલ છે તેમજ ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ પર શહેરનાં નાગરિકો ફોન દ્વારા તેઓની મહાનગરપાલિકાની સેવાઓ અંગે ફરિયાદો નોંધાવી શકે છે તે પ્રકારની વ્યવસ્થા અમલમાં મુકેલ છે.

### સેવાનાં મુખ્ય મુદ્દાઓ

- **સમગ્ર દેશમાં એક જ શોર્ટ કોડ નંબર ૧૫૫૩૦૪ દ્વારા મહાનગરપાલિકાઓની સેવાઓ અંગેની ફરિયાદોની નોંધણી.**
- **ઉપરોકત નંબર ૧૫૫૩૦૪ ને ઈફચિંલજ્ઞુિ૧ નંબર તરીકે જાહેર કરવામાં આવેલ છે આથી તમામ ટેલિકોમ ઓપરેટરોને ફરજીયાત પણે આ સર્વિસ પ્રોવાઈડ કરવાની રહેશે.**
- **અન-રીસ્ટ્રીકટેડ સર્વિસ જે જીઝઉ ઈજ્ઞમય પર પણ અવેલેબલ થશે.**

ભારત સરકારનાં ઉઘઝ વિભાગ દ્વારા ભારતની તમામ મહાનગરપાલિકાઓની વિવિધ સેવાઓ અંગેની ફરિયાદો માટે અલગ અલગ નંબરને બદલે તમામ ફરિયાદોની નોંધણી સમગ્ર દેશમાં એક જ કોમન નંબર દ્વારા કરી શકાય તેવી વ્યવસ્થા શરુ કરવામાં આવેલ છે. આ માટે ૧૫૫૩૦૪ નંબરનો શોર્ટ કોડ અમલમાં મુકવામાં આવેલ છે. ભારત સરકારની આ યોજનાનો અમલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે. હાલમાં કોલ સેન્ટરનાં નંબર ૦૨૮૧-૨૪૫૦૦૭૭ તેમજ ટોલ - ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩નાં સ્થાને શોર્ટ કોર્ડ નંબર ૧૫૫૩૦૪ પરથી લોકો પોતાની



મહાનગરપાલિકાની સેવાઓ અંગેની ફરિયાદો નોંધાવી શકશે.

હાલમાં મહાનગરપાલિકાની સેવાઓ અંગેની ફરિયાદો લોકો ૦૨૮૧-૨૪૫૦૦૭ અને ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ ને બદલે એક જ શોર્ટ કોડ ૧૫૫૩૦૪ નંબર ડાયલ કરી સરળતાથી નોંધાવી શકે છે. આગામી તા.૩૧-૦૩-૨૦૨૫ સુધી લોકો ૦૨૮૧-૨૪૫૦૦૭, ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ અને શોર્ટ કોડ ૧૫૫૩૦૪ પર ફરિયાદો નોંધાવી શકશે. તા.૦૧-૦૪-૨૦૨૫થી મહાનગરપાલિકાને લગત સેવાઓ અંગેની ફરિયાદો ફકત શોર્ટકોડ ૧૫૫૩૦૪ પરથી જ ફરિયાદો નોંધાવી શકાશે.

# ૩૬૪ આંગણવાડીઓમાં બાળ દિવસની ઉજવણી

**બાળકોએ પ્રકૃતિ સાથે વિતાવ્યો સમય : મનપાની નવતર પહેલ**



રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકાની ૩૬૪ આંગણવાડી કેન્દ્રો ખાતે તારીખ ૧૮ ફેબ્રુઆરીના રોજ થીમ બેઇઝ બાળ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રકૃતિ પરિચયના સમન્વય સાથે આંગણવાડીના બાળકો ઉત્સાહભેર આ બાળ દિવસની ઉજવણીમાં જોડાયા હતા.

રાજકોટ મહાનગરપાલિકાના શભમત વિભાગના ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા, નાયબ કમિશનર મહેશ જાની અને રાજકોટ અર્બન મહિલા અને બાળ વિકાસ વિભાગના પ્રોગ્રામ ઓફિસર દેસાઈ શારદાબેનના માર્ગદર્શન હેઠળ બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં પ્રોગ્રામ ઓફિસર, બાળ વિકાસ અધિકારી, મુખ્ય સેવિકા, ડિસ્ટ્રિક્ટ પીએસસી ઈન્સ્ટ્રક્ટર, પીએસઈ ઈન્સ્ટ્રક્ટર હાજર રહ્યા હતા. આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા આંગણવાડી કેન્દ્રો ખાતે અપાતી છ સેવાઓ પૈકી પ્રોજેક્ટ પા.. પા.. પગલીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે જેમાં જે બાળકોનો જન્મદિવસ ફેબ્રુઆરી માસમાં આવે છે તે બાળકના જન્મ દિવસની ઉજવણી કેક કટીંગ કરીને કરવામાં આવેલ છે તેમજ બાળકોને પ્રકૃતિનો પરિચય થાય એ માટે આંગણવાડીના બાળકોને તા.૧૮ ફેબ્રુઆરીના રોજ બાળકોના વાલીઓનું સંમતી પત્રક સાથે રેસકોર્સ, બાલભવન, આંગણવાડીથી નજીકના ગાર્ડન, તેમજ નજીકની વાડીઓમાં લઈ જઈને બાળકોને પ્રકૃતિ સાથે રમે-ખેલે અને કંઈક નવું જાણે એવા હેતુથી આ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. બાળકો જાણે પ્રકૃતિના ખોળે ખેલતાં હોય એવું દ્રશ્ય જોવા મળેલ હતું.



**બીજી ઘટનામાં છાત્રાને મિત્રતના નામે ફસાવી દૂષ્કર્મ: હવસખોરે અંગત પળોના ફોટા મિત્ર મારફત પડાવી બ્લેકમેઈલ પણ કરી: બંને સામે પોલીસની કાર્યવાહી**

રાજકોટ: હવસખોરીની ઘટનાઓ રોજીંદી થઇ ગઇ છે. વધુ આવી ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક ચૌદ વર્ષની બાળાને અડતાલીસ વર્ષના તેના બાપ જેવડા ઢગાએ હવસખોરીની શિકાર બનાવી હતી. એટલુ જ નહિ બળાત્કાર ગુજાર્યા બાદ આ શૈતાને બાળાની હત્યા કરી દેહ લટકાવી દીધો હતો અને ભાગી ગયો હતો. પરિવારજનો ઘરે આવ્યા ત્યારે દિકરી લટકતી મળતાં તેણીએ આત્મહત્યા કરી હોવાનું જણાયું હતું. પરંતુ પોલીસે તપાસ કરતાં ખળભળાટ મચાવતી ઘટના સામે આવી હતી. દૂષ્કર્મ આચરી લીધા બાદ તેની ક્રુર હત્યા કરી આ હવસખોરે આત્મહત્યાનું નાટક કર્યુ હતું. પરંતુ પોલીસે હકિકત શોધી કાઢી તેને દબોચી લીધો હતો. બીજી એક ઘટનામાં વિદ્યાર્થીનીને ફસાવી એક શખ્સે ીમિત્રની મદદથી દૂષ્કર્મ આચરી લીધુ હતું. મિત્રની મદદથી અંગત પળોની તસ્વીરો લઇ બ્લેકમેઇલીંગ પણ કર્યુ હતું. બે શખ્સો સામે પોલીસે કાર્યવાહી કરી હતી.

હવસખોરીની પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો

**શૈતાન પણ શરમ કરી જાય એવી ખળભળાટ મચાવતી ઘટના: હવસખોર હત્યારો ઝડપાયો**

# ૧૪ વર્ષની બાળા પર બળાત્કાર કરી હત્યા: લાશ લટકાવી દીધી

**પરિવારજનો બહારથી ઘરે આવ્યા ત્યારે દિકરીએ આત્મહત્યા કર્યાનું જણાયું: તપાસ થતાં ખળભળાટ મચાવતી વિગતો ખુલી: ૪૮ વર્ષના દૂષ્કર્મી હત્યારાએ આપઘાતનું નાટક કર્યુ: પોલીસે દબોચ્યો**

ધોળકામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં ચૌદ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરી તેની હત્યા કરી હતી. આ કિસ્સામાં પોલીસે દૂષ્કર્મી હત્યારા અડતાલીસ વર્ષના બિહારી શખ્સની ધરપકડ કરી છે. ડીવાયએસપી નીલમ ગોસ્વામીના જણાવ્યા મુજબ, આ ઘટના ચાર દિવસ પહેલા બની હતી. આરોપી રણવીજયસિંહ, જે બિહારનો વતની છે, તે પીડિતાના પરિવાર સાથે એક જ મકાનમાં ભાડે રહેતો હતો. ઘટનાના દિવસે સગીરાના માતા-પિતા મજૂરી માટે ગયા હતા. આરોપીએ નોકરીએથી ચશ્મા ભૂલ્યાનું બહાનું કરી ઘરે પરત ફર્યો હતો. બપોરે સગીરાની એકલતાનો લાભ લઈ તેના પર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ આરોપીએ સાડી વડે સગીરાને ગળેફાંસો આપી હત્યા કરી હતી અને આત્મહત્યાનું નાટક રચ્યું હતું.

ત્યારબાદ રાત્રે જયારે પીડિતાના માતા-પિતા ઘરે આવ્યા, ત્યારે આરોપીએ તેમને જણાવ્યું કે તેમની દીકરી દરવાજો ખોલતી નથી. દરવાજો તોડતાં સગીરા ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી હતી. ધોળકા ટાઉન પોલીસે એફએસએલ અને પેનલ ડૉક્ટરની મદદથી તપાસ હાથ ધરી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ આ મામલો દુષ્કર્મ અને હત્યાનો બન્યો હતો. પોલીસે આરોપીની સાથે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કર્યું હતું. હત્યારા હવસખોરને દબોચી લઈ કાયદાનું ભાન કરાવાયું છે. દૂષ્કર્મની બીજી ઘટનામાં વડોદરાના જિલ્લાના ભાદરવા પોલીસ મથક વિસ્તારમાં ચોંકાવનારી ઘટના બની છે. શાળાએ જતી વિદ્યાર્થીનીને ધમકી આપી યુવાને દુષ્કર્મ આચર્યું હતું. મિત્રની મદદ લઈ દુષ્કર્મ આચરનાર યુવાને અંગત પળોની ખેંચેલી તસવીરો સોશિયલ મીડિયામાં વાઇરલ કરતાં પરિવાર ચોંકી ઉઠ્યો હતો. આખરે પરિવારે ફરિયાદ કરી હતી. તાડીયાપુરા ગામનો યુવાન સુરેશ સોલંકી સ્કૂલમાં જતી વિદ્યાર્થિનીનો પીછો કરી હેરાન કરતો હતો અને તેના ફોટા પાડી છેડતી કરતો હતો. દરમિયાન આરોપી સુરેશ એક દિવસ તેના મિત્ર સાથે બાઇક પર વિદ્યાર્થિની જે રસ્તા ઉપરથી સ્કૂલમાં આવનજાવન કરતી હતી, તે રસ્તા ઉપર આવી ઉભા થઇ ગયા હતા. દરમિયાન વિદ્યાર્થિની આવતા જ સુરેશ તેણીને ખેંચી રોડની નજીકમાં લઇ ગયો હતો અને દુષ્કર્મ આચર્યું હતું. તે સાથે ફોટો-વીડિયો ઉતારી લીધો હતો.ત્યારબાદ બાદ આ ફોટો-વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી વિદ્યાર્થિનીને બોલાવી દુષ્કર્મ આચર્યું હતું. અવારનવાર ફોટો-વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ આચરવા માટે મજબૂર કરતા વિદ્યાર્થીની ત્રાહિમામ પોકારી ગઇ હતી. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કર્યો છે કે, સુરેશે તેના મિત્રએ પીડિતાનુ મોઢું દબાવી રાખ્યું હતુ અને સુરેશે દુષ્કર્મ આચર્યું હતું. એક દિવસ વિદ્યાર્થિનીએ સુરેશ સોલંકીની વશ થયા વગર બોલાવેલી જગ્યાએ ન જતાં હવસખોર સુરેશે વિદ્યાર્થિની સાથે માણેલી અંગત પળોના લીધેલા ફોટા-વીડિયો પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર વાઇચરલ કરી દીધા હતા. પોલીસ સુરેશ અરવિંદભાઇ સોલંકી (રહે. તાડીયાપુરા, સાવલી, વડોદરા) અને અજાણ્યા શખ્સ વિરૂદ્ધ પોક્સો તથા આઇટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસ મથકના ઇન્ચાર્જ પીઆઇએમ. બી. જાડેજા વધુ તપાસ કરે છે.

### સાયબર ગઠીયાઓ અટકતા જ નથીઃ બીજી તરફ લેભાગુ એજન્ટોનો પણ ફાટ્યો છે રાફડો

# મહિલા ગૂગલ સર્ચ કરતાં હતાં, શિકાર થયાઃ પાંચ લાખ ગુમાવ્યા

## કસ્ટમર કેર નંબર શોધતી વખતે એપીકે ફાઈલ આવી તે ડાઉનલોડ કરી અને છેતરાયાઃ બીજી તરફ ન્યુઝીલેન્ડના વર્ક પરમીટના નામે સાત યુવાનને સિત્તેર લાખનો ચૂનો લગાડાયો

રાજકોટઃ સાયબર ગઠીયાઓ ક્યારે કોને શિકાર બનાવી લે તે નક્કી હોતું નથી. ઠગાઈના વધુ બે બનાવ સામે આવ્યા છે. જેમાં એક કિસ્સામાં મહિલાએ કસ્ટમર કેરનો નંબર શોધવાની પળોજણમાં પાંચ લાખ ગુમાવી દીધા હતાં. તેણી જીઓ ફાઇબરના એડેપ્ટરનો નંબર શોધતી હતી ત્યારે તેને એક એપીકે ફાઇલ મોકલવામાં આવી હતી. જે તેણીએ ડાઉનલોડ કરતાં જ બેંકોમાં ચાલતી કાર લોન પર ટોપ લોનના બહાને તેણી સાથે ઠગાઇ થઇ ગઇ હતી. બીજા કિસ્સામાં ન્યુઝીલેન્ડમાં વર્ક પરમીટના નામે બે એજન્ટો સાત યુવાનોના સિત્તેર લાખ નેવુ હજાર ખાઈ ગયા છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વડોદરા શહેરના નંદેસરીની નોકરીયાત મહિલા પોતાના બગડી ગયેલા જીઓ ફાઈબરના એડેપ્ટર અંગે જીઓ ફાઈબર હેલ્પલાઈન સર્ચ કરતી વખતે સાયબર ઠગ ટોળીનો ભેટો થઈ ગયો હતો. ટોળકીએ કસ્ટમર કેર નામની એપીકે ફાઈલ ડાઉનલોડ કરાવવાના બહાને બેંકમાં ચાલતી કાર લોન પર ટોપ લોનના બહાને રૂ.૪,૯૪,૫૩૪ રૂપિયા કપાઈ ગયાની જાણ થતા જ મહિલાએ ગોરવા પોલીસ મથક અને સાયબર ક્રાઇમ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. વડોદરા શહેરના સુભાનપુરા હાઈટેન્શન રોડના ફોરમ કોમ્પલેક્ષમાં રહેતા સુનિલભાઈ પટેલ નંદેસરીની કંપનીમાં નોકરી કરે છે. તેમના પત્નિ ચોપન વર્ષના મમતાબેનનું બેંક એકાઉન્ટ આઈસીઆઈસીઆઈ બેંકમાં છે. તેમના જીઓ ફાઈબર નેટ કનેક્શનનું એડપ્ટર બગડી ગયું હતું. જેથી ગુગલ પર હેલ્પલાઈન નંબર શોધતા હતા ત્યારે તેમનો ભેટો સાયબર ઠગ ટોળકી સાથે થઈ ગયો હતો.




જીઓ કસ્ટમર કેરમાંથી વાતચીત કરતા હોવાના બહાને ગઠિયાઓએ મહિલાની સાથે બે કલાક વાતો કરીને મહિલાને કસ્ટમર કેર એપીકે ફાઈલ તેમના મોબાઈલમાં ડાઉનલોડ કરાવી દીધી હતી. ત્યારબાદ જુદી-જુદી વાતોમાં ભોળવીને તેમના ખાતામાંથી કુલ રૂપિયા ૩૭૫૦૦ ઉપાડી લીધા હતા. પરંતુ મહિલાને દાળમાં કંઈક કાળું જણાતા તેમણે ફોન કટ કર્યો હતો. તપાસ કરતા તેમની સાથે ફ્રોડ થયાની જાણ થઈ હતી. પરિણામે તેમના ભત્રીજા મંથન જનકભાઈને સમગ્ર બનાવવાની જાણ કરતા તેમણે આઈસીઆઈસીઆઈ બેંકના કસ્ટમર કેરમાં ખાતું અને ડેબિટ કાર્ડ બ્લોક કરવા જણાવ્યું હતું. પરંતુ નાણાની રકમ અંગે જણાવતા બેંકમાંથી જાણ થઈ હતી કે તમારી ચાલતી કાર લોન પર ટોપ લોન થઈ ગઈ છે અને કુલ રૂપિયા ૪,૯૪,૫૩૪ કપાઈ ગયાની જાણ કરી હતી. જેથી મમતાબેન સુનિલભાઈ પટેલે બનાવ અંગે ગોરવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વિદેશના વીઝાના નામે ઠગાઈના કિસ્સા યથાવત રહ્યા છે. ન્યુઝીલેન્ડમાં વર્ક પરમિટ કરાવી આપવાની બાહેંધરી આપીને બે અજન્ટોએ સાત યુવાઓના માતા-પિતા પાસેથી ૭૦.૯૦ લાખ રૂપિયા ખંખેરી લીધા હતા. ક્રાઇમ બ્રાન્ચના આર્થિક ગુના નિવારણ શાખાની ટીમે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. મેમનગર વિસ્તારમાં આવેલી સહજાનંદ રેસિડન્સીમાં રહેતા જયદિપ નાકરાણીએ ક્રાઇમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખામાં દર્શિલ પટેલ અને જૈમીન પટેલ વિરૂધ્ધ ૭૦.૯૦ લાખના ચીટિંગની ફરિયાદ કરી છે. જયદિપ નાકરાણી વિજય ચાર રસ્તા પાસે વિઝાલી નામનથી વિઝા કન્સલટીંગનું તેમજ અભિવ્યકિત કમ્યુનિકેશન નામથી જાહેરાતો આપવાનું કામ કરીને ગુજરાન ચલાવે છે.

જયદિપે જાન્યુઆરી ૨૦૨૦માં વિઝાલી કંપની સુરતથી અમદાવાદ ટ્રાન્સફર કરી હતી.

ભારતીયો કોમન સેન્ટર ચલાવી વિઝા ટીકીટ, ઈમિગ્રેશન તેમજ વિવિધ યુનિવર્સિટીઓ તથા રોજગાર માટે ઓનલાઈન અને ઓફલાઈન માર્ગદર્શન પુરી પાડતા હતા. નવેમ્બર ૨૦૨૩માં ન્યુ રાણીપ ખાતે આવેલી માધવીસ બ્રિટીશ એકેડેમી ફર્મના માલિક દર્શિલ પટેલે ન્યુઝીલેન્ડ વર્ક પરમિટની જાહેરાત ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરી હતી. જયદીપ જાહેરાત વાંચીને તરતજ દર્શિલ પટેલને મળવા માટેની તેની ઓફિસ પહોંચી ગયા હતા.

ઓફિસે જતાની સાથે જ દર્શિલ જણાવ્યુ હતું કે, ન્યુઝીલેન્ડ જવા માંગતા લોકોને ૧૭ લાખ રૂપિયામાં મોકલી દેવામાં આવશે. ન્યુઝીલન્ડ એરપોર્ટમાં લેન્ડ થયા બાદ તેમને રહેવાના સ્થળ સુધી પહોંચાડવાની તેમજ નોકરીની સુવિધા પણ ૧૭ લાખ રૂપિયામાં કરી આપવામાં આવશે. આ સાથે દર્શિલે જયદીપને એવુ પણ કહ્યું હતું કે, જવાના ટિકિટના રૂપિયા અલગથી ચુકવવાના રહેશે. જયદીપને દર્શિલ પર વિશ્વાસ આવી જતા તેમણે કુલ સાત લોકોને ન્યુઝીલેન્ડ મોકલવાની ડીલ કરી હતી. વેજલપુર ખાતે રહેતા તુષાર શર્મા, ઓઢવ ખાતે રહેતા વિશ્વ પટેલ, મહેસાણા જિલ્લામાં રહેતા વ્યોમ ચૌધરી, સાંબરકાંઠા જિલ્લામાં રહેતા દ્રુપત પટેલ, મહેસાણા જિલ્લાના કનેડીયા ગામનો નરેન્દ્રસિંહ પરમાર, ગાંધીનગર જિલ્લાનો વિવેક પટેલ અને ગાંધીનગર જિલ્લાની બ્લેશી પરેરાને ન્યુઝીલેન્ડ મોકલવાનું ફાઈનલ થયુ હતું અને તેમના રૂપિયા નક્કી કરવામાં આવ્યા હતા. સાતે યુવક અને યુવતીઓના ડોક્યુમેન્ટ જયદિપે દર્શીલ તેમજ જૈમીન પટેલને આપ્યા હતા.

જયદીપ નાકરાણીએ દર્શિલ પટેલને કુલ ૭૦.૯૦ લાખ રૂપિયા સાત યુવક યુવતીઓના મોકલી આપ્યા હતા. રૂપિયા મોકલી આપ્યા બાદ દર્શિલ અને જૈમીન પટેલે વર્ક પરમીટ વિઝા નહીં અપાવતા ચીટિંગ આચર્યું હતું. બન્ને જણાએ ખોટા ખોટા ડોક્યુમેન્ટ તેમજ વાયદાઓ આપીને જયદીપ નાકરાણીને ગોળગોળ ફેરવ્યા હતા.

દર્શીલ અને જૈમીને રૂપિયા પરત આપી દેવાની બાહેંધરી આપી હતી, પરંતુ તેમને કોઇ રૂપિયા આપ્યા નહીં અને ચીટિંગ આચર્યું હતું. જયદીપ નાકરાણીએ તરતજ ક્રાઇમ બ્રાન્ચના આર્થિગ ગુના નિવારણ શાખામાં પુરાવા સાથે ફરિયાદ કરી દીધી હતી.

# RRR સેંટરમાં દાનનો દરિયો : ૧૧૩૭૪ પુસ્તકો, ૧૦૬૯ રમકડાં, ૬૬૧૦ કપડાં મળી કુલ ૧૯૬૪૧ વસ્તુઓ આવી ભેટમાં

## ગરીબ સમુદાયના લોકો સુધી પહોચાડવા ઝુંબેશના રૂપમાં મનપા દ્વારા હાથ ધરાયુ કાર્ય

રાજકોટ, તા. ૨૦

સ્વાન્તઃ સુખાય એટલે કે બીજાના સુખે સુખી થવાનો જે પરમ આનંદ વ્યક્તિને પ્રાપ્ત થાય છે તે અવર્ણનીય હોય છે. સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવા ઉમદા આશય સાથે શહેરમાં કુલ પાંચ સ્થળોએ REDUCE, REUSE,RECYCLE કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. જેમાં વોર્ડ નંબર-૯માં બાબુભાઇ વૈધ લાઈબ્રેરી, ચંદન પાર્ક મેઈન રોડ, વોર્ડ નંબર-૨માં દતોપંત ઠેંગડી પુસ્તકાલય, શ્રોફ રોડ, વોર્ડ નંબર-૪માં ચાણક્ય પુસ્તકાલય, ગોવીંદ બાગ શાક માર્કેટ પાસે, પેડક રોડ, રૈયાધાર એમ.આર.એફ. સેન્ટર અને કે.ડી.એફ.ની બાજુમાં એમ.આર.એફ. સેન્ટર બનાવવામાં આવેલ.કેન્દ્રો શરૂ કરવાનો ઉદેશ ગરીબ વર્ગના જરૂરીયાતમંદ લોકોને ઉપયોગી ચીજ વસ્તુઓ ઉપલબ્ધ બનાવી તેઓના ચહેરા પર સ્મિત લાવવામાં મદદરૂપ થવાનો છે. સમાજમાં વાંચન પ્રવૃતિને પ્રોત્સાહન મળે, આંગણવાડીઓના બાળકોને રમકડાં મળી રહે તથા જરૂરીયાતમંદ ગરીબ લોકોને કપડાં અને બુટ જેવી ચીજવસ્તુઓ ઉપલબ્ધ બનાવવા માટેના આ અભિયાનને નાગરીકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અત્યાર સુધીમાં નાગરીકો તરફથી ૧૧૩૭૪ પુસ્તકો, ૧૦૬૯ રમકડાં, ૫૮૮ જોડી બુટ તથા ૬૬૧૦ કપડાં મળી કુલ ૧૯૬૪૧ વસ્તુઓ ભેટમાં મળેલ છે.




નાગરીકો પાસેથી ઉપરોક્ત ચીજ વસ્તુઓ ભેટ સ્વરૂપે RRR કેન્દ્ર ખાતે સ્વીકારવામાં આવી રહી છે. શહેરીજનો દ્વારા ઉપયોગમાં લેવાઈ ચૂકેલા અને હાલ વણવપરાયેલા પડી રહેલા પુસ્તકો, રમક ડાં, કપડા અને બુટ વગેરે જેવી ચીજવસ્તુઓ ગરીબ સમુદાયના લોકો સુધી પહોચાડવામાં આવી રહ્યા છે. આ અભિયાનમાં રાજકોટ શહેરના વધુને વધુ નાગરીકો સામેલ થાય અને આ ઉમદા પ્રવૃતિમાં પોતાનું યથોચિત યોગદાન આપે તેવી મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે .

# જામનગર રોડ પર ૧૫ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવતું મનપા

## ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ખડકાયેલા ગેરકાયદે બાંધકામો પર ફેરાવ્યું બુલડોઝર

રાજકોટ, તા. ૨૦

રાજ્ય સરકારના આદેશને ધ્યાને લઈ હાલ જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદે ખડકાયેલા જે બાંધકામો છે તેને દૂર કરવા માટેનું કામ હાથ ધર્યું છે એટલું જ નહીં તે માટેનો તખ તો પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે અને સમયાંતરે વિવિધ સ્થળોમાં એટલે કે વિવિધ ઝોનમાં હાલ ડિમોલિશન હાથ ધરવામાં આવી રહ્યું છે. મળતી માહિતી મુજબ છેલ્લા ઘણા સમયથી હાલ સેન્ટ્રલ ઝોનમાં ડિમોલિશનની કામગીરી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહી છે ત્યારે ફરી એક વખત ગઈકાલે જામનગર રોડ પર રાજકોટના રેવન્યુ સર્વે નંબર ૬૨૬ પૈકીની સરકારી ખરાબાની જગ્યા પર જે ૫૦ જેટલા રહેણાંક મકાનો ખડકી દેવામાં આવ્યા હતા તેને દૂર કરવામાં આવ્યા છે. માત્ર સેન્ટ્રલ ઝોન જ નહીં પરંતુ વેસ્ટ ઝોન અને ઈસ્ટ ઝોનમાં પણ આ પ્રકારના અનેક ગેરકાયદે બાંધકામો હાલ જોવા મળી રહ્યા છે તેને દૂર કરવા માટે પણ હાલ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ઈસ્ટ ઝોનમાં સૌથી વધુ ગેરકાયદે બાંધકામો છે જેને દૂર કરવા માટે આવનારા સમયમાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેવું મહાનગરપાલિકાના સંપર્ક સૂત્રો જણાવી રહ્યા છે. મ્યુનિસિપલ નાયબ કમિશ્નર એચ. આર. પટેલની સૂચના અનુસાર તથા એડી. સીટી એન્જીનીયર એ. એ. રાવલના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ગઈકાલે શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તાર પૈકી વોર્ડ નં.૩માં જામનગર રોડ પર, ક્રાઈમ બ્રાંચ કચેરીની સામે રાજકોટના રેવેન્યુ સર્વે નં.૬૨૬/પૈકીની સરકારી ખરાબાની રાજકોટ મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ જમીનમાં અંદાજે ૫૦ જેટલા રહેણાંક તથા બિનરહેણાંક ગેરકાયદેસર બાંધકામ દુર કરી, અંદાજે ૧૫ કરોડની કિંમતની ૩૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવેલ છે. આ કામગીરીમાં ટાઉન પ્લાનીંગ શાખાના સેન્ટ્રલ ઝોનનો તમામ સ્ટાફ તેમજ દબાણહટાવ શાખા, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ શાખા અને રોશની શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ પણ સ્થળ પર હાજર રહેલ.

### જન્મ લે તેનું મૃત્યું નક્કી હોય એમ કદાચ કયા સ્થળે મોત થશે એ પણ નક્કી હશે!?

# જે રેલ્વે ટ્રેક પર ફોટા પડાવ્યા ત્યાં જ સાળા-બનેવીના મોત!

## બાર વર્ષનો સાળો ઇયરફોન પહેરી રેલ્વેના પાટા ઓળંગતો હતો ત્યારે ટ્રેન આવી ગઇઃ અઠ્ઠાવીસ વર્ષના બનેવીએ તેને બચાવવા દોટ મુકી પણ બંને ઝપટમાં આવી ગયા અને જીવ ગયા

રાજકોટઃ જિંદગીની સફર ક્યારે અને કેવી રીતે ખતમ થઇ જાય તેની કોઇને ખબર હોતી નથી. માનવીનું મોત નિશ્ચીત જ હોય છે, કદાચ એ પણ નક્કી હોય છે કે તેને મોત કયા સ્થળે અને કેવી રીતે આવશે? પરંતુ કાળા માથાનો માનવી તેને પારખી શકતો હોતો નથી. એક એવી ચોંકાવનારી ઘટના બની છે જેમાં બાર વર્ષના સાળા અને અઠ્ઠાવીસ વર્ષના બનેવીના એક સાથે મોત થયા છે. આ બંને કોઠારીયા રોડ ગુલાબનગરમાં રહી મજુરી કરતાં હતાં. થોડા દિવસ પહેલા બંનેએ રેલ્વે ટ્રેક પર મોબાઇલથી ફોટા પડાવ્યા હતાં. પણ ત્યારે ક્યાં ખબર હતી કે આ ટ્રેક પર જ બંનેની જિંદગીની સફરનો અંત આવી જવાનો છે! સાળો કાનમાં ઇયરફોન ભરાવીને ટ્રેક ઓળંગતો હતો ત્યારે ટ્રેન આવી જતાં તેને બચાવવા બનેવી દોડીને આવતાં બંને ટ્રેનની ઝપટમાં આવી ગયા હતાં અને બંનેના મોત થયા હતાં.

આ કરૂણ અને હચમચાવતી ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરના ગોંડલ રોડ કોઠારીયા સોલવન્ટ ગુલાબનગરમાં રહેતો અઠ્ઠાવીસ વર્ષનો અંગુભાઇ રામસંવારે સોનકર અને તેની સાથે જ રહેતો તેનો બાર વર્ષનો સાળો બાબુહરિન્દર બંસરાજ સોનકર સાંજે ઘર નજીક માલધારી ફાટક પાસે ટ્રેનની ઠોકરે આવી જતાં અંગુભાઇનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું હતું. જ્યારે સાળા બાબુહરિન્દરને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું પણ મોત નિપજતાં કલ્પાંત સર્જાયો હતો. ઘટનાની જાણ આજીડેમ પોલીસને થતાં ત્યાં તથા સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચીને કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારના સગાના જણાવ્યા મુજબ અંગુભાઇ અને બાબુહરિન્દર સાળો બનેવી થતાં હતાં. અંગુભાઇ સાતેક વર્ષથી રાજકોટ ગુલાબનગરમાં રહી બાંધકામની સાઇટો પર સળીયા કાપવાની મજુરી કરતો હતો. તે ચાર ભાઇ અને બે બહેનમાં મોટો હતો. તેને સંતાનમાં બે પુત્રી છે. તેના પત્નિ, પરિવારજનો યુપીના બહેરાઇ જીલ્લાના સુલતાના ગામે રહે છે.



### ગોંડલ રોડ માલધારી ફાટક પાસે બની કરૂણ ઘટનાઃ મૃતદેહોને વતન યુપી લઇ જવાયા

કરૂણ ઘટનાની વધુ વિગતો અનુસાર બે મહિના પહેલા અંગુભાઇ સાથે રહેવા અને કામ કરવા યુપીથી તેનો સાળો બાબુહરિન્દર પણ રાજકોટ આવ્યો હતો.

તે બનેવી સાથે જે તે સાઇટ પર મોલ્ડીંગનું કામ કરતો હતો. ગત સાંજે સાળો બાબુહરિન્દર માલધારી ફાટક પાસે રેલ્વેના પાટો ઓળંગી રહ્યો હતો ત્યારે તેના કાનમાં મોબાઇલની હેન્ડસ ફ્રી હતી. એ વખતે ટ્રેન આવી જતાં તેને ધ્યાન રહ્યું હતું. પાછળ જ બનેવી અંગુભાઇ હોઇ તેણે દોટ મુકી સાળાને દુર ખસેડવા, બચાવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ સાળો-બનેવી બંને ઠોકરે આવી ગયા હતાં અને કમકમાટીભર્યા મોત થયા હતાં.

વધુ વિગતો જોઇએ તો મૃતક બાબુહરિન્દર ચાર બહેન અને બે ભાઇમાં નાનો હતો. બંનેના મૃતદેહ વતન યુપી મોકલવામાં આવ્યા હતાં. ઘટનાથી સાથી મજુરો, વિસ્તારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. કરૂણતા એ છે કે જ્યાં સાળા-બનેવીના મૃત્યુ થયા એ જ સ્થળે થોડા દિવસ પહેલા બંનેએ મોબાઇલથી ફોટા પાડ્યા હતાં.

ત્યારે કોઇને કલ્પના પણ નહિ હોય કે આ રેલ્વે ટ્રેક પર જ બંનેની જિંદગીનો અંત આવી જવાનો છે!?

આ ઘટનાએ ચકચાર મચાવવા સાથે લોકોને વિચારતા પણ કરી મુક્યા છે. આજીડેમ પોલીસે બંને મૃતદેહના પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી તેમના સગાને સોંપતા બંનેના મૃતદેહ અંતિમવિધી માટે વતન ઉત્તરપ્રદેશ બહેરાઇ લઇ જવાયા હતાં.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# આર્થિક પડકાર

## બજેટ ભલે અનુકૂળ હોય, પણ સ્પર્ધાત્મકતા સામે વધારે કૂનેહ જરૂરી



ગુજરાતના નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ પોણા ચાર લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું છે. બજેટમાં વિવિધ ક્ષેત્રો માટે વિવિધ યોજનાઓ જાહેર થઈ છે. બજેટમાં જાહેર થયેલી નીતિથી લાભ કે હાની અંગે વિવિધ નિષ્ણાંતો પોતાના અભિપ્રાયો વ્યક્ત કરી રહ્યા છે.

સર્વાંગી દષ્ટિકોણથી તટસ્થ રહીને ચિંતન કરો તો તારણ એ નીકળે કે કોઈપણ નીતિ હોય અમુક માટે અનુકૂળ હોય, અમુક માટે પ્રતિકૂળ હોય, પ્રોડક્શન અને વ્યવસાયમાં સરકારની નીતિ તો અસર કરે જ છે સાથે વૈશ્વિક માહોલ પણ અસર કરતો હોય છે. સમસ્ત માહોલને નજરમાં રાખો તો મોટા આર્થિક પડકાર અર્થતંત્ર પર આવી રહ્યા છે.

ગુજરાત સમૃદ્ધ રાજ્ય છે, ઔદ્યોગિક રાજ્ય છે. માત્ર ગુજરાતી લોકો જ નહીં ગુજરાતના ઔદ્યોગિક ઉત્પાદનો પણ દેશ-વિદેશમાં છવાયેલા છે રાષ્ટ્રીય નિકાસમાં ગુજરાતનનું નોંધપાત્ર પ્રદાન છે. ગુજરાત કે દેશની આર્થિક નીતિ અનુકૂળ હોય તો પણ વિશ્વનો બદલાઈ રહેલો આર્થિક માહોલ પડકાર બનીને ઊભર્યો છે.

અમેરિકામાં ટ્રમ્પ સરકારે નવી નીતિ અમલમાં મૂકવા ઘોષણા કરી છે. તે તીવ્રપણે વિશ્વ પર અસર કરનારી છે. ટેરિફ મામલે ટ્રમ્પ સરકારે ‘‘જેસે કો તેસા‘‘ નીતિ જાહેર કરી છે, જે ભારતના અને ગુજરાતના ઉદ્યોગકારો માટે મોટા પડકાર જેવી છે. અમેરિકામાં ભારતીય ઉત્પાદનો મોંઘા બની જશે. આ નીતિના કારણે અન્ય દેશોએ પણ નવેસરથી નીતિ જાહેર કરવી પડશે.

આ કારણે વૈશ્વિક અર્થતંત્રમાં મોટા પડકારો સર્જાયા છે. ગુજરાત ભારતના ઉદ્યોગોને દેશ પ્રોત્સાહન આપે છે, પણ નિકાસનો માહોલ બગડી રહ્યો છે ગુજરાતના અનેક ઉત્પાદનો અમેરિકા જાય છે તેને સીધી અસર આ નીતિથી થશે, પડકારનો સામનો કરવો પડશે.

ગુજરાતના બજેટમાં એમ.એસ.એમ.ઈ અને સ્ટાર્ટઅપની વિવિધ યોજનાઓ માટે ૩,૬૦૦ કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે. આ ઉપરાંત નાના મધ્યમ ઉદ્યોગો માટે પ્રોત્સાહનની પણ યોજનાઓ જાહેર થઈ છે. આ સમગ્ર વિગતોના આધારે મૂલવો તો ઘરેલુ ઉત્પાદનોમાં વધારો થશે અને નિકાસ કઠિન બનશે.

આ સ્થિતિની અસરથી સ્પર્ધાત્મકતા તીવ્ર બની શકે છે. અર્થતંત્રમાં સ્પર્ધાના માહોલથી આમ ગ્રાહકોને લાભ થાય છે, પણ ઉત્પાદકો વ્યવસાયીઓ માટે કઠિન સ્થિતિ બનતી હોય છે. ઉત્પાદકો-વ્યાપારીઓએ આ પરિસિ્થતિમાં અસ્તિત્વ જાળવી રાખવા અને વિકાસ કરવા વધારે કુનેહ દાખવવી પડશે. ઉદ્યોગ- વ્યવસાયમાં ભરતી-ઓટ સામાન્ય બાબત છે. ભરતીમાં છકી ન જાય અને ઓટમાં ડૂકી ન જાય તે ટકી શકે છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ–ખીરસરા

# ભારતમાં ૯ કરોડ દર્દીઓને ૫.૬૮ લાખ ટન ઓક્સિજનની જરૂર

### વૈશ્વિક મહામારી કોરોના સમયે વર્તાયેલી અછતનુ પુનરાવર્તન રોકવા અપીલ

નવી દિલ્હી, તા.૨૦

વૈશ્વિક સ્તરે ઓક્સિજનની ખપત વધવા લગતા ભારે અછત વર્તાઈ રહી છે. અગાઉ કોરોના જેવી વૈશ્વિક મહામારી સમયે વર્તાયેલી ઓક્સિજનની અછત ફરી ન વર્તાય તેની તકેદારી રાખવા આરોગ્ય તંત્ર સજ્જ બન્યું છે.

સમગ્ર વિશ્વમાં મેડિકલ ઓક્સિજનની માંગ ઝડપથી વધી રહી છે. દર વર્ષે લગભગ પાંચ અબજ લોકોને પૂરતા પ્રમાણમાં મેડિકલ ઓક્સિજન મળતો નથી. એકલા ભારતની વાત કરીએ તો અહીં ૯ કરોડ દર્દીઓને ૫.૬૮ લાખ મેટ્રિક ટન ઓક્સિજનની જરૂર છે. આ માહિતી ધ લેન્સેટ મેડિકલ કમિશનના રિપોર્ટમાં સામે આવી છે, જેમાં નિષ્ણાતોએ વિશ્વના તમામ દેશો અને ઓક્સિજન ઉત્પાદકોને કુલ ૫૨ ભલામણો આપી છે અને ભવિષ્યમાં મહામારીથી બચવા માટે મેડિકલ ઓક્સિજનનો સમાવેશ કરવાની અપીલ કરી છે.

આ સાથે દરેક દેશને રાષ્ટ્રીય સ્તરે ઓક્સિજન ઉત્પાદન અંગેની નીતિ લાગુ કરવાની પણ ભલામણ કરવામાં આવી હતી. શસ્ત્રક્રિયા અથવા કટોકટી ઉપરાંત, અસ્થમા, ગંભીર ઇજાની સ્થિતિ અને માતા-બાળકની સંભાળ માટે તબીબી ઓક્સિજન આવશ્યક છે, પરંતુ તે વિશ્વભરના લગભગ પાંચ




અબજ લોકો માટે ઉપલબ્ધ નથી. ગરીબ દેશો સૌથી વધુ પ્રભાવિત છે. એવો અંદાજ છે કે વિશ્વની લગભગ બે તૃતીયાંશ વસ્તી તબીબી ઓક્સિજનના પૂરતા પુરવઠાના અભાવથી પ્રભાવિત છે.

કમિશને કહ્યું કે ઓક્સિજનનો અભાવ કોરોના દરમિયાન મૃત્યુનું એક મોટું કારણ બન્યું. ભવિષ્યના રોગચાળા માટે સમગ્ર વિશ્વમાં તબીબી ઓક્સિજન સજ્જતા મહત્વપૂર્ણ હોવાનું કહેવાય છે. વર્ષ ૨૦૨૧ માં, કોરોનાની બીજી તરંગ એટલે કે ડેલ્ટા વેરિઅન્ટને કારણે, ભારતમાં ઓક્સિજનની અછત તીવ્ર બની હતી અને તેના કારણે ઘણા લોકોના મોત પણ થયા હતા. કમિશનના રિપોર્ટમાં નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છે કે કોવિડ-૧૯ જેવી સ્થિતિને ફરીથી ન સર્જાય અને કોઈપણ સંભવિત રોગચાળા માટે તૈયારી કરવા માટે મેડિકલ ઓક્સિજનની પર્યાપ્તતા ખૂબ જ મહત્વપૂર્ણ છે.

નિષ્ણાંતોએ કહ્યું છે કે સમગ્ર વિશ્વમાં ગંભીર વાયરસ અને ચેપી રોગોનું જોખમ વધી રહ્યું છે ત્યારે આપણે અત્યારથી જ આ માટે તૈયાર રહેવાની જરૂર છે. ઘણા વાયરસમાં સંભવિત રોગચાળાની ક્ષમતાઓ હોવાનું દર્શાવવામાં આવ્યું છે જે ચિંતા પેદા કરે છે. આ અંગે પણ અગાઉથી તૈયારી કરવી જરૂરી છે.

ગરીબ દેશોમાં માત્ર ત્રણમાંથી એક વ્યક્તિને જીવનરક્ષક ગેસ મળે છે

સંશોધકોએ જણાવ્યું હતું કે વિશ્વભરમાં તબીબી ઓક્સિજનની જરૂર હોય તેવા ૮૨ ટકા દર્દીઓ ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં રહે છે. આમાંથી, શસ્ત્રક્રિયા દરમિયાન અથવા ગંભીર આરોગ્યની સ્થિતિમાં જ્યારે જરૂર પડે ત્યારે ત્રણમાંથી એક વ્યક્તિને જીવનરક્ષક ગેસ મળે છે. ઓછી ઉપલબ્ધતા, ઊંચા ખર્ચ જેવા કારણોને લીધે લગભગ ૭૦ ટકા દર્દીઓ ઓક્સિજન મેળવી શકતા નથી.

# ગૂગલે બેંગલુરમાં ભારતના સૌથી મોટા કેમ્પસ ’અનંત’ને ખુલ્લુ મૂક્યુ

### નવા કેમ્પસમાં ૫,૦૦૦ની સીટિંગ કેપેસિટી - કર્મચારીઓના તણાવને ઘટાડવા માટે કેમ્પસમાં અરણ્ય નામનું નાનું જંગલ પણ બનાવાયું



બેંગલુરુ, તા.૨૦

ગૂગલે બુધવારે ભારતમાં તેના સૌથી મોટા કેમ્પસ ’અનંત’નું અનાવરણ કર્યું હતું. આ કેમ્પસ ગૂગલના વિશ્વના સૌથી મોટા કેમ્પસમાંનું એક છે. બેંગલુરુના મહાદેવપુરામાં સ્થિત અનંત કેમ્પસમાં ૫,૦૦૦થી વધુ સીટિંગની ક્ષમતા છે, આ કેમ્પસના નિર્માણ માટે વપરાયેલી સામગ્રી લગભગ સંપૂર્ણપણે લોકલ બિઝનેસ પાસેથી મેળવવામાં આવી છે.

ગૂગલ ઈન્ડિયાની વાઈસ પ્રેસિડેન્ટ અને કંટ્રી મેનેજરે જણાવ્યું કે, અનંત કેમ્પસ માત્ર તેની ચાર દીવાલોની વચ્ચે કરવામાં આવેલા કામને કારણે નહીં પરંતુ, ભારત દ્વારા વિશ્વ માટે તૈયાર કરવામાં આવેલા નવા ઈનોવેશનને કારણે જાણીતું બનશે. ગૂગલે લગભગ છ વર્ષ પહેલા એઆઈ ફર્સ્ટનો અભિગમ અપનાવ્યો હતો. ત્યારથી જ ગૂગલ ભારતને એઆઈના ટેલેન્ટ પૂલ તરીકે નહીં પણ, એઆઈના માધ્યમથી જીવનમાં બદલાવ લાવવાની ક્ષમતા ધરાવતા સ્થાન તરીકે જોઈ રહ્યું છે.

પર્યાવરણને બચાવવાના અભિગમ સાથે ગૂગલની આ ઓફિસમાં વોટર વેસ્ટ રિસાઈકલિંગ, અને ઓન-સાઈટ રેઈનવોટર હારવેસ્ટિંગ લગાવવામાં આવ્યું છે. જ્યારે, આ બિલ્ડિંગમાં સ્માર્ટ ફોટોક્રોમિક ગ્લાસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સ્માર્ટ ગ્લાસના કારણે ઈલેકટ્રિક બિલમાં નોંધપાત્ર ઘટાડો નોંધાશે.

ગૂગલના અનંત કેમ્પસમાં જીમ, ડે-કેર સુવિધાઓ, કેફેટેરિયા અને અરણ્ય નામનું એક નાનું જંગલ સામેલ છે. ૧૦,૦૦૦થી વધુ કર્મચારી સાથે ગૂગલ બેંગલુરુ, મુંબઈ, હૈદરાબાદ, અને ગુરુગ્રામ જેવા સિટીમાં હાજર છે. ભારતમાં કંપની હાલ હાઈબ્રિડ વર્ક મોડલ હેઠળ ચાલી રહી છે. જેમાં, કર્મચારીઓને અઠવાડિયામાં ત્રણ દિવસ ઓફિસથી કામ કરવું ફરજિયાત છે.

# ગુડ ન્યુઝ : ભારતીયોને મળશે દુબઈની ઓન અરાઈવલ વિઝા સેવા

### હાલ સિંગાપોર, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને કેનેડા ભારતીયોને વિઝા ઓન અરાઈવલ સેવા પૂરી પાડી રહ્યા છે, હવે દુબઈનો પણ સમાવેશ પણ પાળવી પડશે શરતો

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય પાસપોર્ટ ધારકો માટે સારા સમાચાર સામે આવ્યા છે. જેમાં હવે બીજો દેશ ભારતીયોને વિઝા ઓન અરાઈવલ સેવા પ્રદાન કરશે . અત્યાર સુધી સિંગાપોર, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને કેનેડા ભારતીયોને વિઝા ઓન અરાઈવલ સેવા પૂરી પાડી રહ્યા છે, પરંતુ હવે ભારતીયો વિઝા ઓન અરાઈવલ સેવા પર દુબઈની મુસાફરી કરી શકે છે કારણ કે સંયુક્ત આરબ અમીરાત (ગ્રઅઊ) એ પણ ભારતીયોને વિઝા ઓન અરાઈવલ સેવા પૂરી પાડવાની જાહેરાત કરી છે.

હવે, ઉપરોક્ત ૬ દેશોમાં ગ્રીન કાર્ડ અથવા રેસિડેન્ટ પરમિટ ધરાવતા ભારતીય નાગરિકો યુએઈમાં વિઝા ઓન અરાઈવલ સેવા માટે પાત્ર છે. આ જાહેરાતથી ભારતીય પાસપોર્ટ ધારકો માટે યુએઈ અને દુબઈની મુસાફરીની તકોમાં વધારો થયો છે. આનાથી ઉદ્યોગપતિઓને પણ ઘણો ફાયદો થશે, જ્યારે સાઉદી અરેબિયાના પ્રવાસન ક્ષેત્રને પણ સારો વિકાસ મળશે.

ફાઈનાન્સિયલ એક્સપ્રેસના અહેવાલ મુજબ, ભારતીયો માટે યુએઈની વિઝા ઓન અરાઈવલ સેવા ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી અમલમાં આવી છે. આ સેવા પહેલા યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ), યુરોપિયન યુનિયનના સભ્ય દેશો અને યુનાઈટેડ કિંગડમ (યુકે) માં કાયમી નિવાસી પરમિટ ધરાવતા ભારતીય નાગરિકો માટે લાગુ પડતી હતી, જ્યારે હવે ૬ દેશોમાં રહેતા ભારતીય નાગરિકોને પણ આ સેવા મળશે.

પરંતુ આ માટે તેમણે કેટલીક શરતો પૂરી કરવી પડશે, જેમાં ઓછામાં ઓછી ૬ મહિનાની માન્યતા ધરાવતો માન્ય પાસપોર્ટ, માન્ય વિઝા, નિવાસી પરમિટ અથવા ગ્રીન કાર્ડનો સમાવેશ થાય છે. યુએઈની આ પહેલનો ઉદ્દેશ્ય ભારતીય નાગરિકો માટે દેશમાં મુસાફરી કરવાનું સરળ બનાવવા અને યુએઈમાં રોજગારની નવી તકો પૂરી પાડવાનો છે. રિપોર્ટ અનુસાર, યુએઈ ભારતીયોને ૩ શ્રેણીઓમાં વિઝા સેવાઓ પૂરી પાડશે. ૪ દિવસના વિઝા ઓન અરાઈવલનો ખર્ચ એઈડી ૧૦૦ છે. અરવલ્લી માટે ૧૪ દિવસનો વિઝા ૨૫૦ એઈડી અને ૬૦ દિવસનો વિઝા ૨૫૦ એઈડી છે. સિંગલ ટાઈમ ટૂરિસ્ટ વિઝા ૩૦ દિવસ અથવા ૬૦ દિવસ માટે માન્ય છે.

# ૮૪૭ જ્ઞાન સહાયકની ભરતી કરવાની રાજ્ય સરકારની હાઈ કોર્ટમાં જાહેરાત

### રાજ્યભરની આશ્રમ શાળાઓમાં શિક્ષકો, સ્ટાફની અછત મુદ્દે થયેલી રીટના જવાબમાં સરકારે રજુ કર્યું મહત્વનું નિવેદન

ગાંધીનગર, તા.૨૦

રાજ્યની આશ્રમશાળાઓમાં શિક્ષકો, સ્ટાફની અછત, ડ્રોપ આઉટ રેશ્યો સહિતના મુદ્દે થયેલી ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજીની સુનાવણીમાં રાજ્ય સરકાર તરફથી મહત્ત્વનું નિવેદન આપવામાં આવ્યું હતું કે, જેમાં જણાવ્યું હતુ કે,થઆશ્રમશાળાઓમાં પણ રાઈટ ટુ એજયુકેશન(આરટીઇ)એક્ટની જોગવાઈઓની અમલવારી થશે અને તે મુજબ તેમાં પણ શિક્ષણ અને સુવિધાઓ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ બનાવાશે. આ માટે સરકાર દ્વારા ગ્રાંટ પણ જાહેર કરાઈ છે. આરટીઇ મુજબના પાલન માટે સરકાર દ્વારા ૮૪૭ જેટલા જ્ઞાન સહાયકોની ભરતી આશ્રમશાળાઓમાં કરશે.

ગુજરાત હાઈકોર્ટે આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળાઓ અને ઓરડાની સંખ્યા સહિતની માહિતી રજૂ કરવા નિર્દેશ કરી કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખી હતી. અરજદારપક્ષ તરફથી રિટ અરજીમાં આક્ષેપ કરાયા હતા કે, પઆશ્રમ શાળાઓમાં શિક્ષકોની ઘટ અને અન્ય સુવિધાઓના અભાવે વિદ્યાર્થીઓના શિક્ષણ પર ગંભીર અસરો પડી રહી છે. સરકાર ભરતી મુજબ નિયમો કરે છે, પરંતુ કોન્ટ્રાકટ પૂરો થાય એટલે તેઓને કાઢી મૂકે છે. આશ્રમશાળાઓમાં શિક્ષકોની ચિંતાજનક ઘટ છે. તો સરકારે નોન ટીચિંગ સ્ટાફની ભરતી અંગે પણ કોઈ ખુલાસો કર્યો નથી.

રાજ્ય સરકાર તરફથી જણાવાયું હતું કે, પઆશ્રમશાળાઓના વિવિધ મુદ્દાઓ અને તેના નિરાકરણને લઇ રાજય સરકાર દ્વારા એક ખાસ કમિટીની રચના પણ કરવામાં આવી છે. જેણે આશ્રમ શાળાઓના રિસ્ટ્રકચરિંગ સહિતની બાબતોને લઈ સરકારમાં પોતાનો અભિપ્રાય પણ આપ્યો છે. આ અંગે ટૂંક સમયમાં જ નોટિફિકેશન જારી કરવામાં આવશે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## શંકરાચાર્યનાં પંચ સાધન ક્રમનું પ્રથમ સૂત્ર ‘‘વેદો નિત્યધીયતામ‘‘ જીવને જીવનમુક્ત બનાવે છે.



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ભારતીય સંસ્કૃતિની મુખ્ય પ્રણાલી તારીખે પાઠ અને પૂજા છે! જે લગભગ દરેક ઘરમાં કોઈ નેં કોઈ રીતે થતી હોય છે. કારણકે ભારતીય સનાતન ધર્મ મુક્તિ અને ભક્તિ બંનેને જીવતાં જ માણવાં કહે છે. ભક્તિ તો હજી સમજાય પણ મુક્તિ! જીવનમુક્ત જીવવા માટે ઘણાં સંતો મહંતો એ ઘણી વાત કહી.જગતગુરુ શંકરાચાર્ય એ પંચદેવની પૂજા, તેમજ માનસિક પૂજા ઉપરાંત પંચસાધન ક્રમ નામની પણ એક સુંદર વાત કહી જેના દ્વારા સંસારી જીવ જીવતે જીવ જીવનમુક્ત અવસ્થામાં જીવી શકે, તો આજે આપણે એ પંચ સાધન ક્રમનું પ્રથમ સૂત્ર

‘‘વેદો નિત્યધીયતામ‘‘ કે જેમાં નિત્ય વેદનું અધ્યયન કરવું એમ કહ્યું, ભારતીય સંસ્કૃતિમાં ચાર વેદને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે, અને આપણે સૌ કોઈ જાણીએ છીએ કે વેદ સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ થયાં હતાં. એટલે વેદના અધ્યયનથી લાભ થાય છે, પણ બાપુએ ઘણીવાર કહ્યું છે કે ભગવતગીતા મહાભારત કે રામાયણનું અધ્યયન કરવાથી પણ જગતગુરુ શંકરાચાર્યના પ્રથમ સૂત્રનું પાલન થાય છે. અથવા તો વેદપાઠ તરીકે એ પણ આપણે કરી શકાય. પરંતુ કોઈપણ શાસ્ત્રોનું અધ્યયન શું કામ કરવું જોઈએ? એવો એક પ્રશ્ન થાય તો, એને વિષે થોડું વિશ્લેષણ કરીએ. સામાન્ય રીતે વેદની વાત કહી છે, તો આપણે ત્યાં મુખ્ય ચાર વેદ છે.ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, પરંતુ એક વિચાર એ પણ આવે કે આ વેદની ઉત્પત્તિ થઈ શું કામ? વેદમાં પૃથ્વી પર માનવ જન્મ લઈને આવનાર જીવને કઈ રીતે જીવન જીવવું જોઈએ એ વિશેની વાતો ઉપદેશ રૂપે કહેવામાં આવી છે, અને એટલે જ તેના સાર તારીખે ઉપનિષદનું નિર્માણ પણ થયું છે. એટલે વેદનું અધ્યયન કરવાથી મુખ્ય ચાર ઉપલબ્ધિ પ્રાપ્ત થાય, અને એના દ્વારા જીવન સત્યમ શિવમ સુન્દરમ બને, આ તેનો મુખ્ય હેતુ છે.સૌ કોઈ અહીં પોતાના જીવનને મધુર, સરળ, અને સુંદર, સહજ, બનાવવા માંગતું હોય છે. કોઈ એની માટે ભોગની પસંદગી કહે છે, તો કોઈ એને માટે યોગની પસંદગી કરે છે. પરંતુ મુખ્ય હેતુ તો કાયમી સુખ કે આનંદ પ્રાપ્ત કરવાનો જ છે. તો વેદ કે પછી કોઈ અન્ય વૈદિક ગ્રંથના અધ્યાયથી જીવને મુખ્ય ચાર ઉપલબ્ધિ પ્રાપ્ત થાય છે,તે કઈ છે એ પ્રશ્ન થાય તો.

૧. જીવને સુસંસ્કૃત બનાવે છે.

આપણી સંસ્કૃતિએ જેને વૈદિક ગણ્યાં છે, એવાં કોઈપણ ગ્રંથનું નિત્ય અધ્યયન કરવામાં આવે તો એ જીવને સુસંસ્કૃત બનાવે છે. એટલે કે સંસ્કૃત એક ભાષા તરીકે માત્ર ન ગણતાં સંસ્કારોથી ભરે છે. આપણી મૂળ સંસ્કૃતિનાં સંસ્કારને ઉજાગર કરે છે, નીતિ અને પ્રમાણિકતાના મૂલ્યનું મહત્વ સમજાવે છે, તેમજ આ નૈતિક મૂલ્યોને જીવનમાં પ્રસ્થાપિત કરે છે. એટલે કે કોઈ પણ વૈદિક ગ્રંથોનું અધ્યયન કરનાર પોતાના જીવનમાં ખોટું નહીં કરે, સત્યના માર્ગ પર જ તે ચાલશે. તેમજ આપણી સંસ્કૃતિનાં ચારેચાર મુખ્ય સંસ્કારનું વહન કરીને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી પણ સ્વીકારશે. એટલે કે સમાજ તેની સાથે શું કરે છે! તે જોયા વગર તે પોતાનાથી થાય તેટલું તેને મદદરૂપ થવાની કોશિશ કરીને પોતાના જીવનને સ્વચ્છતા, સાદગીપૂર્ણ સંસ્કારથી ઉજ્જવળ બનાવશે.

૨. જીવને જાગૃત બનાવે છે.

જીવ ગમે તેટલો સંસ્કારી હોય, અને કંઈ ખોટું ન કરવું એની માટે સંકલ્પિત હોય, પરંતુ સમાજ આવા લોકોની બહુ કસોટી કરે છે. તો ક્યારેક સંજોગો પણ વિપરીત થવાની પુરેપુરી શક્યતા રહે છે, આવાં સમયે વૈદિક શાસ્ત્રનું નિત્ય અધ્યયન કરનાર જાગૃત રહીને પોતાનાં નૈતિક મૂલ્યોને ભૂલતો નથી. એટલે કે જીવનને અસત્યના માર્ગે જતું રોકવા માટે જાગૃતિ બહુ જરૂરી છે, અને આ જાગૃતિ આપણને અધ્યયનથી પ્રાપ્ત થાય છે. બાકી આજનો સમાજ બૌદ્ધિકતાની રીતે ખૂબ જ શ્રેષ્ઠ છે, અને દરેકને મોટાભાગે ખબર હોય છે કે આ સાચું આ ખોટુ, આ સારું આ ખરાબ, છતાં પણ જાગૃતિના અભાવને કારણે ખોટા પંથે યાત્રા આગળ વધે છે, અને પરિણામે બહુ દૂર સુધી પહોંચી ગયા પછી, માત્ર પસ્તાવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી, એટલે સમયે જાગવું અને જાગી ગયા પછી જાગૃત રહેવા માટે અધ્યયન ખૂબ જ જરૂરી છે.

૩. જીવ ને પ્રાકૃત બનાવે છે.

પ્રાકૃત એટલે સહજ,ઘણીવાર એવું થાય કે પંડિત તો બની જવાય એટલે કે શાસ્ત્રોનું અધ્યયન કરીને વિદ્વાન બન્યાં, પરંતુ એ પદને પચાવી શકતા નથી, એટલે બુદ્ધિની આ કક્ષાએ ખતરો છે, પદ પ્રતિષ્ઠા ખતરનાક સાબિત થાય છે. લોકો પ્રશંસા કરે કે ભાઈ તમે તો ખૂબ વિદ્વાન છો, તો અહમ આવવાની પૂરેપૂરી શક્યતા છે. પરંતુ નિત્ય વૈદિક શાસ્ત્રનું અધ્યયન પ્રાકૃત કે સહજ બનાવે છે. નિત્ય વૈદિક શાસ્ત્રનું અધ્યયન કરવાથી પદ પ્રતિષ્ઠાનાં અહંકારથી દૂર રહીને સમાજમાં નાનામાં નાના માણસ સાથે તે સજ્જન થઈને જીવતાં જોવા મળે છે. નિત્યનું અધ્યયન તેને સહજ બનાવે, જતું કરતાં શીખવે,અને માર્ગ ભ્રષ્ટ થવા દેતું નથી, અથવા તો તેની બુદ્ધિને સ્થિતપ્રજ્ઞ રાખે છે.

૪. જીવ ને આકૃત બનાવે છે.

સામાન્ય રીતે આકૃત એટલે કે આકૃતિ કે દેહાકૃતિની વાત નથી, છતાં એ પણ સોમ્ય બને છે. એટલે કે ભોગ તરફથી યોગ તરફ ગતિ થઈ હોવાથી, જીવન સંયમિત બને છે, અને સૌમ્ય બને છે. પરંતુ આકૃત એટલે જીવન વિશેની એક સ્પષ્ટ વ્યાખ્યા બની જાય છે. એટલે કે કેવું જીવન હોવું જોઈએ એમ નહીં, જીવન જ વેદના કહ્યાં અનુસારનું વૈદિક બને છે. ઘણીવાર કોઈ બુદ્ધ પુરુષ જતાં હોય અથવા તો એના દર્શન કરીએ, ત્યારે આપણને સાક્ષાત વેદ રૂપે હોય તેવું લાગે, એટલે કે વેદમાં જે વાત કહી છે તેનું પ્રતિપાદન કરનારી આકૃતિ માનવ સ્વરૂપે બને. આ કક્ષાએ પહોંચવું ખૂબ જ કઠિન છે, પરંતુ નિત્ય અધ્યયન કરવાથી કંઈ જ મુશ્કેલ નથી. આ વાત નાનકડા એક ઉદાહરણ પરથી સમજીએ.

આપણે સૌએ નદીને વહેતી જોઈ છે, કોઈએ નદી ક્યાંય રોકાઈ ગઈ હોય તેવું જોયું છે? હા સમુદ્રમાં સમાઈ ગઈ હોય, એ એક વાત જુદી છે. બાકી સમુદ્ર તરફની તેની દોડ અવિરત છે, એ આપણે સૌ કોઈ જાણીએ છીએ. એટલે કે સમર્પણની નિષ્ઠા તેને જીવનમાં લક્ષ્ય તરફ ગતિ કરવા માટેનું બળ આપે છે, બાકી કેટલા કેટલા અવરોધો આવે છે તેનાં માર્ગમાં! એટલે કે મોટા મોટા પથ્થરો, ઝાડી ઝાંખરા આવે, છતાં નદી તેનો માર્ગ કરીને આગળ વધતી જ રહે છે, અને પથ્થરને પણ તોડી ફોડીને તે આગળ વધતી જ રહે છે. બસ એ જ રીતે મુખ્ય ધ્યેયને પામવાં એટલે કે જીવનને મધુર, સરળ, સહજ, તેમજ આનંદરૂપ બનાવવા માટે સત્યનિષ્ઠ બનીએ, તો આ ચારેચાર ઉપલબ્ધિ આપણને પ્રાપ્ત થાય છે, અને એની માટે માત્ર ને માત્ર એક જ સાધન અને એ પણ નિયત માત્રામાં વૈદિક શાસ્ત્રનું અધ્યન કરીએ, તો જીવનમાં આ ચારેચાર ઉપલબ્ધિ આપણે પ્રાપ્ત કરી શકીએ, અને એના દ્વારા જીવનને સુંદર મધુર સરળ અને આનંદરૂપ બનાવી શકીએ, જે જીવતેજીવ જીવન-મુક્તિની ઉદઘોષણા કરનારું તેમજ પરમ આનંદ અને પરમ વિશ્રામ આપનારુ છે.

આપણે જીવનની આંટીઘૂંટીઓ તેમજ ગતિવિધિ માંથી પસાર થતાં થતાં એટલા બધા થાકી ગયા છીએ, કે આજે હવે એમ લાગે કે ખરેખર વ્યવહાર, તહેવાર, અને બીજા બધા અન્ય અહમ, આગ્રહના, કારણે આપણે જીવનને ખૂબ જ જટિલ બનાવી દીધું છે, હકીકતમાં એટલે જ થાક લાગે છે. તો જન્મો જનમનો થાક ઉતારવા માટે સદગુરુ ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્યનું આ પંચ સાધન ક્રમનું પહેલું સૂત્ર અપનાવી, અને આપણાં જીવનને આ ચાર ઉપલબ્ધિથી સુંદર બનાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

રાજકોટમાં સોશિયલ મિડીયાનો વધુ એક વખત દુરૂઉપયોગ થયોઃ બાળાઓ, વાલીઓ ચેતતા રહે

# સ્નેપચેટથી ફ્રેન્ડ બનાવી છાત્રા સાથે ઢગા ધવલનું દૂષ્કર્મ, વિકૃત હરકત

## પાંચ છ મહિના ચેટીંગ કર્યુ પછી ઘરે પહોંચી મુખમૈથુન કરાવી વિડીયો બનાવ્યોઃ બીજી વાર ઘરે જઇ ધમકી દઇ બળાત્કાર ગુજાર્યોઃ ગાંધીગ્રામ પોલીસે અઢાર વર્ષના શખ્સને દબોચી લીધો

રાજકોટઃ સગીરાઓ, છાત્રાઓને ફસાવીને તેની જિંદગી બરબાદ કરી નાખવાની ચોંકાવનારી ઘટનાઓ અટકતી જ નથી. રાજકોટમાં વધુ એક સગીરા દૂષ્કર્મનો ભોગ બની છે. આ વખતે પણ સોશિયલ મિડીયા થકીની ફ્રેન્ડશીપ કારણભુત બની છે. પંદર વર્ષની વિદ્યાર્થીનીને સ્નેપચેટ થકી ફ્રેન્ડ બનાવી અઢાર વર્ષના યુવાને ફસાવી હતી. પછી આ બાળાના જ ઘરે બે વખત જઇ ધમકી દઇ એક વાર મુખમૈથુન કરાવી બીજી વાર દૂષ્કર્મ આચરી લેવામાં આવતાં ખળભળાટ મચી ગયો છે. વળી મુખમૈથુન કરાવ્યું તેનો વિડીયો પણ આ ઢગાએ બનાવી લીધો હતો. જે બાળાના મોબાઇલમાંથી મળતાં વાલીઓ પણ હચમચી ગયા હતાં.

ઇન્ટરનેટના યુગમાં સોશિયલ મિડીયાનો ઉપયોગ બાળાઓને ફસાવવા માટે વધુ થતો હોય છે તેની પ્રતિતી કરાવતી ઘટના સતત સામે આવે છે. રાજકોટ માં આવી વધુ એક ઘટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે. જેમાં આરોપીને પકડી લેવાયો છે. ૧૧માં ધોરણમાં ભણતી ૧૫ વર્ષની છાત્રાને સ્નેપચેટ મારફત ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલ્યા બાદ તેણી છએક મહિના વાતચીત કરી પ્રેમજાળમાં ફસાવી બાદમાં અઢાર વર્ષના શખ્સે ઘરે કોઇ નહોતું ત્યારે પહોંચી જઇ ધમકી દઇ મુખમૈથુન કરાવી તેનો વિડીયો બનાવી લઇ બીજી વાર પણ વેલેન્ટાઇન ડેના આગલા દિવસે ઘરમાં ઘુસી ધમકી દઇ દૂષ્કર્મ આચરી લેતાં ચકચાર મચી ગઇ છે. ગાંધીગ્રામ પોલીસે ભોગ બનનાર પંદર વર્ષની બાળાના પિતાની ફરિયાદ પરથી ગોંડલ રોડ લોહાનગર તેમજ નાના મવા રોડ ક્વાર્ટમાં રહેતાં અઢાર વર્ષના ધવલ સંજયભાઇ દાદુકીયા વિરૂધ્ધ બળાત્કાર, પોક્સો, આઇટી એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી.

આ ઘટનામાં ભોગ બનેલી બાળાના મારે બે સંતાન છે જેમાં દિકરી પંદર વર્ષની છે. તેણી ધોરણ-૧૧માં અભ્યાસ કરે છે.



તેની પાસે સીમકાર્ડ વગરનો મોબાઇલ ફોન હોઇ તેનો ઉપયોગ તે વિડીયો જોવા માટે રાખે છે. બે દિવસ પહેલા અઢારમીએ મારી દિકરી શાળાએ ગઇ ત્યારે મારા દિકરાએ તેણીનો ફોન ચેક કરતાં તેમાં ઇન્સ્ટાગ્રામ આઇડીમાંથી મેસેજ આવ્યો હતો. જેમાં એક ધવલ નામની આઇડીના ધારક સાથે વાતચીત થઇ હતી. તેમજ સ્નેપચેટમાં પણ ધવલ દાદુકીયાની આઇડીમાં મારી દિકરીની વાતચીત થઇ હતી. તેમજ મુખમૈથુનનો એક વિડીયો પણ જોવા મળ્યો હતો. ફરિયાદીએ આગળ કહ્યું હતું કે આ પછી દિકરી શાળાએથી આવતાં તેને ધવલ બાબતે પુછતાં તેણીએ કહેલું કે મારે અને ધવલને સાતેક વર્ષની સ્નેપચેટ મારફત ઓળખાણ થઇ હતી. હું મારા સીમકાર્ડ વગરના મોબાઇલ ફોન સાથે ઘરના બીજા મોબાઇલમાંથી વાઇફાઇ કનેક્ટ મારા અભ્યાસ માટેના વિડીયો યુ ટ્યુબ પર જોતી હતી. તે વખતે એક દિવસ ધવલે મને સ્નેચેટ આઇડીમાંથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. જેથી મેં રિક્વેસ્ટ એક્સેપ્ટ કરી હતી. એ પછી અમારી વચ્ચે મોબાઇલ ફોનમાં વાતચીત શરૂ થઇ હતી.

ત્યારબાદ ધવલ મને સ્કૂલ પાસે મળવા આવતો હતો. ગત ૫/૨ના રોજ સવારે સાડા દસેક વાગ્યે ઘરે કોઇ નહોતું ત્યારે ધવલ આવ્યો હતો અને શરીર સંબંધની માંગણી કરી હતી. મેં ના પાડતાં તેણે ધમકી આપી હતી કે જો તું શરીર સંબંધ નહિ બાંધે તો તારા તને મારી નાખીશ. એ પછી તેણે મુખમૈથુન કરાવી લીધુ હતું અને બાદમાં કોઇને આ વાત કરતી નહિ તેમ કહી ધમકી આપી જતો રહ્યો હતો. આ વખતે તેણે મારી જાણ બહાર વિડીયો પણ બનાવી લીધો હતો. આ વિડીયો તેણે બે દિવસ પછી મને મોબાઇલમાં મોકલ્યો હતો.

આ પછી ૧૩મી ફેબ્રુઆરીના રોજ સવારે ફરી ઘરે કોઇ ન હોઇ તે આવ્યો હતો અને શરીરસંબંધ બાંધવાનું કહેતાં ના પાડતાં તનેણે મરજી વિરૂધ્ધ એક વખત સંબંધ બાંધી લીધો હતો. થોડીવાર પછી તે કોઇને વાત કરતી નહિ નહિતર મારી નાંખીશ તેવી ધમકી દઇ જતો રહ્યો હતો. દિકરીએ આ વાત જણાવતાં અમે પોલીસ ફરિયાદ કરવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં બાળાના પિતાએ જણાવતાં સ્નેપચેટ મારફત ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી ધવલે મારી દિકરીને ફસાવી ઘરમાં આવી ધમકી દઇ મુખમૈથુન કરાવી તેમજ એક વાર શરીર સંબંધ બાંધી ધમકી આપી હોઇ અમે ફરિયાદ કરવાનું નક્કી કર્યુ હતું તેમ ગાંધીગ્રામ પોલીસ ઇન્સ્પેક્ટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ પી. બી. વારોતરીયા, હંસરાજભાઇ સહિતે ગુનો નોંધી આરોપી ધવલ દાદુકીયાને સકંજામાં લીધો છે. તે મોરબી ખાતેની કંપનીમાં વોશીંગ વિભાગમાં નોકરી કરે છે અને રાજકોટ-મોરબી અપડાઉન કરે છે. સોશિયલ મિડીયા વધુ એક વખત બાળાને ફસાવવામાં નિમીત બન્યું હતું. વાલીઓ, બાળાઓ સજાગ રહે જાગૃત રહે તે જરૂરી છે.

# સૌ.યુનિની શૈક્ષણિક મંડળીની ખાસ સાધારણ સભા ૨૭ ફેબ્રુઆરીના રોજ

## કુલપતિ પ્રોફે. ઉત્પલ એસ . જોશી અને રા. લો. સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાની રહેશે પ્રેરક ઉપસ્થિતિ

રાજકોટ, તા. ૨૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે ઉત્પલ એસ. જોશીના અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા ગુરૂવાર, તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪.૩૦ કલાકે ગુજરાતી ભવનનાં સેમિનાર હોલમાં મળશે.

આ પ્રસંગે રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.ના અધ્યક્ષ અને વરિષ્ઠ પત્રકાર નરેન્દ્રસિંહ જાડેજા મુખ્ય મેહમાન પદે ઉપસ્થિત રહેશે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભામાં સભાસદોને આપવામાં આવતી મહત્તમ ૩૦ લાખની લોનની મર્યાદા વધારીને મહત્તમ લોન ૬૦ લાખની કરવા તેમજ ફરજિયાત બચતની રકમમાં વધારો કરવા સહિતના નિર્યણ લેવામાં આવશે. ગુરૂવાર,





તા. ૨૭-૦૨-૨૦૨૫ ના રોજ યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા યોજાશે.

સાથોસાથ આ જ યુનિવર્સિટીના એલ્યુમનાઈ અને ફીઝીક્સ ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રોફે. ઉત્પલ એસ. જોશીનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પદ પર નિયુક્ત થવા બદલ ગરિમાપૂર્ણ અભિવાદન કરવામાં આવશે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ પ્રો. જે. એ. ભાલોડિયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો.યોગેશ જોગસણ, ખજાનચી ડો. રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો - પ્રો. સંજય ભાયાણી, પ્રો.આર. બી. ઝાલા, પ્રો.અતુલભાઈ ગોસાઈ, પ્રો.નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, ડો. મનીષ શાહ, ડો.અશ્વિનભાઈ સોલંકી અને ડો.ભરતભાઈ ખેર જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજકોટ-વાપીના રસ્તે આવતા જતાં બે અલગ અલગ હોટલ પર બે અલગ અલગ શખ્સો મળ્યા એ બંનેએ ‘ઘુંટણના દુઃખાવામાં મુંબઇના ડો. જરીવાલા સો ટકા સચોટ ઇલાજ કરે છે’ તેવી વાત કરતાં વૃધ્ધ અને તેમના પત્નિ, દિકરી વિશ્વાસમાં આવી ગયા અને કહેવાતા ડોક્ટરનો સંપર્ક કર્યો

# ‘ડૂપ્લા ડોકટર જરીવાલા’એ ૬ લાખની ‘ઠગાઇનું ભરત’ ભર્યુઃ વૃધ્ધ છેતરાયા

## કાલાવડ રોડ આરકે પાર્કના વૃધ્ધના પત્નિને ઘુંટણનો દુઃખાવો હોઇ સારવારના નામે ગઠીયાએ ફ્રોડ આચર્યુઃ યુનિવર્સિટી પોલીસે ત્રિપુટીની શોધ આરંભી

રાજકોટઃ લેભાગુ ગઠીયાઓ કેવા કેવા નુસ્ખાઓ અજમાવી લોકોને છેતરે છે તેનો પુરાવો આપતો વધુ એક બનાવ બન્યો છે. શહેરના કાલાવડ રોડ આરકે પાર્કમાં રહેતાં પટેલ વૃધ્ધને રાજકોટથી વાપી જતી વખતે અને આવતી વખતે હોટેલ ખાતેના હોલ્ટ વખતે ભેટી ગયેલા બે શખ્સોએ મુંબઇના ડો. જરીવાલા ઘુંટણના દુઃખાવાના સચોટ ઇલાજ કરી આપે છે કહી વૃધ્ધને વિશ્વાસમાં લીધા બાદ કહેવાતા ગઠીયાએ ડોક્ટર જરીવાલા નામે આ વૃધ્ધના ઘરે આવી તેમના પત્નિના ગોઠણના દુઃખાવાની સારવારના નામે ઇન્જેક્શનથી રસી કાઢવાના એક ટીપાના આઠ હજાર લેખે એંસી ટીપા કાઢી કુલ ૬,૪૦,૦૦૦નું બીલ આપી બાદમાં ૪૦ હજારનું કન્સેશન આપી છ લાખ ઉઘરાવી લઇ ઠગાઇ કરી લીધી હતી.

ચોંકાવનારી આ ફ્રોડની ઘટના પર નજર કરીએ તો આ બારામાં યુનિવર્સિટી પોલીસે કાલાવડ રોડ રાણી ટાવર પાછળ આરકે પાર્ક-૨૬માં રહેતાં સિત્તેર વર્ષના સવજીભાઇ હરિભાઇ પટેની ફરિયાદ પરથી મહેશ્વરી, સંજય અગ્રવાલ અને ડો. જરીવાલા તથા તપાસમાં ખુલે તેની સામે નકલી ડોક્ટર બની સવજીભાઇના પત્નિના ઘુંટણની ખોટી સારવાર કરી તેમજ બીજી સારવાર કરાવવાના બહાને રૂા. ૬ લાખની ઠગાઇ કર્યાનો ગુનો નોંધ્યો છે. સવજીભાઇ પટેલે જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને દોઢસો રીંગ રોડ ઇસ્કોન મોલમાં ત્રીજા માળે ચેમ્પિયન સોફ્ટવેર ટેકનોલોજી લિ. નામે ઓફિસમાં બેસી આઇટી સોફ્ટવેરને લગતું કામ કરુ છું. તા. ૨૪/૧૧/૨૪ના રોજ સવારે સાતે કવાગ્યે હું અને મારા પત્નિ ગૌરીબેન તથા મારા ડ્રાઇવર દિપકભાઇ ચૌહાણ અમારી કારમાં રાજકોટથી વાપી જવા નીકળ્યા હતાં ત્યારે બપોરે દોઢેક વાગ્યે વડોદરા નજીક ગિરનાર હોટેલમાં જમવા માટે રોકાયા હતાં.

અમે ત્યાંથી જમીને હોટેલમાંથી બહાર નીકળતા હતાં ત્યારે મારા પત્નિ ગૌરીબેનને ઘુંટણમાં છેલ્લા ત્રણેક મહિનાથી દુઃખાવો હોઇ તે સરખી રીતે ચાલી શકતાં ન હોઇ હોટેલ ખાતે એક અજાણ્યો શખ્સ ઉભો હોઇ તે અમારી પાસે આવ્યો હતો અને કહેલુ કે-સાહેબ બેનને ચાલવામાં તકલીફ છે? જેથી મેં હા તેમને બે ત્રણ વર્ષથી પગમાં દુફખાવો થાય છે અને ચાલવામાં પણ ખુબ તકલીફ પડે છે તેમ કહેતાં તેણે પોતાનું નામ મહેશ્વરી છે તેમ કહી મોબાઇલ નંબર આપ્યા હતાં અને કહેલું કે મુંબઇ ખાતે ડો. જરીવાલા છે, જે આવા દુઃખાવાની જ સારવાર કરે છે. મારા બહેન અને માતાનો પણ ડો. જરીવાલા પાસે ઉપચાર કરાવ્યો હતો, બંનેને સો ટકા સારુ થઇ ગયું છે. આ પછી તેણે મને ડો. જરીવાલાનું વિઝીટીંગ કાર્ડ બતાવ્યું હતું આ કાર્ડ અમારા ડ્રાઇવર દિપકભાઇના વ્હોટ્સએપ નંબરમાં તેણે મોકલ્યું હતું.

એ પછી તા.૨૭/૧૧ના રોજ અમે વાપીથી રાજકોટ આવવા નીકળ્યા ત્યારે ભરૂચથી વડોદરા વચ્ચે શિવકૃપા હોટેલ ખાતે નાસ્તો કરવા રોકાયા હતાં. અહિ નાસ્તો કરીને બહાર નીકળ્યા ત્યારે મારા પત્નિ



કહેવાતા ડોક્ટરે વૃધ્ધાને તપાસ કહ્યું-ગોઠણમાં રસી છે, એક ટીપુ રસી કાઢવાના ૮ હજાર થાયઃ વૃધ્ધે હા કહેતાં ૮૦ ટીપા કાઢી ૬.૪૦ લાખનું બીલ ઠપકાર્યુઃ પછી ચાલીસ હજાર ઓછા કરી દીધા!

ધીમે ધીમે ચાલતાં હોઇ આ જોઇ ફરી એક અજાણ્યો શખ્સ આવ્યો હતો અને પુછ્યું હતુ કે-બહેનને ઘુંટણની તકલીફ છે? જેથી મેં હા પાડતાં એ શખ્સે પોતાનું નામ સંજય અગ્રવાલ છે તેમ કહી મોબાઇલ નંબર આપ્યા હતાં અને કહ્યું હતું કે-આ પ્રકારની તકલીફમાં મુબઇના ડો. જરીવાલ સો ટકા ઉપચાર કરી આપે છે. મેં અમારા સંબંધીમાંથી બે ત્રણ લોકોની સારવાર કારવી છે. તેઓ આવા પગના દુઃખાવાનો ઉપચાર કરી આપે છે. તેમ કહી તેણે પણ ડો. જરીવાલાના મોબાઇલ નંબર આપ્યા હતાં. આ વખતે મારા દિકરી જયશ્રીબેન કે જે તોપે હોમીયોપેથી ડોક્ટર હોઇ તેણી પણ અમારી સાથે હોઇ તેણીએ મોબાઇ નંબર પર ડો. જરીવાલા સાથે ફોનમાં વાત કરી હતી. એ પછી અમે રાજકોટ આવી ગયા હતાં.

ત્યારબાદ ૩૦/૧૧ના રોજ મારા દિકરીના ફોનમાં ડો. જરીવાલાના નામથી ફોન આવ્યોહ તો. તેણે કહેલુ કે હું તમારા માતાના ઘુંટણના દુઃખાવાનો ઇલાજ કરવા આવતીકાલે રાજકોટ આવીશ. જેથી મારા દિકરીએ અમારા ઘરનું સરનામુ આપ્યું હતું. ત્યારબાદ તા. ૧/૧૨/૨૪ના રોજ બપોરે હું, મારા પત્નિ, દિકરી બધા ઘરે હતાં ત્યારે ડો. જરીવાલા અમારા ઘરે આવ્યા હતાં અને પોતાની ઓળખ આપી પુછેલુ કે-અહિ દર્દી કોણ છે? જેથી મારા પત્નિ ગૌરીબેને પોતાના ઘુંટણના દુઃખાવાની વાત કરી હતી. ડો. જરીવાલાએ તપાસ કરી કહેલું કે તમારા ઘુંટણમાં રસી થઇ ગઇ છે તે બહાર કાઢવી પડશે, રસીનું એક ટીપુ કાઢવાના ૮ હજાર રૂપિયા થશે. જેથી મેં પુછેલુ કે અંદાજે કેટલા ટીપા નીકળશે? તો ડો. જરીવાલાએ કહેલુ કે-અંદાજીત ૧૦ થી ૨૦ ટીપા નીકળશે. જેથી મેં તેને ટીપા કાઢવાની હા પાડતાં ડો. જરીવાલાએ ઇન્જેક્શન અને પાઇપ વડે એક પછી એક કરીને એક કલાકમાં ૮૦ ટીપા રસી કાઢ્યા હતાં. એ પછી તેણે કહેલુ કે એક ટીપાના ૮ હજાર લેખે ૮૦ ટીપાના રૂા. ૬,૪૦,૦૦૦ થયા છે. ત્યારબાદ અમે તેને થોડુ વાજબી કરવાનું કહેતાં તેણે તો ૬ લાખ આપી દેજો તેમ કહેતાં અમે તેને ૨ લાખ રોકડા આપ્યા હતાં. ત્યારબાદ બાકીના ૪ લાખ તેણે બેંક ખાતામાં ટ્રાન્સફર કરવાનું કહેતાં અને કોટક મહિન્દ્રા બેંકના ખાતા નંબર આપતાં મેં તેને આ ખાતામાં રકમી મોકલી દઇશ તેમ કહ્યું હતું. બીજા દિવસે મારી ઓફિસનું બેંક ખાતુ જે આરબીએલ બેંકમાં છે ત્યાં જઇ ડો. જરીવાલાએ આપેલા ખાતા નંબરમાં તપાસ કરાવતાં ખાતાધારકનું નામ ગુરફાન મહંમદનુરાદીન અંસારી બતાવતું હતું. જેમાં મેં પ્રથમ રૂા. ૨ લાખનું ટ્રાન્જેક્શન કર્યુ હતું. પછી રૂા. ૧,૯૯,૦૦૦ મળી કુલ રૂા. ૩,૯૯,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતાં. ત્યારબાદ થોડા દિવસ પછી મારા પત્નિને ફરીથી ઘુંટણમાં દુઃખાવો શરૂ થઇ જતાં ડો. જરીવાલાને ફોન કર્યો હતો. પરંતુ તેણે યોગ્ય જવાબ આપ્યો નહોતો. ત્યાર પછી અવાર-નવાર મેં તેને ફોન જોડ્યા હતાં.

પણ છેલ્લે તેણે ફોન સ્વીચઓફ કરી દીધો હતો. ડો. જરીવાલાના વિઝીટીંગ કાર્ડમાં જણાવેલા એડ્રેસ પર તપાસ કરતાં ત્યાં આવા કોઇ ડોક્ટર નહિ હોવાનું જણાયું હતું. આમ ડો. જરીવાલાનું નામ ધારણ કરનાર અને અમને રાજકોટથી વાપી જતી તથા વાપીથી રાજકોટ આવતી વખતે અલગ અલગ હોટલે મળેલા મહેશ્વરી અને સંજય અગ્રવાલ નામના શખ્સોએ સાથે મળી ડોક્ટરની ખોટી ઓળખ આપી ખોટી સારવાર કરી રૂપિયા પડાવી લીધાની ખબર પડી હતી. તેમ વધુમાં સવજીભાઇ પટેલે જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશના ઇન્સ્પેક્ટર એન. પટેલના માર્ગદર્શન હેઠળ એએસઆઇ એસ. એમ. માડમે એફઆઇઆર દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મંદિરના સેવક જેસીબી ડ્રાઈવર સાથે જમીનમાં સાફસફાઈ કરાવતાં હતાં ત્યારે બૌધ્ધવિહારના સેવકોએ આવી જમીન અમારી છે કહી પાઈપથી હુમલો કરી જેસીબીના દરવાજામાં તોડફોડ કરી

# સરધાર સ્વામિનારાયણ મંદિર પાસે જમીન મામલે બટાઝટીઃ બે ઘવાયા

## સરધાર આઉટપોસ્ટ ચોકી ખાતે ટોળાએ હલ્લો મચાવ્યોઃ તેમાંથી બે શખ્સ દારૂ પીધેલા મળ્યાઃ આજીડેમ પોલીસે બિપીન મકવાણા અને તેના ભત્રીજા સામે હુમલાનો અને નરેશ, અશ્વિન સામે દારૂ પીવાનો ગુનો નોંધ્યોઃ સામે બિપીને પણ પોતાના પર હુમલો થયાની ફરિયાદ સાથે સારવાર લીધી

રાજકોટઃ તાલુકાના સરધાર ગામમાં સ્વામિનારાયણ મંદિર પાસે આવેલી જમીન મામલે મંદિરના સંચાલકો અને ગામના કેટલાક લોકો વચ્ચે લાંબા સમયથી વાદવિવાદ ચાલે છે. આ જમીન બૌધ્ધવિહારની છે તેવું કહી કેટલાક લોકો લડત ચલાવી રહ્યા છે. આ વચ્ચે મંદિરના સેવક અને જેસીબી ડ્રાઈવર આ જગ્યામાં જેસીબીની સાફસફાઈ કરતાં હતાં ત્યારે સરધારમાં જ રહેતાં કાકા-ભત્રીજાએ લોખંડના પાઈપ સાથે આવી જેસીબીના દરવાજામાં ઘા ફટકારી કાચ ફોડી નાંખી તેમજ સેવક યુવાને પાઈપ, ઢીકાપાટુનો માર મારતાં અને જમીન બૌધ્ધહિારની છે કહી માથાકુટ કરતાં પોલીસ દોડી ગઈ હતી. પોલીસે મંદિરના સેવક પર હુમલો કરનારા સામે ગુનો નોંધ્યો છે. તો ટોળુ સરધાર આઉટપોસ્ટ ખાતે ધસી આવ્યું તેમાં બે શખ્સ દારૂ પીધેલા મળતાં તે અંગે અલગથી કેસ કર્યો હતો.





આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ માથાકુટ મામલેં આજીડેમ પોલીસે સરધાર રહેતાં મુળ બગસરાના જુની હડીયાદ ગામના મહિપત પુનાભાઈ બલદાણીયા નામના છવ્વીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી સરધારમાં જ રહેતાં બિપીન મકવાણા અને તેના ભત્રીજા નરેશ મકવાણા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. મહિપત બલદાણીયાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને છુટક મજૂરી કરુ છું. હાલ રાજકોટ સરધાર સ્વામિનારાયણ મંદિરમાં સેવક તરીકે કામ કરુ છું. બુધવારે સાંજે સાડા છથી પોણા સાત વચ્ચે હું તથા જેસીબી ડ્રાઈવર સુરેશભાઈ અમે બંને સરધારના સ્વામિનારાયણ મંદિરની બાજુમાં શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ ટ્રસ્ટની ખુલી જગ્યા છે ત્યાં જેસીબી ચલાવી સાફસફાઈ કરતાં હતાં ત્યારે સરધારમાં રહેતો બિપીન મકવાણા અને તેનો ભત્રીજો નરેશ મકવાણા આવ્યા હતાં.

આ વખતે બિપીનમાં હાથમાં લોખંડનો પાઈપ હતો. તેણે તેનાથી જેસીબી નં. જીજે૦૩એચઈ-૨૩૧૬ જે સુરેશભાઈ ચલાવી રહ્યા હતાં તેમાં ઘા ફટકારી જેસીબીના બંને સાઈડના બારીના કાચ તોડી નાંખ્યા હતાં. તેમજ મને પણ પાઈપથી ઘા ફટકાર્યા હતાં. જેના કારણે મને પગ અને કમરના નીચે ઈજા થઈ હતી. નરેશે મને ઢકીપાટુનો માર માર્યો હતો. દેકારો થતાં મારો મિત્ર પ્રિતેશ રામાણી, શની રબાડીયા સહિતના આવી જતાં તેઓએ બિપીનના હાથમાંથી પાઈપ લઈ લીધો હતો. આ પછી પણ બિપીને મારી સાથે ઝપાઝપી કરી હતી અને તેના ભત્રીજા નરેશે ગાળો દઈ ઢીકાપાટુ માર્યા હતાં. ત્યાં સ્વામિનારાયણ મંદિરના સંતો આવી જતાં અમને વધુ મારથી બચાવ્યા હતાં.

મહિપતે વધુમાં કહ્યું હતું કે થોડીવાર હું મંદિરે રહ્યો હતો. મને મારથી ઈજા થઈ હોઈ દુઃખાવો થતો હોઈ મંદિરની ગાડીમાં બેસી રાજકોટ હોસ્પિટલમાં પહોંચ્યો હતો. પાઈપના ઘાથી જેસીબીમાં ૬૦ હજારનું નુકસાન થયું છે. બીજી તરફ આ બનાવમાં આજીડેમ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ કૃષ્ણવીરસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલની ફરિયાદ પરથી સરધાર ગામ આનંદનગર ક્વાર્ટર સ્વામિનારાયણ બાગની બાજુમાં રહેતાં રસિકભાઈ રાજાભાઈ મકવાણા અને નરેશ જગદીશભાઈ મકવાણા વિરૂધ્ધ દારૂ પીવાનો કેસ દાખલ કરી આગળની કાર્યવાહી કરી હતી. કોન્સ. રાજેન્દ્રસિંહ ગોહિલે જણાવ્યું હતું કે સાંજે અમે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં ત્યારે પોલીસ સ્ટેશનના વ્હોટ્સએપ ગ્રુપમાં મેસેજ આવ્યો હતો કે સરધાર સ્વામિનારાયણ મંદિર પાછળ બૌધ્ધ વિહાર પાસે બિપીનભાઈ મકવાણા સાથે ઝઘડો થયેલ છે. જેથી હું તથા એએસઆઈ ધનરાજસિંહ જાડેજા, હેડકોન્સ. હેમતભાઈ ધરજીયા, કોન્સ. રમેશભાઈ સાટીયા, અજય હુંબલ, હોમગાર્ડ દિપેશભાઈ મેવાસીયા સહિતના પણ ત્યાં પહોંચ્યા હતાં. ત્યાં કોલ કરનાર બિપીનભાઈ મકવાણા પણ હાજર મળેલ. તેણે અમને કહેલુ કે અમારા કબ્જાના બૌધ્ધ વિહારમાં સરધાર સ્વામિનારાયણ મંદિરના સ્વામીઓ, ભક્કો જેસીબીથી ખાડા કરે છે. અમે તેને જેસીબી ચલાવવાની ના પાડતાં અમને મારકુટ કરી છે. આ પછી અમે કોન્સ. રમેશભાઈ સાટીયા આ બધાને સરધાર આઉટપોસ્ટ ખાતે લઈ ગયા હતાં. જ્યાં બિપીનભાઈ મકવાણાની પુછતાછ કરતાં હોઈ બહાર દસ બાર લોકોનું ટોળુ આવી ગયું હતું. જેમાંથી અમુક જોર જોરથી રાડો પાડતાં હતાં. આ ટોળામાં બે જણા શંકાસ્પદ જણાતાં તેના મોઢા સુંઘતા ખાટી વાસ આવતી હોઈ બ્રેથ એનલાઈઝર મશીન મંગાવી આ બંનેની તપાસ કરાવતાં દારૂ પીધાનું જણાઈ આવ્યું હતું. આ બંનેના નામ પુછતાં નરેશ જગદીશભાઈ મકવાણા અને રસિક રાજાભાઈ મકવાણા જણાવ્યા હતાં. બંને સરધારાં જ રહે છે.

આ બંને સામે દારૂ પીવાનો ગુનો નોંધી ધરપકડની તજવીજ કરવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એ. બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ. વી. ગોહિલ, હેડકોનસ. એચ. આર. સોલંકી સહિતે કાર્યવાહી કરી હતી. આ બનાવમાં મહિપતન બલદાણીયા પોતાના પર બિપીન, અશ્વિન સહિતે હુમલો કર્યાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. સામા પક્ષે બિપીનભાઈ બધાભાઈ મકવાણા પણ પોતાના પર બૌધ્ધ વિહાર પાસે અજાણ્યાએ હુમલો કર્યાની ફરિયાદ સાથે સારવાર માટે દાખલ થયો હતો. હોસ્પિટલના બિછાનેથી તેણે પોતાને સ્વામિ સહિતે મારકુટ કર્યાનો આક્ષેપ કર્યો હતો. ઉલ્લેખનિય છે કે આ જમીન મામલે અગાઉ પણ માથાકુટ થઈ ચુકી છે અને કોર્ટમાં કેસ પણ થયા હતાં. મંદિર પાસે હાલ કબ્જો હોવાનું કહેવાય છે. તો બીજી તરફ બૌધ્ધવિહારના કાર્યકરો આ જમીન પોતાની હોવાનો દાવો કરી રહ્યા છે. માથાકુટના વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયા હતાં.

દામ્પત્ય જીવનમાં ઘણા દંપતિ વચ્ચે ચડભડ થતી રહે છે, પણ વાત ઘણીવાર લોહીયાળ બની જાય છે

# પતિ ક્રુર બન્યોઃ કોશના આઠ ઘા મારી પત્નિને પતાવી દીધી

## નજીવી બબાલનું કરૂણ પરિણામઃ નિર્દયી પરેશ નિમાવતે પોતાના જ ત્રણ સંતાનોને મા વગરના કરી દીધાઃ હત્યારાને ઝડપી લેવા પોલીસની ટીમો કામે લાગી

રાજકોટઃ અમુક દંપતિઓ વચ્ચે નહિ જેવી વાતે ચડભડ થતી રહેતી હોય છે અને બાદમાં સમાધાન પણ થઈ જતું હોય છે. પરંતુ ક્યારેક નાની એવી વાત મોટુ સ્વરૂપ ધારણ કરી લે તો વાત લોહીયાળ બની જતી હોય છે. આવી જ એક ઘટનામાં સામાન્ય બોલાચાલી બાદ કાળઝાળ બનેલો પતિ પત્નિ પર ક્રુરતાથી તૂટી પડ્યો હતો અને લોખંડની કોશના સાતેક ઘા ફટકારી પત્નિને ક્રુરતાથી રહેંસી નાંખી ભાગી ગયો હતો. આ ઘટનાથી ત્રણ સંતાનો મા વગરના થઈ ગયા છે. ચકચાર જગાવતી આ હત્યાની ઘટનાને પગલે પોલીસે ટીમો બનાવી હત્યારા પતિને દબોચી લેવા માટે દોડધામ શરૂ કરી છે.

ઘટનાની વિગતો જોઈએ તો આ બનાવ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખડકાળા ગામમાં બન્યો છે. અહિ પત્નિની હત્યા કરી પતિ ફરાર થઈ ગયો છે. બત્રીસ વર્ષીય આશાબેન નિમાવતની તેમના પતિ પરેશ નિમાવતે લોખંડની કોશ વડે હત્યા કરી છે. પરિણીતા ગામમાં વૃદ્ધો માટે રસોઈ બનાવવાનું કામ કરતી હતી અને મહિને અગિયાર હજાર કમાઈને પરિવારને, પતિને મદદરૂપ થતી હતી. દરમિયાન કોઈ કારણે નજીવી બોલાચાલી બાદ પતિ પરેશ ઉશ્કેરાયો હતો અને પત્નિઆશાબેનને પેટના ભાગે કોશના સાતથી વધુ ઘા મારી હત્યા કરી ભાગી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ એસપીના નિર્દેશ પર સાવરકુંડલા રૂરલ પોલીસ, ઈન્ચાર્જ ડીવાયએસપી ચિરાગ દેસાઈ અને એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સાવરકુંડલા હોસ્પિટલ ખસેડ્યો હતો. વધુ વિગતો જોઈએ તો અમરેલી જિલ્લાના સાવરકુંડલા પંથકના ખડકાળા ગામમાં બત્રીસ વર્ષીય પરિણીતાની હત્યા કરાયેલી લાશ રહેણાક મકાનમાં મળતાં ચકચાર મચી હતી. આ ઘટનાની જાણ થતાં એસપી સંજય ખરાતે ગુનાની ગંભીરતા સમજી તાત્કાલિક સૂચના આપી હતી. જેથી સાવરકુંડલા રૂલર પોલીસ અધિકારીઓ, ઈન્ચાર્જ ડીવાયએસપી ચિરાગ દેસાઈ સહિતના અધિકારીઓ એફએસએલની ટીમ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા.

પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર હત્યાનો ભોગ બનેલી આશાબેન નિમાવતને શરીરના ભાગે જમીનમાં ખોદવા માટેની લોખંડની કોશ વડે સાતથી આઠ ઘા મારીને હત્યા કરવામાં આવી છે. આ ઘા ગંભીર રીતે મારેલા હોવાને કારણે પાછળ સુધી ઘા જોવા મળ્યા હતા. હાલ પોલીસની ટીમો દ્વારા મૃતકના પતિની શોધખોળ હાથ ધરી છે. હત્યા અંગે સાવરકુંડલા રૂલર પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. પોલીસે અલગ અલગ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યોહતો.

વધુમાં જાણવા મળ્યા મુજબ હત્યાનો ભોગ બનનાર પરિણીતા ખડકાળા ગામમાં વૃદ્ધ લોકો માટે ભોજન બનાવવાનું કામ કરતી હતી. તેણીની હત્યા કરી ભાગેલો તેનો પતિ પરેશ નિમાવત લિલિયાના પૂજાપાદર ગામનો વતની છે. આશાબેન પોતાનું ઘર ચલાવવા ઘરમાં પતિને મદદરૂપ, થવામાટે ખડકાળા ગામમાં વૃદ્ધ લોકોની રસોઈ બનાવવા માટેની કામગીરી કરતી હતી અને મહિને અગિયારથી બાર હજાર કમાઈ લેતી હતી. અમરેલી ઈન્ચાર્જ ડીવાયએસપી ચિરાગ દેસાઈએ કહ્યું હતું કે સાવરકુંડલા રૂલર પોલીસ સ્ટેશનના ખડકાળા ગામમાં રહેતા પરેશ અને પત્નિ આશાબેન નિમાવત બંને ખડકાળા ગામમાં છેલ્લાં બે વર્ષથી રહેતી હતી અને અગિયાર હજારના પગાર પર નિરાધાર વૃદ્ધા લોકો માટે રસોડું ચલાવતાં હતાં, રાતે કોઈ અગમ્ય કારણોસર આશાબેનને તેના જ પતિ પરેશે બોલાચાલી કરી પેટના ભાગ કોશના કે તિક્ષ્ણ હથીયારના હથિયારના ઘા મારી દીધા હતા, જેના કારણે તેનું મૃત્યુ થયું છે. ત્યાર બાદ પરેશ નિમાવત પોતાનાં ત્રણેય બાળકો સાથે પોતાના મૂળ વતનમાં કૌટુંબિક ભાઈને ત્યાં મૂકી ભાગી ગયેલો છે. હાલ મૃતકના પિતા મુકેશ નિમાવતની ફરિયાદ લઈ કાર્યવાહી ચાલી રહી છે. હાલમાં કોઈ સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી. પરંતુ કદાચ ગૃહકલેશ કે બીજો ઝઘડો હોઈ શકે છે. આરોપી પકડાયા બાદ વિશેષ વિગતો સામે આવશે.

# રાજકોટમાં ફરજ બજાવેલ સંગીતાબેન રૈયાણી, N.F.ચૌધરી સહિત ૧૭ અધિકારીઓ બન્યા I.A.S

## સંગીતાબેન ૨૦૧૪માં રાજકોટ જિલ્લાના હાઉસીંગ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવી હતી અને હાલ તેઓ સંયુકત રજિસ્ટ્રાર (ઓડીટ-વિભાગીય) અમદાવાદ ખાતે ફરજ બજાવી રહ્યાં છે



રાજકોટ,તા.૨૦

રાજ્ય સરકાર દ્વારા ગઈકાલે ૧૭ ગુજરાત કેડરના અધિકારીઓને આઈ.એ.એસ.કેડરમાં પ્રમોશન આપવામાં આવ્યું છે. જેમાં વર્ષ ૨૦૧૪માં રાજકોટ જિલ્લા રજિસ્ટ્રાર હાઉસીંગમાં ફરજ બજાવી ચુકેલા સંગીતાબેન રૈયાણી કે જેઓ ૨૦૧૫માં રાજકોટ જિલ્લાના સહકારી મંડળીના રજીસ્ટ્રાર ૨૦૧૭માં મોરબી જિલ્લા રજીસ્ટ્રાર અને હાલ સંયુકત રજિસ્ટ્રાર (ઓડીટ-વિભાગીય)અમદાવાદ ખાતે ફરજ બજાવી રહ્યાં છે તેઓને આઈ.એ.એસ.કેડરમાં સરકારદ્વારા પ્રમોશન આપવામાં આવ્યું છે. તેમની સાથે રોહિત ડોડીયા, એચ.જે.પ્રજાપતિ, સી.સી.કોટક, કે.જે.રાઠોડ, એસ.જે.જોષી, વી.આઈ.પટેલ, પી.એ.નીનામા, કે.પી.જોષી, બી.એમ.પટેલ, કવિતા રાકેશ શાહ, બી.ડી.દવેરા, એ.જે.ગામીત, એસ.કે.પટેલ, એન.એફ.ચૌધરી, એચ.પી.પટેલ, જે.કે.જાદવ, ડી.કે.બ્રહ્મભટ્ટ, એમ.પી.પંડયા અને આર. વી.વાળા, આઈ.એ.એસ.અધિકારી બન્યા છે.

# અંકુર રોલા જુગાર રમતા પકડાયો

રાજકોટ મિરર તા.૨૦

શહેરના ફૂલછાબ ચોક પાસે જાહેરમાં જુગાર રમતા પોલીસે એક શખ્સને ઝડપી કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ પી.સી.બી. પોલીસને પેટ્રોલિંગ દરમિયાન ફુલછાબ ચોક પાસે બાતમી મળી હતી કે અંકુર રોલા નામનો શખ્સ ફૂલછાબ ચોક ખોડીયાર હોટલ સામે મોબાઈલમાં પૈસાની હાર જીતનો જુગાર રમે છે. પોલીસે દરોડો પાડી નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ એ. ડી. બી. હોટલની પાછળ સ્વામી ડ્રિમ્સમાં રહેતો અંકુર દિનેશભાઈ રોલાને પકડી રૂ.૧૫૦૦નો મુદ્દામાલ કબજે કરી પ્ર. નગર પોલીસમાં ગુન્હો નોંધી પોલીસે કાર્યવાહી કરી હતી.

ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ દ્વારા અગાઉ

# કોંગ્રેસના ૪ આગેવાનો સામે કરાયેલા બદનક્ષીના કેસમાં તમામ આરોપીઓ સામે વોરંટ કાઢવા કોર્ટનો હુકમ

## સહારાની જમીનમાં હેતુ ફેર કરવા માટે ભલામણ કરવા અંગેના નીતિનભાઈ સામે માનહાની થાય તેવા આક્ષેપો કરનાર કોંગ્રેસના આગેવાનો અંગત મદદનીશ, સુખરામભાઈ રાઠવા, શૈલેષભાઈ પરમાર, સી.જે.ચાવડા કોર્ટમાં પ્લી નોંધવા હાજર ન રહેતા કોર્ટે આરોપીઓની સામે વોરંટ કાઢવાનો કર્યો હુકમ

રાજકોટ મિરર, તા.૨૦

સહારા ઈન્ડિયા કંપનીની જમીનમાં ઝોન ફેર કરી ૫૦૦ કરોડથી વધુનું કૌભાડ આચર્યાના સનસનીખેજ આક્ષેપો કરી ભાજપના અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજની માનહાની થાય તેવી ચાર કોંગ્રેસી આગેવાનોએ પ્રેરવી કરી હતી. પરંતુ ગપગોળા દ્વારા ખોટા આક્ષેપો કરવા બદલ માફી માંગવાનું જણાવ્યું હોવા છતાં નોટીસનો જવાબ ન આપીની સત્તાના તૌરમાં ફરતા વિરોધ પક્ષના નેતા કોગ્રેસના આગેવાન સુખરામભાઈ રાઠવા, વિધાનસભામાં કોગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષભાઈ પરમાર, વિધાનસભામાં કોગ્રેસ પક્ષના દંડક સી.જે.ચાવડા સહીત ચાર સામે નીતિનભાઈ ભારદ્વાજએ રાજકોટની કોર્ટમાં બદનક્ષી અંગેની ફોજદારી ફરિયાદ દાખલ કરાઈ હતી.

નીતીનભાઈએ પોતાની કોર્ટ રૂબરૂની ફરીયાદમાં તેઓએ જણાવ્યું હતું કે, વર્તમાન પત્રોમાં તથા ઈલેકટ્રોનીક મીડિયામાં વાહીયાત આક્ષેપો કરનાર કોગ્રેસના રાજકીય નેતાઓએ કોઈપણ આધાર પુરાવા વગર ખોટા આક્ષેપો કરીને ભારતીય જનતા પાર્ટીના આગેવાનોને બદનામ કરવાનું એક ષડયંત્ર કરવામાં આવેલ હતું.

ફરીયાદી નીતીનભાઈએ પોતાની ફરીયાદમાં વિશેષ એવી હકીકત જણાવેલ હતી કે, કોગ્રેસના આગેવાનોએ અખબારોમાં જે આક્ષેપો કરેલ હતા. જેને કારણે બદનક્ષી થયેલ હોવાથી મુળ ફરીયાદી નીતીનભાઈ ભારવાજે ૧) અંગત મદદનીશ વિરોધ પક્ષના કાર્યાલય ૨) સુખરામભાઈ રાઠવા ૩) શૈલેષભાઈ પરમાર ૪) સી.જે.ચાવડા વિ. સામે બદનક્ષીની ફરીયાદ મુળ ફરીયાદી રાજકોટમાં રહેતા હોય અને રાજકોટમાં તેમની બદનક્ષી થયેલ હોવાથી રાજકોટમાં નીચેની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ હતી. તેઓ હાલમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ કારોબારી સદસ્ય છે તથા ભારતીય જનતા પાર્ટી સુરેન્દ્રનગર જીલ્લાના પ્રભારીની જવાબદારી સંભાળી રહયા છે અને અગાઉ પણ જુનાગઢ અને અમરેલીમાં પ્રભારી તરીકેની કામગીરી કરી ચુકયા છે અને રાજકોટ મહાનગર પાલીકામાં ૨૦ વર્ષ સુધી કોર્પોરેટર તરીકે સેવા આપેલ છે તથા રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટીના પુર્વ પ્રમુખ રહી ચુકયા છે અને ભુતકાળમાં રાજકોટ મ્યુનીસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન તરીકે ફરજ પણ બજાવેલ છે તેમજ સામાજીક ક્ષેત્રે તેઓ બહોળી નામના અને પ્રતિષ્ઠિા ધરાવે છે અને બ્રહમસમાજના પ્રતિષ્ઠીત તેમજ સિધ્ધાંતવાદી આગેવાન તરીકે લોકપ્રિય છે તથા રાજકારણ ક્ષેત્રે તેઓ ભારતીય જનતા પાર્ટીના રાજકીય અગ્રણી છે.

વધુમાં નીતીનભાઈએ પોતાની ફરીયાદમાં એવી હકિકત જણાવી હતી કે, તેઓ રાજકોટ અને સૌરાષ્ટ્રમાં એક આબરૂદાર, પ્રતિષ્ઠીત વ્યક્તિ છે અને એક નિષ્ઠાવાન તેમજ સમાજના પ્રતિષ્ઠિત આગેવાન છે તથા જાહેર જીવનમાં આબરૂદાર છાપ ધરાવે છે. તેઓએ કયારેય કોઈ નિયમ અને કાયદા વિરૂધ્ધનું કાર્ય કરેલ નથી જેથી તેઓ સિધ્ધાંતવાદી અને નિષ્ઠાવાન વ્યકિત તરીકે સમાજમાં તથા ગુજરાત રાજયના લોકોમાં ખુબ મોટી લોકચાહના ધરાવે છે. તેઓના અનેક દાયકાઓના જાહેર જીવન દરમ્યાન તેમની વિરૂધ્ધ આજ સુધી એકપણ આક્ષેપ લાગ્યો નથી. ગુજરાત તથા સમગ્ર વિશ્વભરમાં રહેતા ગુજરાતીઓ માટે પોતાનું જીવન સમાજ સેવામા તથા દેશ સેવામાં સમર્પિત કરી, ખુદની એક સ્વચ્છ અને સાફ છબી ઉભી કરેલ છે.



નિતીન ભારદ્વાજ



અંશ ભારદ્વાજ

, તેમ છતા કોગ્રેસના આગેવાનો એકબીજા સાથે મીલાપીપણું કરી, ગુનાહીત કાવત્રુ રથી ગેરકાયદેસર રીતે સમાજમાં તેઓની આબરૂ તથા પ્રતિષ્ઠાને નુકશાન પહોચાડી સમાજમાં વર્ષોથી રહેલ આબરૂ તથા પ્રતિષ્ઠાને ઈરાદા પુર્વક નુકશાન પહોચાડવાના ઈરાદે ગેરકાયદેસરના કૃત્યો કરેલ છે. જેના હીસાબે રાજકીય કારકીર્દી ક્ષેત્ર, સામાજીક ક્ષેત્રે તેઓની પ્રસ્થાપિત થયેલ પ્રતિષ્ઠા અને આબરૂને નાણામાં ન આંકી શકાય તેટલું નુકશાન થયેલ છે.

આરોપીઓ દ્વારા અલગ અલગ વર્તમાનપત્રોમાં તેઓની ગરીમા, પ્રતિષ્ઠા અને આબરૂને નુકશાન પહોચાડવાના બદઈરાદે કોઈપણ જાતના આધાર પુરાવાઓ વિના આરોપીઓ દ્વારા ''વિરોધપક્ષના નેતાનું કાર્યાલય ગુજરાત વિધાનસભા ગાંધીનગર'' વાળા લેટર હેડ મારફત તા. ૨૩/૦૨/૨૦૨૨ ની અખબાર યાદી માંઃ ''રૂ.૫૦૦ કરોડથી વધુ રકમનું નાણાંકીય કૌભાંડ આચરવાના ઉદેશથી અપાયેલ ઝોન ફેરફારની મંજૂરીઓ તાત્કાલીક અસરથી રદ કરી-વિધાનસભા વિરોધપક્ષના નેતા સુખરામ રાઠવા'' તથા ''ખાનગી કંપનીઓમાં નાગરીકોના ફસાયેલ નાણાં પરત અપાવવા ખાનગી કંપનીની જમીનમાં શ્રી સરકાર દાખલ કરો વિધાનસભા વિરોધપક્ષના ઉપનેતા શૈલેષ પરમાર'' તથા ''સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલ બિલ્ડરો, પૂર્વ મુખ્યમંત્રીશ્રી તથા ભાજપના આગેવાનોની સીબીઆઈ મારફત તપાસ કરાવોઃ કોંગ્રેસ પક્ષના દંડક સી.જે.ચાવડા'' જેવા હેડીંગો હેઠળ તેઓ સામે ભ્રષ્ટાચારના તથ્યવિહીન અને તદન ખોટા આક્ષેપો કરેલ છે.

ફરીયાદી નીતીનભાઈએ પોતાની કોર્ટ રૂબરૂની ઉપરોકત હકિક્તોવાળી ફરીયાદ દાખલ કરતા નીચેની કોર્ટે ફરીયાદી નીતીનભાઈ અને બે સાહેદોને તપસ્યા હતા. તમામ કાર્યવાહીના અંતમાં નીચેની કોર્ટે ફરીયાદ પરત કરેલ હતી જે હુકમ વિરૂધ્ધ ફરીયાદી દ્વારા સેશન્સ કોર્ટમાં રીવીઝન અરજી દાખલ કરેલ હતી જે રીવીઝન અરજી સેશન્સ કોર્ટે નીચેની કોર્ટનો હુકમ સેટે-સાઈડ કરી ફોજદારી ઈન્કવાયરી કાયદા મુજબ

**ચલાવવાનો યોગ્ય હુકમ કર્યો હતો.**

હાલની ફરીયાદ દાખલ થયા બાદ કોર્ટે તમામ આરોપીઓ વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરી તેઓને કોર્ટમાં હાજર થવા હુકમ ફરમાવેલ હતો. જે બાદ ઘણી મુદતો વીતી જતા હાલના આરોપીઓ કોર્ટમાં હાજર થયેલ ન હતા. ઘણી મુદતો વિત્યા બાદ ફરીયાદપક્ષ દ્વારા તમામ આરોપીઓ વિરૂધ્ધ વોરંટ ઈસ્યુ કરવાની અરજી આપતા કોર્ટે ફરીયાદપક્ષની અરજી મંજુર કરી તમામ આરોપીઓ સામે વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ છે.

આ કામમાં ફરીયાદી નીતીનભાઈ ભારદ્વાજ તરફે એડવોકેટ દરજ્જે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સ તરફથી અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉધરેજા, તારક સાવંત, શ્રેયશ શુકલ, કુણાલ દવે, ચેતન પુરોહીત વિગેરે રોકાયા હતાં.

સોમનાથ વેરાવળનો યુવાન વ્યાજખોરથી ત્રાસી પરિવાર સાથે રાજકોટ સાસુના ઘરે રહેવા આવી જતાં અહિ આવીને ઉઘરાણી ચાલુ કરાઇ

# વ્યાજંકવાદઃ ૬૦ લાખના વ્યાજ માટે વેપારીનું અપહરણ

## ક્રિસ્ટલ મોલ પાસે મળવા બોલાવી કારમાં નાંખી કાર ભગાવી મુકીઃ સદ્દનસિબે ઇન્દિરા સંર્કલે સિગ્નલ બંધ થતાં બચાવો બચાવનો બૂમો પાડી કારમાંથી ઉતરી ગયોઃ યુનિવર્સિટી પોલીસે ત્રણ જણા સામે દાખલ કરી ફરિયાદ



રાજકોટઃ વ્યાજંકવાદને ડામવા પોલીસ સરકાર અવાર-નવાર ઝુંબેશ હાથ ધરી લોક દરબાર યોજી કડક કાર્યવાહી કરતી રહે છે. આમ છતાં વ્યાજંકવાદના બનાવો બનતા રહે છે. વધુ એક આવો કિસ્સો રાજકોટ પોલીસના ચોપડે ચડ્યો છે. જેમાં સોમનાથ વેરાવળમાં રહેતાં બાંધકામ કોન્ટ્રાક્ટર યુવાને ત્યાંના જ એક શખ્સ પાસેથી સાઇઠ લાખ વ્યાજે લઇ આ રકમ વ્યાજ સહિત ચુકવી દીધી હોઇ છતાં વધુ ઉઘરાણી થતી હોઇ તે ગામ મુકી રાજકોટ સાસુના ઘરે રહેવા આવી જતાં એ શખ્સે રાજકોટ આવી ઉઘરાણી કરી બે શખ્સ સાથે મળી કારમાં અપહરણ કરી લીધુ હતું. જો કે સદ્દનસિબે ટ્રાફિક સિગ્નલ બંધ હોઇ આ યુવાન રાડો પાડી કારમાંથી ઉતરીને ભાગી નીકળ્યો હતો અને પોલીસને જાણ કરી હતી.

વ્યાજંકવાદને કારણે અપહરણની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બારામાં યુનિવર્સિટી પોલીસે મુળ વેરાવળ ચોક્સી પેલેસ ક્રિસ્ટલ સ્કૂલ પાસે રહેતાં અને હાલ રાજકોટ યુનિવર્સિટી રોડ ગંગોત્રી પાર્કમાં ૪૦૪-પામ યુનિવર્સ ખાતે રહેતાં હેમુલભાઇ મનહરલાલ ચોક્સી નામના તેતાલીસ વર્ષના યુવાન વેપારીની ફરિયાદ પરથી સોમનાથ વેરાવળના નિલેશ ચલા, રાજુ મોચી અને રાજકોટના અમિત રાઠોડ વિરૂધ્ધ ૬૦ લાખ વ્યાજે લીધા હોઇ તેની ઉઘરાણી મામલે કારમાં અપહરણ કરી ગાળો દઇ માર મારવાનો ગુનો નોંધ્યો છે.

વેપારી હેમુલભાઇ ચોક્સી મુળ સોમનાથ વેરાવળના વતની છે અને વીસેક દિવસથી રાજકોટ તેમના સાસુના ઘરે રહેવા આવ્યા છે. તેણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૯માં મારે વેરાવળમાં બાંધકામ કોન્ટ્રાક્ટ માટે પૈસાની જરૂર પડતાં મેં નિલેષ ચલા પાસેથી કટકે કટકે રૂા. ૬૦ લાખ વ્યાજે લીધા હતાં. તે સમયે હું વેરાવળ રહેતો હોઉ નિયમીત વ્યાજ સહિત રકમ પાછી આપી દીધી હતી. આમ છતાં નિલેશ વારંવાર ધમકી આપતો હોઇ અને વધુ પૈસા માંગતો હોઇ જેથી હું વેરાવળથી મારા પરિવાર સહિત રાજકોટ મારા સાસુના ઘરે આવી ગયો છું.

ત્યારબાદ મંગળવારે ૧૮/૨ના રાતે નિલેશ ચલાએ મને ફોન કરી ક્રિસ્ટલ મોલ પાસે મળવા બોલાવતાં હું ત્યાં જતાં તેણે કહેલુ કે-જો તુ મને પૈસ નહિ આપ તો હું કાલે શું કરીશ તે તું જોઇ લેજે. આ ધમકી આપી તે નીકળી ગયો હતો. બાદમાં ગુરૂવારે ૧૯મીએ બપોરે ત્રણેક વાગ્યે ફરીથી નિલેશે મને ફોન કરી ક્રિસ્ટલ મોલ પાસે બોલાવતાં હું ત્યાં જતાં મને મોલ પાછળ પાર્કિંગમાં તે લઇ ગયો હતો. જ્યાં નિલેશ સાથે રાજુ મોચી અને અમિત રાઠોડ પણ હતાં. આ ત્રણેયએ મને લાલ રંગની સ્કોડા કારમાં બેસી જવા કહેતાં હું તેમાં બેસી ગયો હતો. બાદમાં નિલશે પૈસાની વાત કરી હતી અને ઉશ્કેરાઇ જઇ મને ગાળો દઇ છાતીના ભાગે ધૂંબો મારી દીધો હતો. આથી હું કારમાંથી ઉતરી ભાગવા જતાં મને પકડીને ગાડીમાં જ બેસાડી દીધો હતો.

ત્યારે નિલેશને કોઇનો ફોન આવ્યો હતો તેમાં વાત કરતાં તેણે કહેલુ કે-મેં હેમુલને પકડી લીધો છે, તેને લઇને જતેપુર આવુ છું. તું સાહેબને બોલાવી રાજશે, આને લઇને હું આવુ જ છું. તેમ કહી ફોન કટ કર્યો હતો. એ પછી અમિતે કાર હંકારી હતી અને મને પાછલી સીટમાં બોસડી દીધો હતો. મારી સાથે પાછળ નિલેશ અને રાજુ બેઠા હતાં તેણે મને પકડી રાખ્યો હતો. મને આકાશવાણી ચોકથી ઇન્દિરા સર્કલ પહોંચતા ઇન્દિરા સર્કલનું સિગ્નલ બંધ હોઇ મેં બચાવ માટે બૂમો પાડી હતી અને ત્યાંથી ઉતરી ભાગી ગયો હતો. ઘરે જઇ મેં મારા પત્નિને વાત કરતાં તેણીએ પોલીસને બોલાવી હતી અને ફરિયાદ કરવા ગયો હતો. નિલેશ ચલા પાસેથી મેં બાંધકામ કોન્ટ્રાક્ટ માટે સાઇઠ લાખ લઇ આ રકમ વ્યાજ સહિત આપી દીધી છે છતાં વધુ વ્યાજ માંગી હેરાન કરે છે, મેં ગામ મુકી દીધુ તો રાજકોટ આવી ઉઘરાણી કરી મારુ અપહરણ કરી માર મારી ધમકી દીધી હતી. તેમ વધુમાં હેમુલ ચોકસીએ પોલીસને જણાવતાં ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલ, પીએસઆઇ એન. જે. મસાકપુત્રાએ એફઆઇઆર દાખલ કરી આરોપીઓને શોધી કાઢવા તજવીજ શરૂ કરી હતી.

# નજીવી વાતે થયેલી બોલાચાલીમાં યુવાનનું ક્રુરતાથી માથુ છુંદી હત્યા

## લાશ એટલી હદે વિકૃત થઇ ગઇ હતી કે ઓળખ મુશ્કેલ હતીઃ મૃતકના પેટ પર પક્ષીનું ટેટૂ હોઇ તે જોતાં જ પિતાએ પોક મુકીઃ હત્યારો ઝડપાયો




રાજકોટઃ હત્યાની અન્ય એક ઘટનામાં જુની અદાવતને કારણે યુવાનનું માથું છૂંદી ક્રુરતાથી ઢાળી દેવાયો હતો. અઠવાડીયા પહેલાની બબાલ વકરી હતી અને હત્યા થઇ હતી. અમદાવાદ શહેરના નારોલમાં મોડી રાતે ખુનીખેલ ખેલાયો હતો. હત્યાના બનાવથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. જુની અદાવતને કારણે મોડી રાતે માથાભારે શખસે યુવકનું મોઢું છૂંદીને ઘાતકી હત્યા કરી છે. હત્યારાએ એટલી બેહરેમીથી યુવકની હત્યા કરી હતી કે, તેની ઓળખ કરવી પણ મુશ્કેલ હતી. યુવક પાસેથી મળી આવેલા મોબાઈલથી પોલીસે તેના પિતાને ફોન કરીને જાણ કરી હતી. મૃત યુવકનું ટેટુ જોતાની સાથે જ તેના પિતાએ લાશ ઓળખી લીધી હતી. નારોલ વિસ્તારમાં આવેલી શિવમપાર્ક સોસાયટીમાં રહેતા રાજાસિંહ રાજાવતે નારોલ પોલીસ સ્ટેશનમાં રવિ ઉર્ફે બાપુ બોરાણા (રહે, વૃંદાવન સોસાયટી, નારોલ) વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે.

વિગતો અનુસાર રાજાસિંહ રાજવત મુળ ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લામાં આવેલા મલાસા ગામના રહેવાસી છે. રાજાસિંહ પાંચ છ મહિનાથી નારોલના શિવમ પાર્ક ખાતે ભાડાના મકાનમાં રહે છે. રાજાસિંહ અસલાલી ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં સિક્યોરીટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. રાજાસિંહની પત્નિ રંજુસિંહ ઘરકામ કરે છે. જ્યારે એક દીકરો ધ્રુવેન્દ્રસિંહ શાહવાડી ખાતે આવેલી ભૂમી કાપડની કંપનીમાં નોકરી કરે છે અને દીકરી ઇચ્છા હિમંતનગર ખાતે એલએલબીનો અભ્યાસ કરે છે. ધ્રુવેન્દ્રસિંહએ એક વર્ષ પહેલા અંશીકા ઉર્ફે પરી સાથે લગ્ન કર્યા હતા. રાજાસિંહ અસલાલી નોકરી પર ગયા હતા. નોકરી પુરી કરીને રાજાસિંહ રિક્ષામાં બેસીને ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે એક પોલીસ કર્મચારીનો તેમના મોબાઇલ પર ફોન આવ્યો હતો.

પોલીસ કર્મચારીએ રાજાસિંહને ફોન પર કહ્યુ હતું કે, તમારા દીકરા ધ્રુવેન્દ્રસિંહને રંગોલીનગર ખાતે આવેલા ટોરેન્ટ પાવર પાસે કોઇની સાથે ઝઘડો થયો છે જેમાં તેને મોઢાના ભાગે ઇજા પહોંચી છે. પિતા ત્યાં ગયા ત્યારે દિકરાની લાશ મળી હતી. ધ્રુવેન્દ્રસિંહને એક અઠવાડિયા પહેલાં રવિ ઉર્ફે બાપુ બોરાણા સાથે બબાલ થઇ હતી. જેની અદાવત રાખીને તેની હત્યા કરવામાં આવી હતી. મોડી રાતે હત્યારા રવિની ધરપકડ પોલીસે કરી હતી. જ્યા તેણે હત્યા કરી હોવાની કબુલાત કરી હતી. અઠાવડીય પહેલા નજીવી વાતે બોલાચાલી થવાથી બંને વચ્ચે મનદુઃખ ચાલતું હોઇ તેના કારણે હતયા કર્યાનું તેણે કબુલ્યું હતું.

રવિએ ધ્રુવેન્દ્રસિંહની હત્યા એટલી ક્રૃરતા પુર્વક કરી હતી કે તેની ઓળખ કરવી પણ મુશ્કેલ થઇ ગઇ હતી. રવિએ ધ્રુવેન્દ્રસિંહનું મોઢું છુંદી નાખ્યું હતું જેથી પોલીસ પણ ટેન્શનમાં આવી ગઇ હતી. ધ્રુવેન્દ્રસિંહ પાસેથી મળેલા ફોનથી પોલીસે રાજાસિંહને ફોન કર્યો હતો. રાજાસિંહ પણ જ્યારે ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે પહેલાં ધ્રુવેન્દ્રસિંહની લાશને ઓળખી શક્યા નહી. પોલીસે મૃતદેહના પેટના જમણા પડખે પંખીનું ટેટુ બતાવ્યું હતું જે જોતાની સાથેજ રાજાસિંહે ચીસ પાડી હતી. આમ વધુ એક હત્યા થઇ ગઇ હતી.

ગુનેગાર ગમે એટલો શાતીર હોય પોલીસ ધારે તો ધરતીના કોઇપણ છેડેથી શોધી કાઢે

# બાર વર્ષથી ફરાર હત્યારો ઝડપાયોઃ રૂપિયા દસ હજારનું હતું ઇનામ

## આડાસંબંધની શંકામાં અલંગમાં ૨૦૧૩માં નિપજાવી હતી હત્યાઃ પોલીસથી બચવા મોબાઇલ ફોન પણ વાપરતો નહિઃ અલંગમાં આવ્યો ને ઝપટે ચડી ગયો



રાજકોટઃ ગુનેગાર ગમે એટલા શાતીર હોય પોલીસ ધારે તો તેને ગમે ત્યારે ગમે ત્યાંથી શોધી કાઢતી હોય છે. આવા જ એક કિસ્સામાં આડાસંબંધની શંકામાં હત્યા કરી સતત બાર વર્ષથી ભાગતા ફરતાં પોલીસને ચકમો આપતાં રહેતાં શખ્સને અંતે ઝડપી લેવાયો છે. ભાવનગર અલંગમાં થયેલી હત્યાનો આ કેસ હતો. અલંગમાં જ આ શખ્સ કે જે મુળ યુપીનો છે તે આવ્યો હોવાની બાતમી પરથી તેને દબોચી લેવાયો હતો. પોલીસથી બચવા તે મોબાઇલ ફોનનો પણ ઉપયોગ કરતો નહોતો. મોટી વાત એ છે કે આ ભાગેડુ હત્યારા પર પોલીસે દસ હજારનું ઇનામ પણ રાખ્યું હતું.

વિગતે વાત કરીએ તો પોલીસે હત્યા કરી બાર વર્ષથી ફરાર આરોપીને ભાવનગર અલંગમાંથી પકડી લીધો હતો. આ શખ્સની માહિતી આપનાર માટે પોલીસે દસ હજારનું ઇનામ રાખ્યું હતું. આડા સબંધની આશંકાએ અલંગમાં થયેલી હત્યાના બનાવમાં સંડોવાયેલ આરોપી છેલ્લા બાર વર્ષથી ફરાર હતો અને તેના પર ઇનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. પોલીસથી બચવા માટે આરોપી ખુબ જ સાવચેતી રાખતો હોવાના કારણે તેને ઝડપી પાડવામાં સફળતા મળતી ન હતી ત્યારે મહુવાની નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટેની સ્કવોડને ચોક્કસ બાતમી મળી હતી કે, આરોપી અલંગમાં તેના ઓળખીતાને મળવા માટે આવવાનો છે. આ બાતમીના આધારે આરોપીને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. આરોપી સામે અલંગ મરીન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો હોય તેને મરીન પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો. બનાવની વિગત એવી છે કે ડિસેમ્બર ૨૦૧૩માં અલગંમાં અમરજીત કેવટ નામના શ્રમીકની ત્રણ શખ્સોએ હત્યા કરી હતી.

જે તે સમયે હત્યામાં સંડોવાયેલ ધઓળાઇ પાસવાન અને તેની પત્નિ નૈત્રીદેવીને પોલીસે ઝડપી પાડ્યા હતા પરંતુ બનાવમાં સંડોવાયેલ આરોપી રામધ્યાન ઉર્ફે દાઢી રામનાથ કાશીપ્રસાદ પાસવાન (મુળ રહે.મંગરૂવાગામ, જી.કુશીનગર, ઉત્તરપ્રદેશ) ફરાર થઇ ગયો હતો અને છેલ્લા ૧૨ વર્ષથી તેને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળતી ન હોય તેની પર રૂા.૧૦ હજારનું ઇનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. એએસઆઇ પ્રદીપસિંહ સરવૈયાને બાતમી મળી હતી કે, આરોપી અલંગમાં તેના ઓળખીતાને મળવા માટે આવ્યો છે એટલે આ બાતમીના આધારે અલંગમાં મહાકાલી ચોકડી પાસે વોંચ ગોઠવી આરોપીને ઝડપી પાડ્યો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપી રામધ્યાન ઉર્ફે દાઢી જણાવ્યું હતું કે, હત્યા કર્યા બાદ તે આઠ દસ મહીના તેના વતન પાસેના ગામમાં રહ્યો હતો. ત્યારે બાદ તે કોલકત્તા જતો રહ્યો હતો અને ત્યાં તે એક કંપનીમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. પોલીસ વારંવરા તેના વતનમાં તપાસ માટે આવતી હોય તેણે પરિવારને પણ હૈદરાબાદ શિફટ કરી નાંખ્યું હતું. હત્યાના બનાવમાં લાંબા સમયથી ફરાર આરોપી રામધ્યાન પોલીસથી બચવા માટેની તમામ કાળજી રાખતો હતો. તેણે લાંબા સમય સુધી મોબાઇલ ફોનનો ઉપયોગ કર્યો ન હતો જેના કારણે તેનું લોકેશન પોલીસ જાણી શકતી ન હતી. જો કે, પોલીસને થોડા સમય પહેલા જાણ થઇ હતી કે, આરોપી તેના વતન મંગરૂવા ગામ આવવાનો છે એટલે પોલીસે સતત આઠ દિવસ સુધી ત્યાં વોંચ ગોઠવી હતી.

પરંતુ તેને ઝડપી લેવામાં સફળતા મળી ન હતી. દરમિયાનમાં પોલીસને એવી જાણ થઇ હતી કે, આરોપી મોબાઇલ ફોન રાખે છે અને ખુબ જરૂરી હોય તો જ તેનો ઉપયોગ કરે છે એટલે પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરીને આરોપી

# અજમેર ગામની સીમમાં ગાંજાનું વાવેતર પકડાયું

રાજકોટ મિરર તા. ૨૦

શહેરના વિંછીયા તાલુકાના અજમેર સીમમાં પોલીસે દરોડો પડતા ૫૫ કિલો ગાંજાના છોડનું વાવેતર કબજે કરી રૂ.૫,૫૫,૮૦૦ના મુદ્દામાલ કબ્જે કરી એક શખ્શને ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ જિલ્લામાં નશાકારક પ્રવૃત્તિઓ અટકાવવા રૂરલ એસ.પી. હિમકરસિંહએ આપેલ સુચના અન્વયે વિંછીયાના પી.આઇ. જે.પી. રાવ અને હેડ કો. દિનેશભાઇ પલાળીયા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. ત્યારે મળેલ બાતમીના આધારે અજમેર ગામની સીમમાં વનરાજ ભૂપતભાઇ ગંજેળીયાની વાડીમાં દરોડો પાડતા ગાંજાનું વાવેતર મળી આવ્યું હતું. પોલીસે તપાસ કરતા વાડીમાં તુવેરના પાકની વચ્ચે ગાંજાના સૂકા અને લીલા છોડ વજન ૫૫ કિલો ૫૮૦ ગ્રામ કિ. ૫,૫૫,૮૦૦ નો જથ્થો મળી આવ્યો હતો. આ સાથે પોલીસે વનરાજ ગંજેળીયાની ધરપકડ કરી હતી. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ પકડાયેલ ખેડૂત વનરાજ ગંજેળીયાએ છૂટક વેચાણ માટે ગાંજાનું વાવેતર કર્યુ હતું. વધુ તપાસ વિંછીયાના પી.આઇ. જે.પી. રાવ ચલાવી રહ્યા છે.

પાયલ હોસ્પિટલમાં પ્રસુતાની તપાસના વિડીયો વાયરલ પ્રકરણમાં અમદાવાદ પોલીસ સાથે સકંલનમાં રહી સફળતા મેળવી

# વિકૃત ત્રિપુટી સુધી પહોંચવામા સાયબર ક્રાઇમની જબરી કૂનેહ

## મહિલાઓના વિડીયો વેંચનારા ત્રણમાંથી બે બારામા ધોરણના વિદ્યાર્થી, એક નીટની તૈયારી કરે છેઃ વિદેશી હેકર સાથે ત્રણેય સંપર્કમાં






પાયલ હોસ્પિટલના વિડીયો હેક કરવા ડિસેમ્બરથી મહેનત કરતાં હતાંઃ જાન્યુઆરીમાં વિડીયો મળી ગયા હતાં

રાજકોટઃ શહેરની પાયલ મેટરનીટી હોસ્પિટલમાં પ્રસુતા મહિલાઓ તબિયત ચેક કરાવવા આવે તે વખતના તેમના સીસીટીવી ફુટેજેના વિડીયો યુ-ટ્યુબ, ટેલિગ્રામ પર વહેતા થઇ જતાં ખળભળાટ મચી ગયો હતો. આ કારસ્તાનમાં અમદાવાદ અને રાજકોટ સાબયર ક્રાઇમ પોલીસની ટીમે સંકલન સાધી છેક મહારાષ્ટ્ર અને યુપીથી ત્રણ આરોપીને ઝડપી લીધા છે. જેમાં બે ધોરણ બારના વિદ્યાર્થી છે અને એક નીટની તૈયારી કરી રહ્યો છે. વિદેશના હેકર્સ સાથે તે સંપર્કમાં હોવાની ચોંકાવનારી વિગતો ખુલી છે. બે આરોપીઓ સુધી પહોંચવામાં રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસની ટીમની ભુમિકા ખુબ જ મહત્વની રહ્યાનું ખુદ અમદાવાદના જોઇન્ટ પોલીસ કમિશનરે જણાવ્યું હતું. રાજકોટ સાયબર ક્રાઇમ ટીમ અને સેન્ટીનલ લેબની ટીમોએ કરેલી મહેનત આરોપી સુધી પહોંચવામાં ખુબ કારગત નિવડી હતી.

રૈયા રોડ પર આવેલી પાયલ હોસ્પિટલના પ્રસુતાની તપાસના વિડીયો વાયરલ થયાની જાણ અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસે કરતાં જ ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઇમ બી. બી. બસીયા, એસીપી સાયબર ક્રાઇમ સી. એમ. પટેલની રાહબરી હેઠળ સાયબર ક્રાઇમ પોલીસના તમામ પીઆઇ, સેન્ટીનલ લેબના પીઆઇ અને તેમની ટીમોએ તપાસ શરૂ કરી દીધી હતી. એક ટીમે સીસીટીવી ફૂટેજ કબ્જે કરી તેની ચકાસણી અને બીજી તપાસ આરંભી હતી. બીજી ટીમ લેબમાં સક્રિય થઇ હતી. આપત્તીજનક વિડીયો જે જે ચેનલમાં હતાં તેમાં એટલે કે યુ-ટ્યુબ અને ટેલિગ્રામમાં રાજકોટ સાયબર ક્રાઇમની ટીમ પૈસા ભરીને એડ થઇ ગઇ હતી. આ પૈસા ભરવાથી જ જે તે વ્યક્તિના એકાઉન્ટ નંબર મળી ગયા હતાં. આ પછી સાયબર ક્રાઇમની ટીમોએ ટેલીગ્રામ અને યુ-ટ્યુબને લાયઝેનીંગમાં લઇ ત્રણ અલગ અલગ ફોન નંબર મેળવ્યા હતાં.

આ બંને નંબર કોલ્હાપુર મહારાષ્ટ્રના હોઇ તેના આધારે વિશેષ તપાસ થતાં આરોપીના નામો મળી ગયા હતાં. આ માહિતી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અનુસાર ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી સી. એમ. પટેલે અમદાવાદ સાયબર ક્રાઇમને પહોંચતી કરી હતી. તેના આધારે ટુકડીઓ મહારાષ્ટ્ર પહોચી હતી અને ત્યાંથી બે શખ્સને પકડી લીધા હતાં. એ પછી ત્રીજાને પણ અમદાવાદ પોલીસની ટીમે પ્રયાગરાજની દબોચ્યો હતો. પોલીસે આ ગુનામાં ત્રણ આરોપીઓ પકડ્યા છે. જેમાં પ્રજ્વલ અશોક તૈલી (અભ્યાસ- ધો. ૧૨ પાસ, રહે. લાતુર, આરોપીનો રોલનામની યુટયૂબ ચેનલ અને બનાવનાર, આ ઉપરાંત મોલ, હોસ્પિટલ તેમજ અલગ અલગ જગ્યાના સીસીટીવી હેક કરાવતો હતો), પ્રજ રાજેન્દ્ર પાટીલ (અભ્યાસ- નીટની તૈયારી કરે છે, રહે. સાંગલી, આરોપીનો રોલ-ચેનલના રજિસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર આપનાર તથા આ ગ્રુપમાં સબસ્ક્રિપ્શન માટે જે રૂપિયા લેવામાં આવે એ માટેનું બેંક એકાઉન્ટ પ્રોવાઇડ કરનાર) તેમજ ચંદ્રપ્રકાશ ફૂલચંદ, (રહે. ભીંસ, પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ, રોલ- ચેનલ યુટ્યૂબ પર બનાવી વીડિયો અપલોડ કરતો) આ ત્રણેયની વિશેષ પુછતાછ થઇ રહી છે.

યુટ્યૂબ અને ટેલિગ્રામ ચેનલમાં આ પ્રકારનાં દશ્યો આ ત્રણેય વેંચીને કમાણી કરતાં હતાં. આ માટે તેઓ લોકો પાસેથી મોટી રકમ લેતા હોવાની વિગતો પણ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ પાસે આવી છે. બીજી તરફ રાજકોટની પાયલ હોસ્પિટલમાંથી સીસીટીવી આઇપીના આધારે હેક થયા હોવાની પણ સ્પષ્ટતા અમદાવાદ સાયબર ક્રાઇમ પાસેથી થઈ છે. અમદાવાદ સાયબર ક્રાઇમ જેસીપી શરદ સિંઘલે જણાવ્યું હતું કે- ભેદ ઉકેલવામાં આરોપી સુધી પહોંચવામાં રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસની મહત્વની મદદ મળી છે. છેલ્લા ત્રણ મહિનાના સીસીટીવી આપી ચેક કરવામાં આવ્યા હતાં. તેના દ્વારા ખબર પડી હતી કે આ ટેલિગ્રામ ચેનલ મહારાષ્ટ્રના સાંગલી અને લાતુરથી ઓપરેટ થતી હતી. મહારાષ્ટ્ર અને પ્રયાગરાજમાં ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ચંદ્રપ્રકાશ ફુલચંદ નામની બીજી વ્યક્તિ ટેલિગ્રામ ચેનલ ચલાવતો હતો. રોમાનિયા અને એટલાન્ટાના હેકર સાથે પ્રજ્વલ સંપર્કમાં હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશની અલગ અલગ જગ્યાએ હોસ્પિટલમાં સીસીટીવી હેક થયાની શક્યતા છે. હજી સુધી કોઇ હોસ્પિટલ સ્ટાફની મદદગારી સામે આવી નથી. એક વર્ષથી આ પ્રકારની ચેનલ ચાલતી હતી.રાજકોટની હોસ્પિટલના સીસીટીવી મેળવવા ગત ડિસેમ્બરથી પ્રયાસ કરતા હતા. જેમાં તેમને જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં સીસીટીવી મળી ગયા હતાં. તેમણે વધુમાં ઉમેર્યું કે રાજકોટની જે હોસ્પિટલમાં સીસીટીવી આ યુટ્યૂબ ચેનલમાં અપલોડ કરવામાં આવ્યા હતા એ તપાસમાં પણ સ્પષ્ટ થયું છે કે હોસ્પિટલના સીસીટીવી કેમેરાના આઈપીના આધારે ફૂટેજ હેક કરવામાં આવ્યા હતાં. બાદમાં આ ફૂટેજ સોશિયલ મીડિયા પર વેચતા હતાં. ત્રણેયની વિશેષ તપાસ યથાવત રખાઇ છે.

ગુજરાત બજેટ 2025-26

# રાજ્યના ઈતિહાસનું સૌથી મોટું ૩.૭૦ લાખ કરોડનું બજેટ



## લોક કલ્યાણના મિશન પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે આ બજેટઃ CM પટેલ

## રાજ્યના વિકાસને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૫૦,૦૦૦ કરોડના ડેવલપ ગુજરાત ફંડની જાહેરાત : પાછલા વર્ષની સરખામણીમાં મૂડીખર્ચમાં ૨૧.૮%નો વધારો

## રાજકોટ સહિત અન્ય છ સ્થળો પર ઉભા થશે વિકાસ કેન્દ્રો રાજ્યમાં વ્યાપક વિશ્વ કક્ષાના રોડ નેટવર્કના વિકાસનો પાયો નખાશે

## પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નાણાકીય સહાયમાં ૫૦ હજારનો વધારો કરી મર્યાદા ૧.૭૦ લાખ કરાઈ

રાજકોટ, તા. ૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરાયેલ ૨૦૨૫-૨૬ માટેના રાજ્યના બજેટને આવકાર્યું હતું. તેમણે તેને વિકસિત ગુજરાતના વિઝન અને લોક કલ્યાણના મિશન પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. કનુભાઈ દેસાઈએ વિધાનસભામાં રજૂ કરેલા બજેટને જન કલ્યાણકારી યોજનાઓ દ્વારા વિકસિત ભારતના વડાપ્રધાનના સંકલ્પને વ્યવસ્થિત રીતે અમલમાં મૂકવાની બ્લુપ્રિન્ટ તરીકે વર્ણવ્યું હતું. તેમણે કહ્યું કે આ બજેટના ભાગરૂપે રાજ્યના વિકાસને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૫૦,૦૦૦ કરોડના ડેવલપ ગુજરાત ફંડની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ૩.૭૦ લાખ કરોડનું આ બજેટ, જે રાજ્યના ઈતિહાસનું સૌથી મોટું છે, તે વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જેમાં પાછલા વર્ષની સરખામણીમાં મૂડીખર્ચમાં ૨૧.૮%નો વધારો થયો છે. મુખ્યમંત્રી પટેલે જણાવ્યું હતું કે, આ બજેટ ગુજરાતના નાગરિકોના જીવનને વધુ આરામદાયક, સમૃદ્ધ અને પરિપૂર્ણ બનાવવાનો સફળ પ્રયાસ છે, કારણ કે રાજ્ય પ્રગતિ અને વિકાસના નવા સીમાચિહ્નો હાંસલ કરી રહ્યું છે. તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બજેટ ગુજરાતના વિકાસમાં મોટી છલાંગ લગાવે છે અને તેને પહેલા કરતા પણ વધુ ઝડપી ગતિએ આગળ ધપાવશે.

બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી માટે કરાયેલી જોગવાઈઓને આવકારી મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતના વિકાસને વેગ આપવા માટે છ પ્રાદેશિક આર્થિક યોજનાઓ ઘડવામાં આવશે. બજેટમાં છ વિકાસ કેન્દ્રો - સુરત પ્રદેશ, અમદાવાદ ક્ષેત્ર, વડોદરા પ્રદેશ, રાજકોટ પ્રદેશ, સૌરાષ્ટ્ર દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ પ્રદેશ સ્થાપવાની જોગવાઈઓ સામેલ છે.

મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ બજેટ સમગ્ર રાજ્યમાં વ્યાપક વિશ્વ કક્ષાના રોડ નેટવર્કના વિકાસનો પાયો નાખે છે.તેમણે કહ્યું કે વિકસિત ગુજરાતના વિઝનને વેગ આપવા માટે બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે અને ૧૨ નવા હાઈ-સ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે. નમો શક્તિ એક્સપ્રેસ વેનું નિર્માણ ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના પીપાવાવના દરિયાકાંઠાના વિસ્તાર સાથે જોડશે, જેનાથી દરિયાકાંઠાના પ્રદેશમાં ઔદ્યોગિક, સામાજિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહન મળશે.

વધુમાં, સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ વે અમદાવાદ, રાજકોટ, દ્વારકા, સોમનાથ અને પોરબંદરને જોડશે, જેનાથી આ ધાર્મિક સ્થળોની મુલાકાત લેતા યાત્રાળુઓ અને પ્રવાસીઓ માટે કનેક્ટિવિટી વધારશે. એર કનેક્ટિવિટી વધુ બહેતર બનાવવા માટે મુખ્યમંત્રીએ દાહોદ ખાતે નવા એરપોર્ટના નિર્માણ ઉપરાંત વડોદરા, સુરત, ભાવનગર અને પોરબંદરના એરપોર્ટને અપગ્રેડ કરવાની જાહેરાત કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે રાજ્યના પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા માટે સરકાર અંબાજી કોરિડોર અને ધરોઈ પ્રવાસન વિકાસ પ્રોજેક્ટ વિકસાવશે. વિશ્વ કક્ષાના શહેરી વિકાસને વેગ આપવા માટે, વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસના વર્ષ તરીકે મનાવવામાં આવશે. નવી રચાયેલી મ્યુનિસિપલ કોર્પોરેશનોના માળખાકીય વિકાસ માટે વધારાની નાણાકીય ફાળવણી સાથે શહેરી વિકાસ બજેટમાં ૪૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

જળ સંરક્ષણ માટે માનનીય વડાપ્રધાનના આહ્વાનના જવાબમાં, ગુજરાતના શહેરી વિસ્તારોમાં ભૂગર્ભજળના સ્તરને વધારવા માટે લોકભાગીદારીને પ્રોત્સાહિત કરીને 'કેચ ધ રેઈન' ઝુંબેશ શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રીએ દરેક નાગરિકને ઘર આપવાના વડા પ્રધાનના સંકલ્પને અનુરૂપ તમામ માટે આવાસ સુનિશ્ચિત કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને પણ પુનરોચ્ચાર કરી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના (ઙખઅઢ) હેઠળ નાણાકીય સહાયમાં ₹૫૦,૦૦૦નો વધારો કરવામાં આવ્યો છે, જેનાથી લાભાર્થી દીઠ કુલ સહાય ₹૧.૭૦ લાખ થઈ છે.

આદિવાસી સમુદાયોના વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારમાં વસતા વનબંધુઓ (વનવાસીઓ)ના કલ્યાણ માટે ₹૩૦,૦૦૦ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. આ ભંડોળનો ઉપયોગ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, રોજગાર અને માળખાકીય સુવિધાઓને સુધારવા માટે કરવામાં આવશે, તેમના ઘરઆંગણે વિકાસ સુનિશ્ચિત કરવામાં આવશે.

મુખ્યમંત્રી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ, ગુજરાત રાજ્યમાં મત્સ્ય ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રને વેગ આપવા પ્રતિબદ્ધ છે, જેને બ્લુ ઈકોનોમી તરીકે પણ ઓળખવામાં આવે છે. દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત માછીમારી ક્ષેત્રે અગ્રેસર છે. આ ક્ષેત્રમાં મત્સ્ય ઉત્પાદન અને રોજગાર નિર્માણને વેગ આપવા માટે ૧,૬૨૨ કરોડ રૂપિયાના અભૂતપૂર્વ પેકેજની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે આ પેકેજ સંગ્રહ, પ્રક્રિયા અને નિકાસ તેમજ માછીમારો માટે માળખાકીય સુવિધાઓના વિકાસ પર ભાર મૂકે છે. મુખ્યમંત્રીએ ભારતની કૃષિ ક્રાંતિના પાયાને મજબૂત કરવા માટે કૃષિ ક્ષેત્રને આધુનિક બનાવવા અને ખેડૂતોને સશક્તિકરણ એ રાજ્યની પ્રાથમિકતા હોવાનું જણાવ્યું હતું. કૃષિ ક્ષેત્ર અને ખેડૂતોને ટેકો આપવા માટે ૧,૬૧૨ કરોડ રૂપિયાની બજેટ ફાળવણી કરવામાં આવી છે. વધુમાં, તેમણે કૃષિ પેદાશોમાં મૂલ્યવર્ધન દ્વારા ખેડૂતોની આવક વધારવા માટે કૃષિ-પ્રોસેસિંગ અને પ્રોત્સાહન માટેની બજેટમાં જોગવાઈઓ પર પ્રકાશ પાડ્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું કે, આ બજેટમાં યુવાનો, મહિલા સશક્તિકરણ અને બાળકોના પોષણ માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનાં આ યુગમાં યુવાનો વિશ્વ સાથે તાલમેલ જાળવી શકે તે માટે સાત ટેકનિકલ સંસ્થાઓમાં અંઈ લેબની સ્થાપના કરવામાં આવશે અને સ્ટાર્ટઅપ્સ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ બનાવવામાં આવશે. તેમણે સ્ટાર્ટઅપ્સને વેગ આપવા માટે ચાર ક્ષેત્રોમાં ઈ-ઈીબતની સ્થાપનાને આવકારી હતી. મહિલાઓના સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે નવી અને મહત્વની 'સખી સહસ યોજના'નો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્ય સરકાર સ્વ-સહાય જૂથોને સાધન સહાય, લોન ગેરંટી વગેરે સ્વરૂપે સહાય પૂરી પાડશે. તેમણે એમ પણ કહ્યું કે બજેટમાં બાળકોના પોષણને ધ્યાનમાં લેવામાં આવ્યું છે, જેઓ ઉજ્જવળ ભવિષ્યનું પ્રતિનિધિત્વ કરે છે. આ માટે બજેટની ફાળવણી ગયા વર્ષની સરખામણીમાં ૨૫% વધીને રૂ. ૮,૪૬૦ કરોડ કરવામાં આવી છે. આર્થિક વિકાસની સાથે સરકારે સામાજિક સુરક્ષા પણ સુનિશ્ચિત કરી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી પટેલે જાહેરાત કરી હતી કે જનતા અકસ્માત વીમા યોજના હેઠળ વીમા કવરેજ ₹૨ લાખથી વધારીને ₹૪ લાખ કરવામાં આવ્યું છે, જેનો લાભ ૪.૪૫ કરોડથી વધુ લોકોને થશે.

વિકલાંગ લોકો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા, તેમણે જાહેરાત કરી કે વિકલાંગતા લાભો માટે પાત્રતા માપદંડ ૮૦% થી ઘટાડીને ૬૦% કરવામાં આવ્યો છે, જેનાથી ૮૫,૦૦૦ થી વધુ વિકલાંગ લાભાર્થીઓ બને છે. મુખ્યમંત્રી પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશ 'નેશન ફર્સ્ટ'ની ભાવના સાથે આગળ વધી રહ્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ગુજરાતનું જન-કેન્દ્રિત બજેટ દરેક નાગરિકને વિકસિત ગુજરાતના વિઝનમાં યોગદાન આપવા માટે પ્રેરિત કરશે, જે આખરે વિકસિત ભારતના નિર્માણમાં મદદ કરશે. મુખ્યમંત્રીએ ગુજરાતની પ્રગતિને વેગ આપતું, સર્વસમાવેશક વિકાસ સુનિશ્ચિત કરવા અને વિકાસની યાત્રામાં સમાજના કોઈ પણ વર્ગને પાછળ ન રાખવા માટેનું વ્યાપક બજેટ રજૂ કરવા બદલ નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને તેમની ટીમની પ્રશંસા કરી હતી.

## રાજકોટને શું મળ્યુ

નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા જે અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યો તેમાં રાજકોટને સૌરાષ્ટ્ર થી બનાસકાંઠાને જોડતો નમો શક્તિ એક્સપ્રેસવે બનશે એટલું જ નહીં અમદાવાદ થી રાજકોટને જોડતો સોમનાથ દ્વારકા એક્સપ્રેસવે બનશે . સાથોસાથ રાજકોટ ખાતે કાર્ડિયાક અને કિડની હોસ્પિટલનું પણ થશે નિર્માણ અને વર્કિંગ વુમન માટે હોસ્ટેલ પણ આવશે બનાવવામાં.

## ક્યા વિભાગને કેટલા નાણાં

- સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગને ૬૮૦૭ કરોડની જોગવાઈ.
- શ્રમ અને રોજગાર વિભાગને ૨૭૮૨ કરોડની જોગવાઈ.
- શિક્ષણ વિભાગને ૫૯૯૯૯ કરોડની જોગવાઈ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને ૨૩૩૮૫ કરોડની જોગવાઈ.
- મહિલા અને બાળ વિકાસ વિભાગને ૭૬૬૮ કરોડની જોગવાઈ.
- અન્ન નાગરિક પુરવઠા વિભાગને ૨૭૧૨ કરોડની જોગવાઈ.
- રમત ગમત, યુવા અને સાસ્કૃતિક વિભાગને ૧૦૯૩ કરોડની જોગવાઈ.
- માર્ગ મકાન વિભાગને ૨૪૭૦૫ કરોડની જોગવાઈ.
- શહેરી વિકાસ વિભાગને ૩૦૩૨૫ કરોડની જોગવાઇ.
- પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગને ૧૩૭૭૨ કરોડની જોગવાઈ.
- જળસંપતિ વિભાગને ૧૩૩૬૬ કરોડની જોગવાઈ.
- બંદરો અને વાહન વ્યવહાર વિભાગને ૪૨૮૩ કરોડની જોગવાઈ.
- વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગને ૨૫૩૫ કરોડની જોગવાઈ.
- ઉદ્યોગ અને ખાણ વિભાગને ૧૧૭૦૬ કરોડની જોગવાઈ.
- કૃષિ વિભાગને ૨૨૪૯૮ કરોડની જોગવાઇ.
- સામાન્ય વહીવટ વિભાગને ૧૯૯૯ કરોડની જોગવાઈ.
- મહેસૂલ વિભાગને ૫૪૨૭ કરોડની જોગવાઈ.
- ગૃહ વિભાગને ૧૨૬૫૯ કરોડની જોગવાઈ.
- કાયદા વિભાદને ૨૬૫૪ કરોડની જોગવાઈ.
- માહિતી અને પ્રસારણ વિભાગને ૩૬૨ કરોડની જોગવાઇ.
- ઊર્જા અને પ્રેટ્રોકેમિકલ વિભાગને ૬૭૫૧ કરોડની જોગવાઈ.
- વન અને પર્યાવરણ વિભાગને ૩૧૪૦ કરોડની જોગવાઈ.
- ક્લાઈમેટ ચેન્જ વિભાગને ૪૧૯ કરોડની જોગવાઈ.



## બજેટ હાઈલાઈટ્સ

- ૫૦ હજાર કરોડનું વિકસિત ગુજરાત ફંડ સ્થાપિત કરવામાં આવશે.
- વિકસિત ગુજરાત ફંડ માટે ૫૦૦ કરોડની જોગવાઈ.
- નર્મદા બલ્ક પાઈપલાઈન માટે ૨૬૩૬ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં ૧૨ નવી હાઈસ્પીડ કોરીડોર વિકસાવામાં આવશે.
- ગરવી ગુજરાત હાઇસ્પીડ કોરીડોર માટે ૧૩૬૭ કરોડની જોગવાઈ.
- ડીસાથી પીપાવાવ નમોશક્તિ એકસપ્રેસ વે બનશે.
- સોમનાથ દ્વારકા એક્સપ્રેસ વે બનશે.
- જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં હવે ૨ લાખથી ૪ લાખ સુધીનું વિમા કવચ મળશે.
- શહેરી વિકાસ વિભાગના બજેટમાં ૪૦ ટકાનો વધારો કરવામાં આવ્યો.
- નવી જાહેર થયેલી મનપા માટે ૨૩૦૦ કરોડની જોગવાઇ.
- સાબરમતી રીવરફ્રન્ટ માટે ૩૫૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ ગાંધીનગર અને સુરત મેટ્રો રેલ માટે ૨૭૩૦ કરોડની જોગવાઈ.
- નવી બસો ખરીદવા માટે ૧૧૨૮ કરોડની જોગવાઈ.
- અંતરિયાળ વિસ્તારમાં ૪૦૦ નવી મડી બસ સુવિધા મળશે.
- અમદાવાદ ખાતે ન્યુરોલોજીસ્ટ ઈન્સ્ટીટ્યુટ બનાવવામાં આવશે.
- રાજ્યમાં સાઈબર સેન્ટર ઓફ એક્સેલન્સ બનશે.
- તમામ જિલ્લામાં સાયબર ફોરેન્સીસ લેબ બનશે.
- રાજ્યમાં એન્ટી નાર્કોટિક ટાસ્ક ફોર્સ યુનિટ ઉભું કરવામાં આવશે.
- ટ્રાફિક પોલીસની ૧૩૯૦ નવી જગ્યા ઉભી કરવામાં આવશે.
- રાજ્યમાં ૧૭ કરોડની વધુ વૃક્ષનું વાવેતર કરવામાં આવશે.
- વાજપાઈ બેન્કેબલ યોજનામાં ૨૫ લાખ તથા સબસીડી રકમ વધારીને ૩.૭૫ લાખ કરવામાં આવી.
- અંબાજીની વિકાસ માટે ૧૮૦ કરોડની જોગવાઈ.
- કિસાન સુર્યોદય યોજના માટે ૨૧૭૫ કરોડની જોગવાઈ.
- કિસાન ક્રેડિટ કાર્ડ ધિરાણમાં ૪ ટકા વ્યાજ રાહત માટે ૧૨૫૨ કરોડની જોગવાઇ.
- પ્રાકૃતિક ખેતી માટે ૪૦૦ કરોડની જાગવાઈ.
- ખેડૂતોને ટ્રેક્ટરની સહાયમાં રકમ ૧ લાખ કરવામાં આવી.
- ખેતરમાં ફેન્સીંગ બનાવવા માટે ૫૦૦ કરોડની જોગવાઈ.
- ન્યુ ગુજરાત પેટર્ન યોજનામાં ૩૭.૫ ટકા વધારા સાથે ૧૧૦૦ કરોડની જોગવાઇ.
- મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે ૨૦૦ કરોડની જોગવાઈ.
- સંત સુરદાસ યોજનામાં ૮૦ ટકાને બદલે ૬૦ ટકા દિવ્યાંગતા ધરાવતાને લાભમળશે.
- રાજ્યના ૮૫ હજાર દિવ્યાંગને વાર્ષિક ૧૨ હજાર સહાય મળશે.
- વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ માટે ૪૮૨૭ કરોડની જોગવાઇ.
- રાજ્યના ૧૦ જિલ્લાના ૨૦ સ્થળોએ સમરસ કુમાર છાત્રાલય અને કન્યા છાત્રાલય બનશે.
- અમદાવાદમાં સરદાર પટેલ સ્પોટ્સ એન્કલેવ બનશે.
- કરાઈ ખાતે આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ સુવિધા ઉભી કરવામાં આવશે.
- આઈટીઆઈને અપગ્રેડ કરવા માટે ૪૫૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ એલડી ઈજનેર કોલેજમાં અશ લેબ સ્થાપિત કરાશે.
- રાજ્યના અન્ય ૬ સરકારી ટેકનિકલ કોલેજમાં એઆઈ લેબ બનાવવામાં આવશે.
- રાજ્યમાં ચાર રીજીયનમાં શ-ઈીબ સ્થાપવાનું આયોજન.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ રજૂ કરેલા ૨૦૨૫-૨૬ના

# બજેટને આવકારતા જીલ્લા ભાજપના આગેવાનો

## બજેટ ખેડૂતોના હિતમાં, પ્રજાલક્ષી અને રાજ્યના વિકાસલક્ષી બજેટ : દવે, ઢોલરીયા, જાડેજા, હેરભા, માંકડિયા



રાજકોટ મિરર, તા.૨૦

રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવેએ જણાવ્યું હતું કે,૨૦૨૫-૨૬ના વર્ષના ગુજરાતના બજેટને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું-ની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટ છે.

રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે,આ માટે રૂ. ૫૦ હજાર કરોડના પ્રાવધાન સાથે વિકસિત ગુજરાત ફંડની સ્થાપનાને તેમણે મહત્વપૂર્ણ ગણાવી છે. રાજ્યના અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂ.૩.૭૦ લાખ કરોડના આ બજેટમાં કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તૂલનાએ ૨૧.૮% નો વધારો એ વિકાસ માટેની પ્રતિબદ્ધતા છે

રાજકોટ જીલ્લા ભાજપમહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે,પ્રગતિ અને ઉન્નતિના નિત નવા આયામો સર કરતા ગુજરાતના સૌ નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો સફળ પ્રયાસ આ બજેટમાં થયો છે. અત્યાર સુધીમાં વિકાસની રાહ પર જ્યાં ગુજરાત છે તેનાથી વધુ ગતિએ ક્વોન્ટમ જમ્પ સાથે આગળ વધવાનું પ્રતિબિંબ આ બજેટમાં ઝિલાતું હોવાનો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. ઈન્ફાસ્ટ્રક્ચર અને કનેક્ટિવીટી માટે આ બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓને આવકારતા જણાવ્યું હતું કે, વિકસિત ગુજરાત માટે છ રિજીયોનલ ઈકોનોમિક પ્લાન તૈયાર કરવામાં આવશે. સુરત રિજન, અમદાવાદ રિજન, વડોદરા રિજન, રાજકોટ રિજન, સૌરાષ્ટ્ર કોસ્ટલ રિજન અને કચ્છ રિજન એમ કુલ છ ગ્રોથ હબ બનાવવાનું આ બજેટમાં પ્રાવધાન છે. સમગ્ર રાજ્યમાં વ્યાપક વર્લ્ડ ક્લાસ રોડ નેટવર્કનું માળખું સ્થપાય તે માટે આ બજેટમાં કામોના આયોજનની ભૂમિકા આપી હતી. વિકસિત ગુજરાતની દિશાને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને ૧૨ નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે. નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી હરેશભાઈ હેરભાએ જણાવ્યું હતું કે,સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાના પ્રાવધાન અંગે જણાવ્યું હતું કે આ માર્ગોના વિકાસથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ કનેક્ટિવીટી મળશે.આ ઉપરાંત રાજ્યમાં પ્રવાસીઓને વધુ સુવિધા પૂરી પાડવા માટે દાહોદ ખાતે નવા એરપોર્ટના નિર્માણની જાહેરાત તેમજ વડોદરા, સુરત, ભાવનગર અને પોરબંદર એરપોર્ટના અપગ્રેડેશન દ્વારા એરકનેક્ટિવીટી સુદ્રઢ કરવાની બાબતને પણ શ્રીએ વધાવી હતી. રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા અંબાજી કોરિડોર અને ધરોઈ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો વિકાસ કરા.

રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી રવિભાઈ માંકડિયાએ જણાવ્યું હતું કે,રાજ્યના વર્લ્ડ ક્લાસ ડેવલપમેન્ટને વધુ ગતિ આપવા માટે ૨૦૨૫ના સમગ્ર વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવશે. આ માટે સમગ્રતયા શહેરી વિકાસના બજેટમાં ૪૦%નો વધારો કરીને વધુ ૩૧ હજાર કરોડ રૂપિયા આ બજેટમાં ફાળવ્યા છે. આ સાથે જ નવી રચાયેલી મહાનગરપાલિકાઓ માટે માળખાકીય વિકાસ સહિતના કામો માટે આ બજેટમાં નાણાંકીય ફાળવણી કરવામાં આવી છે.વડાપ્રધાનશ્રીએ જળસંચય માટે કરેલા આહવાનને આગળ ધપાવવા માટે ગુજરાતના શહેરી ક્ષેત્રોમાં જનભાગીદારીથી 'કેચ ધ રેઈન' અભિયાન શરૂ કરીને ભૂગર્ભ જળ ઊંચા લાવવાની મુહિમ ઉપાડવામાં આવશે એમ તેઓએ જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રીએ દરેક વ્યક્તિને માથે પાકી છત હોય એવું સપનું સેવ્યું છે, તે પ્રધાનમંત્રી આવાસ યોજનાથી સાકાર થઈ રહ્યું છે. રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના માટે અપાતી સહાયમાં ૫૦ હજાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. હવે દરેક લાભાર્થીને રૂ. ૧ લાખ ૭૦ હજારની સહાય આપવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે એમ શ્રીએ ઉમેર્યું હતું. આદિજાતિના વિકાસ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં વનબંધુઓના વિકાસ માટે ૩૦ હજાર કરોડ રૂપિયા બજેટમાં ફાળવ્યા છે.

બજેટમાં ફાળવાયેલી આ રકમથી આદિજાતિ વિસ્તારોમાં ઘર આંગણે શિક્ષણ, રોજગાર અને માળખાકીય સુવિધા વધારવાની નેમ શ્રીએ વ્યક્ત કરી હતી. રાજ્યના મત્સ્યોદ્યોગના સર્વાંગી વિકાસ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ફિશરીઝ એટલે કે બ્લૂ ઈકોનોમીને વેગ આપવા ગુજરાત પ્રતિબદ્ધ છે.

સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત મત્સ્યોદ્યોગમાં અગ્રેસર છે અને મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને એમ્પ્લોયમેન્ટ જનરેશન માટે અભૂતપૂર્વ ૧૬૨૨ કરોડ રૂપિયાની માતબર રકમનું પેકેજ બજેટમાં જાહેર કરવામાં આવ્યું છે. આ પેકેજ દ્વારા માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ,સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. દેશની કૃષિ ક્રાંતિનો આધાર કૃષિ ક્ષેત્ર આધુનિક બને અને અન્નદાતા વધુ સક્ષમ બને તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. કૃષિ ક્ષેત્ર માટે રૂ. ૧૬૧૨ કરોડ બજેટમાં ફાળવીને રાજ્યના ખેડૂતો અને ખેતીનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, કૃષિ ઉત્પાદનના વેલ્યૂ એડિશન દ્વારા ખેડૂતની આવક વધારવા એગ્રો પ્રોસેસિંગ એન્ડ પ્રમોશન માટે આ બજેટમાં પ્રાવધાન છે તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.આ બજેટમાં યુવાઓ, નારીશક્તિ અને બાળકોના પોષણ માટે પણ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.યુવાશક્તિ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેકનિકલ સંસ્થાઓમાં એ.આઈ. લેબ અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા ચાર રિજિયનમાં આઈ-હબની સ્થાપનાને તેમણે આવકારી હતી.

નારીશકિતના સશકિતકરણ અને આત્મનિર્ભરતા માટે નવી મહત્વપૂર્ણ યોજના 'સખી સાહસ યોજના' ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે. ઉજ્જ્વળ આવતીકાલ સમા બાળકોના પોષણનો પણ આ બજેટમાં ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ માટે ગત વર્ષના બજેટ કરતા ૨૫ ટકાનો વધારો કરીને ૮૪૬૦ કરોડનું બજેટ ફાળવ્યું છે.રાજ્યના આર્થિક વિકાસની સાથે સાથે સામાજિક સુરક્ષાની પણ દરકાર સરકારે કરી છે. તે સંદર્ભમાં જણાવ્યું હતું કે, જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં આપવામાં આવતા વીમા સુરક્ષા કવચને બમણું એટલે કે બે લાખથી ચાર લાખ કરવામાં આવ્યું છે. આ વીમા કવચનો લાભ લગભગ ૪ કરોડ ૪૫ લાખથી વધુ લોકોને મળશે એમ પણ ઉમેર્યું હતું.તેમણે દિવ્યાંગજનો પ્રત્યેની સંવેદના વ્યક્ત કરતા કહ્યું હતું કે, દિવ્યાંગો માટેની પાત્રતા ૮૦ ટકાથી ઘટાડીને ૬૦ ટકા કરી છે. આના પરિણામે ૮૫ હજારથી વધુ દિવ્યાંગો લાભાર્થી બનશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં સમગ્ર દેશ નેશન ફર્સ્ટની ભાવનાથી આગળ વધી રહ્યો છે. ગુજરાતનું આ જનકલ્યાણકારી બજેટ રાજ્યના પ્રત્યેક નાગરિકને વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટે વિકસિત ગુજરાતનું નિર્માણ કરવા યોગદાન આપવા પ્રેરિત કરશે તેવું સાંસદ અને ધારાસભ્યો તેમજ રાજકોટ જીલ્લા ભાજપ હોદેદારો, મંડલના પ્રમુખ,મહામંત્રીઓ, ચુટાયેલા હોદેદારો, જીલ્લા સેલ, મોરચાના હોદેદારો સહીતના કાર્યકર્તાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ગોંડલમાંથી સગીરાનું અપહરણ કરનાર પડધરીમાંથી ઝડપાયો

## ભોગ બનનારને શોધી કાઢતી ગોંડલ સીટી પોલીસ



રાજકોટ મિરર, તા.૨૦

ગોંડલમાંથી કિશોરીનું અપહરણ કરી ગયેલા શખ્શને ગ્રામ્ય એલસીબીએ પડધરીમાંથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ ગત તા. ૫ ફેબ્રુઆરીના રોજ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમા સગીરવયની દિકરીને આરોપી વિક્રમ સસ્તે લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયેલની ફરીયાદ કરાઈ હતી. આ ગુન્હાની તપાસ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.સી.ડામોરએ ચલાવી રહ્યા હોય ઉપરોક્ત ગુન્હા સબંધે રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર યાદવ તથા રાજકોટના જીલ્લા પોલીસ વડા હિમકરસિંહએ આરોપીને શોધી કાઢવા સુચના આપી હતી. જે અનુસંધાને ગોંડલ ડિવીજનના નાયબ પોલીસ અધીક્ષક કે.જી. ઝાલાના સીધા માર્ગદર્શન અન્વયે ગોંડલ સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ સી.ડામોરએ આરોપીને શોધી કાઢવા અલગ અલગ ટીમો બનાવી આરોપીની શોધખોળ શરૂ કરી, ટેકનીકલ સોર્સ અને હ્યુમન સોર્સ આધારે આરોપીની હક્કિત મેળવતા આરોપી તેમજ બોગબનનાર પડધરી ખાતે હોવાની હક્કિત મળતા ગોંડલ સીટી પોલીસ સ્ટાફની ટીમ પડધરી ખાતે મોકલી આરોપીને શોધી કાઢી, ગોંડલ સીટી પોલીસ સ્ટેશન લઈ આવતા આરોપી વિરૂધ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. વિક્રમ ચંદ્રસિંહ સસ્તે (ઉ.વ.૨૨, રહે-કુશપુર તા.પાટી જી.બડવાની, રાજ્ય-મધ્યપ્રદેશ)ને પકડવામાં રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી.ઓડેદરા, પો.કોન્સ. ભાવેશભાઇ મકવાણા, ગોંડલ સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.સી. ડામોર, પો.હેડ.કોન્સ. ખોડુભા વી. જાડેજા, યુવરાજસિંહ બી. ગોહિલ, પો.કોન્સ.હરેશભાઇ એસ. લુણી, ભાવેશભાઇ પી. સાસીયા તથા રણજીતભાઇ કે. બોરડ રોકાયા હતા.

# ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખપદે ગીતાબેન પટેલની નિયુક્તિ

## રાજસ્થાન અને ગોવાનાં મહિલા કોંગ્રેસ પ્રમુખોની પણ નિમણૂક



રાજકોટ મિરર તા. ૨૦

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખપદે ગીતાબેન પટેલની વરણી કરાઈ છે. અત્રે એ નોંધનીય છે કે, ૨૦૧૫માં ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ગીતાબેન પટેલ ચૂંટણી જીત્યા હતા. હવે જેનીબેન ઠુંમરનું સ્થાન ગીતાબેન પટેલ સંભાળશે. ચૂંટણી પરિણામ બાદ રાજ્ય કોંગ્રેસમાં મોટા ફેરફાર થઇ રહ્યા છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો રકાસ થયો છે. ત્યારે હવે પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ તરીકે ગીતાબેન પટેલની નિમણૂક કરવામાં આવી છે. ગીતાબેન પટેલ છેલ્લા કેટલાય વર્ષોથી કોંગ્રેસમાં સક્રિય ભૂમિકામાં ભજવી રહ્યા છે. જો કે, હવે જેનીબેન ઠુમ્મરનાં સ્થાને ગીતાબેન પટેલ પાર્ટીની કમાન સંભાળશે. આ સાથે રાજસ્થાન અને ગોવાનાં મહિલા કોંગ્રેસ પ્રમુખોની પણ નિમણૂક કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ પદે ગીતાબેન પટેલની વરણી કરવામાં આવતાં તેમના શુભચિંતકો અને નિકટતમ વર્તુળોમાં આનંદ છવાયો છે તેમજ હિતેચ્છુઓએ તેમના પર અભિનંદન વર્ષા કરી છે. આ તકે પક્ષમાં સંગઠન મજબૂત કરે તેમજ સમયાંતરે પ્રજાના પ્રશ્નો હલ કરાવવા માટે સરકારમાં રજૂઆતો કરતાં રહે તેવી તેમના હિતેચ્છુઓની અપેક્ષા છે.

# વાડાસડાના પાટીયા પાસેથી દેશી દારૂ ભરેલી કાર સાથે ગોમટાનો પગુભા ઝડપાયો

## જેતપુર તાલુકા પોલીસે દારૂ, કાર મળી રૂ.૨.૨૦ લાખનો મુદ્દામાલ કર્યો કબજે



રાજકોટ મિરર, તા. ૨૦

જેતપુર તાલુકાના વાડાસડા નજીકથી દેશી દારૂ ભરેલી કાર સાથે ગોમટાના બુટલેગરને ઝડપી લઈને જેતપુર તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જેતપુર તાલુકા પોલીસના એ.એમ.હેરમા સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં

હતા ત્યારે સર્વેલન્સ ટીમને મળેલી બાતમીના આધારે સુલતાનપુર-વાડાસડા ગામના પાટીયા પાસેથી નીકળેલી કારને રોકી તલાશી લેતા તેમાંથી ૩૫૦ લીટર દેશી દારૂ પોલીસના હાથ લાગ્યો હતો.

પૂછપરછ દરમિયાન કાર ચાલક પલકરાજસિંહ ઉર્ફે પગુભા વિક્રમસિંહ ગોહિલ ( ઉ.વ.૨૮, રહે.ગોમટા તા.ગોંડલ) હોવાનું બહાર આવતા પોલીસે ૭૦ હજારનો દારુ, ૧.૫૦ લાખની કાર મળી રૂ.૨.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. પગુને પકડવામાં જેતપુર તાલુકા પોલીસના પીઆઈ એ.એમ.હેરમા, સ્ટાફના ભુરાભાઈ માલીવાડ, ભીખુભાઈ ગોહેલ, અજીતભાઇ ગંભીર, હાર્દીક ભીંભા વિગેરે રોકાયા હતા.

# ગોંડલ : બે માળનું મકાન ધરાશયી મહીલાનું મોતઃ માતા-પુત્ર સારવાર હેઠળ

ગોંડલ તા.૨૧ રેલ્વેસ્ટેશન ચોકમાં પાનનો ગલ્લો ચલાવતા અને સહજાનંદનગર ગરબીચોકનાં ખુણે રહેતા સુનિલભાઇ આશાનંદ વરધાણી ઉ.૫૦ નું બે માળનું મકાન સવારે સાડાસાત કલાકે ધડાકાભેર ધરાશઇ થતા મકાન માં સુતેલા સુનિલભાઇ તેમનાં પત્નિ ઉષાબેન ઉ.૪૦ તથા માતા નીતાબેન ઉ.૭૦ કાટમાળ હેઠળ દબાઇ ગયા હતા. જેમા ઉષાબેનનું મોત નિપજ્યુ હતુ.જ્યારે સુનિલભાઇ તથા તેમની માતાને ગંભીર ઇજાઓ પંહોચી હતી.

બનાવનાં પગલે પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજા,ગણેશભાઈ, અશોકભાઈ પીપળીયા તથા નગરપાલિકા પ્રમુખ અશ્વીનભાઇ રૈયાણી સહિત આગેવાનો દોડી આવ્યા હતા. બી'ડીવીઝન પીઆઇ ગોસાઇ, પીએસઆઇ ઝાલા સહિત પોલીસ સ્ટાફ પણ ઘટના સ્થળે પંહોચ્યો હતો.

ફાયર ટીમ દ્વારા ચાર કલાક નું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ઇજાગ્રસ્ત માતા પુત્ર ને મલબામાં થી બહાર કાઢ્યા હતા. મકાન જમીનદોસ્ત થતા ઘરમાં રહેલી ફ્રીજ,ટીવી,એસી સહીત ઘરવખરીનો કચ્ચરઘાણ બોલી ગયો હતો.

## ચોટીલાની સિદ્ધનાથ કોટેક્ષ કંપનીના ડીરેક્ટરોને ચેક રીટર્ન કેસમાં કોર્ટમાં હાજર થવા હુકમ

# રૂા.૨૯,૫૮,૯૯૬નું લેણું વસુલવા રાજકોટના વેપારીની કોર્ટમાં ફરિયાદ



સુરેશ ફળદુ

રાજકોટ મિરર, તા.૨૦

રાજકોટ રહેતા વેપારીનીની જસદણ સ્થિત પેઢીમાંથી માલ ખરીદી સામે આપેલો રૂ.૨૬.૫૮ લાખનો ચેક વસુલાયા વગર બેન્કમાંથી પરત ફરતા, કોર્ટમાં ફરિયાદ કરવામાં આવતા કોર્ટે ચોટીલાની સિદ્ધનાથ કોટેક્ષ કંપનીના ડીરેક્ટરોને કોર્ટમાં હાજર થવા આદેશ કર્યો છે.

ચોટીલા થાન રોડ ઉપર આવેલ સિધ્ધનાથ કોટેક્ષ એન્ડ સ્પીનીંગ મીલના ડાયરેકટરોએ સૌરાષ્ટ્રના અનેક ખેડુતો તથા વેપારીઓ પાસેથી માલ પૈસા ન ચુકવતા તે અન્વયે આ કંપનીના ડારેકટરો વિરુદ્ધ ગુન્હો પણ દાખલ થયો હતો. તે ઉપરાંત કાયદેસરના માલના લેણા પેટે જુદા જુદા લોકોને ઈસ્યુ કરી આપેલ ચેકો પૈકી શાહ રમેશચંન્દ્ ભગવાનલાલ પ્રાપરાઈટર પેઢી જોગ માલના લેણમ પેટે ઈસ્યુ કરી આપેલ રકમ .૨૬,૫૮,૯૯૬/- નો ચેક રીટર્ન થતા રાજકોટની કોર્ટમાં આ કંપની અને તેના ડાયરેક્ટર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવતા રાજકોટના એડી. ચીફ જયુડી. મેજી.એ કંપની અને તેના ડાયરેકટર વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતો હુકમ કર્યો છે.

કેસની હકીકત જોઈએ તો રમજકોટમાં વ્હોકાર્ટ હોસ્પીટલ પાસે રહેતા રમેશચંન્દ્ જીવાણી જસદણ મુકામે શાહ રમેશચંન્દ્ ભગવાનલાલ નામની પ્રોપરાઈટર પેઢી ધરાવતા હોય, તેમની પાસેથી આરોપી કંપનીએ અગાઉ લાખો રૂપીયાનો માલ ખરીદ કરી બાદમાં તેનું પેમેન્ટ કરી દઈ તે રીતે વિશ્વાસ સંપાદીત કરી છેલ્લે રકમ રૂા.૨૯,૭૯,૯૪૯/- નો માલ ખરીદ કરી તેમાથી કવોલીટી એલાઉન્સ/ડેબીટ નોટની રકમ રૂમ.૧૮,૧૦૧/- તથા બે બીલોના ટી.ડી.એસ.ની રકમ .૫૧૨૧ તથા રકમ ૨૫૫૨/- બાદ કરી રકમ રૂા.૨૯,૫૮,૯૯૬/-નું ફરીયાદીનું માલ પેટેનું કાયદેસરનું લેણુ અદા કરવા આરોપી કંપની વતી તેના ડાયરેકટરોએ ફરીયાદી પેઢી જોગ ચેક આપ્યો હતો.

જે ચેક બેન્કમાંથી વસુલાયા વગર પરત ફરતા પેમેન્ટ ચુકવવા નોટીસ આપવા છતાં આરોપી કંપનીના ડીરેક્ટરોએ કોઈ સહકાર ન આપતા તમામ સામે કોર્ટમાં ફરિયાદ નોંધાવાઈ હતી. તે અન્વય સિધ્ધનાથ કોટેક્ષ પ્રા.લી. અને તેના ડાયરેક્ટરો વીરેન સુરેશભાઈ લુણમગરીયા, દર્શનભાઈ રમણીકભાઈ ભાલાળાને અદાલતમાં હાજર થવા સમન્સ ઈસ્યુ કરતો હુકમ કરાયો છે.

આ કેસમાં ફરીયાદી શાહ રમેશચંન્દ્ઠ ભગવાનજીલાલ પેઢી વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંયાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, તથા મદદમાં યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, જયમલ મકવાણા રોકાયા હતાં.

# દારૂની ૩૮૪ બોટલ સાથે ૩ ઝડપાયા

## રૂ. ૭.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કરતી એ ડીવીઝન અને બી ડીવીઝન પોલીસ



રાજકોટ મિરર તા. ૨૦

શહેરના જુદા જુદા બે દરોડમાં પોલીસે દારૂની ૩૮૪ બોટલ સાથે રૂ. ૭.૧૫ લાખનો મુદ્દમાલ સહીત ૩ શખ્શોને ઝડપી કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ પી .સી.બી. પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. મહિપાલસિંહ ઝાલા, હેડ. કોન્સ. ઘનશ્યામસિંહ ચોહાણ સહીતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન બેડી ચોકડીથી માલીયાસણ ચોકડી પાસે પહોચ્યો ત્યારે બાતમી મળી હતી કે બેડી ચોકડીથી માલીયાસણ ચોકડી તરફ જતા પુલ પાસે આવેલી ગોપાલ રેસીડન્સી શેરી નં. ૧ના ખૂણે કોટેશ્વર મહાદેવના મંદિર પાસે જી.જે. ૦૩ એફ. ડી.૦૯૮૫ નંબરની કાર ઉભી છે. જેમાં વિદેશી દારૂની બોટલો છે. આવી બાતમી મળતા પોલીસે દરોડો પાડી ૨ શખ્શોને ઝડપી પાડ્યા હતા. જેમાં પોલીસે ગ્રીનલેન્ડ ચોકડી પાસે શિવનગર શેરી નંબર એકમાં રહેતો મગન રાયસીંગભાઇ રોજાસરા અને આ દારૂનો જથ્થો ગોપાલનગર શેરી નંબર ૧માં રહેતો રાજેશ ઉર્ફે ભોપલો કિશોરભાઈ ચાવડાનું હોવાનું બહાર આવતા તેમને પણ ઝડપી લેવાયો હતો. પોલીસે તપાસ કરતા કારમાંથી વિદેશી દારૂની ૩૨૪ બોટલ મળી આવી હતી. દારૂની બોટલ અને કાર સાથે રૂ.૬,૦૫,૧૪૦નો મુદ્દામાલ કબજે કરી બી-ડીવીઝન પોલીસ મથકમાં ગુન્હો નોંધી કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં દરોડા પી.સી.બી. પોલીસના હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા સહિતના સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન નવયુગ પરા મુસ્કાન જનરલ સ્ટોર પાસે બાત મેં મળી હતી કે મનોજ સરવૈયા નામનો શખ્સ મુસ્કાન જનરલ સ્ટોર વાળી શેરીમાં નદીના કાંઠે જીજે ૦૩ એએક્સ ૪૫૬૬ નંબરની રીક્ષા લઈને દારૂ સાથે ઉભો છે. પોલીસે બાતમીવાળી જગ્યાએથી ત્રતીકી ભાવનગર રોડ મનહર સોસાયટી શેરી નંબર-૧ માં રહેતા મનોજ કિશોરભાઈ સરવૈયાને દારૂની ૬૦ બોટલો સાથે ઝડપી લીધો હતો. પોલીસે દારૂની બોટલ સહિત રૂ. ૧,૧૦,૩૮૦નો મુદ્દામાલ કબજે લઈને મનોજ સામે એ ડીવીઝન પોલીસ ગુન્હો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.